દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 141 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ સુદ- ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 16 June 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૧૬ જૂન ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અમેરિકા-ઈરાન ‘ડન’ ડીલ આડે બે વિઘ્ન

**શુક્રવારે જીનિવામાં શાંતિકરાર કરવાની જાહેરાત તો થઈ પણ ઈરાનની જપ્ત કરાયેલી સંપત્તિઓ તથા ઈઝરાયલ-હિઝબુલ્લાહ સંગ્રામ વિશે ઘણી અસ્પષ્ટતા: હોર્મુઝની ખાડી ખોલવાની ઘોષણ છતાં રાતોરાત ઈંધણની કટોકટીનો અંત નહીં આવે અને રાબેતો સ્થપાતા હજી મહિનાઓ નીકળી જાય એવી શક્યતા**

વૉશિંગ્ટન: ઈરાન સાથેના યુદ્ધનો અંત આણવા શાંતિકરાર અંગે ચાલી રહેલી સમજૂતીને અંતિમ સ્વરૂપ આપી દેવામાં આવ્યું હોવાની અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી. અમેરિકા-ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે વિશ્વભરમાં ઊર્જાની કટોકટી સર્જાઈ હતી. પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફના જણાવ્યા અનુસાર ૧૯ જૂને સ્વિટ્ઝર્લેન્ડના જીનિવામાં આ કરાર પર સહી કરવામાં આવશે. આમ તો બધું અત્યારે પાકું થઈ ગયું હોવાનું લાગે છે પરંતુ ઇરાનની જપ્ત કરાયેલી સંપત્તિઓમાં કેટલી પરથી પ્રતિબંધ ઉઠાવી લેવાશે તથા ઇઝરાયલે જ્યારે કરારને માનવાનો ઇનકાર કરી દીધો છે ત્યારે લેબેનોનમાં હિઝબુલ્લાહ સાથેની લડાઈ ચાલુ રહેશે કે બંધ કરાવાશે એ વિશે અસ્પષ્ટતા છે. રવિવારે મોડી રાત્રે હોર્મુઝની ખાડી ખોલવાની ઘોષણ અમેરિકાએ કરી છે અને ઇરાન કહે છે કે કરાર થયા પછી ખોલાશે. જોકે આમ છતાં ઇંધણની કટોકટી અને ઓઇલ-ગૅસ ટૅન્કરોની આવ-જા રાબેતા મુજબ થતા મહિનાઓ લાગી શકે છે.

સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં ટ્રમ્પે લખ્યું હતું કે ઈસ્લામિક રિપબ્લિક ઑફ ઈરાન સાથે કરાર અંગે જે સમજૂતી ચાલી રહી હતી તે હવે પૂરી થઈ ગઈ છે અને

(જુઓ પાનું ૨) ▶▶

## કરાર કેવો ને શાંતિ કેવી? ઈઝરાયલ આડું ફાટ્યું છે

### લેબેનોન, સિરિયા, ગાઝામાં કબજે કરેલી જમીન પરથી ખસવાનો ઈનકાર

તેલ અવીવ: અમેરિકા અને ઇરાન વચ્ચે શાંતિકરાર કરવામાં આવ્યા હોવા વચ્ચે ઈઝરાયલના સંરક્ષણ પ્રધાન કાત્ઝએ સોમવારે કહ્યું હતું કે લૅબેનોન, સિરિયા, ગાઝામાં કબજે કરેલી જમીન પરથી ઇઝરાયલ નહીં ખસે. વચગાળાના કરાર અંગેની જાહેરાત (જુઓ પાનું ૨) ▶▶

## ઍડવાન્ટેજ ઈન્ડિયા: નિકાસ વધશે, રૂપિયો સ્થિર થશે

નવી દિલ્હી: અમેરિકા-ઈરાન વચ્ચે શાંતિકરાર અંગે સમજૂતી સધાઈ હોવાની જાહેરાત અમેરિકા-ઇરાન વચ્ચેના ૧૦૭ દિવસના યુદ્ધનો અંત આણશે અને હોર્મુઝ સામુદ્રધુની પહેલાની જેમ ફરી ખૂસી જશે જે ઉત્પાદનની પ્રક્રિયાને વેગ આપવામાં, પશ્ચિમ એશિયાના દેશોમાં ભારતની નિકાસ વધારવામાં અને રૂપિયાને સ્થિર કરવામાં મદદરૂપ થશે એમ નિષ્ણાતોએ કહ્યું હતું. અમેરિકા-ઇરાન કરારને સળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવશે તો તેને કારણે ભારતના આયાત બિલ, મોંઘવારી પરનું દબાણ ઘટાડશે અને વેપાર માટે યોગ્ય વાતાવરણ ઊભું કરશે. અમેરિકા-ઇરાન વચ્ચેના શાંતિકરાર પર ૧૯ જૂને સ્ટ્ઝિર્લેન્ડમાં સહી કરવામાં આવશે. અમેરિકા-

(જુઓ પાનું ૨) ▶▶

## મોદીએ કર્યું સ્વાગત

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે પશ્ચિમ એશિયામાં સંઘર્ષ સમાપ્ત કરવા માટે અમેરિકા અને ઇરાન વચ્ચે થયેલા કરારનું સ્વાગત કર્યું હતું. તેમણે આશા વ્યક્ત કરી કે આ સંમતિના અમલથી પ્રદેશમાં શાંતિ પુનઃસ્થાપિત થશે. તેમજ દરિયાઇ અવર-જવરની સ્વતંત્રતા સુનિશ્ચિત થશે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે અમેરિકા અને ઇરાન વચ્ચે ૧૦૭ દિવસના લાંબા યુદ્ધનો અંત લાવવા માટે એક કરારને અંતિમ ઓપ આપવામાં આવ્યો છે. આ યુદ્ધને કારણે વિશ્વભરમાં

(જુઓ પાનું ૨) ▶▶

## જીનિવામાં મેજબાની પાકિસ્તાન કરશે

ઇસ્લામાબાદ: પાકિસ્તાન સ્વિટઝર્લેન્ડમાં અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર પર હસ્તાક્ષર સમારોહનું યજમાન બનશે, એમ વડા પ્રધાન શાહબાઝ શરીફે સોમવારે જણાવ્યું હતું.

શાહબાઝે સંસદનેવૈશ્વિક ઊર્જા માળખાને જોખમમાં મૂકતા સંઘર્ષને સમાપ્ત કરવા માટે પાકિસ્તાનના પ્રયાસો અંગે માહિતી આપતા જણાવ્યું કે આ માત્ર બે દેશો

(જુઓ પાનું ૨) ▶▶

## વૈભવ વીફર્યો, મારામારી પર આવ્યો



વૈભવ સૂર્યવંશી સુપર ઑવરમાં મૅચ પૂરી કરવામાં નિષ્ફળ જતાં મેદાન પર વિવાદ થયો હતો. શ્રીલંકાના ખેલાડીઓ સાથે વૈભવ ઝઘડી પડ્યો હતો સૂર્યાંશ શેડગેએ વૈભવને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો. વૈભવ એવો તો વીફર્યો હતો કે મારામારી પર આવી ગયો હતો. શ્રીલંકાના દમ્બુલામાં ઇન્ડિયા-એની ટીમને ટ્રાઈ સિરીઝમાં શ્રીલંકા-એની ટીમ સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો.

મેચ ટાઇ થઈ એ પછી ઇન્ડિયા-એ તરફથી વૈભવ સૂર્યવંશી અને સૂર્યાંશ શેડગે સુપર ઑવરમાં બૅટિંગ કરવા મેદાનમાં ઉતર્યા હતા.શ્રીલંકા-એ ટીમના વિજયથી મેદાન પર ધમાલ મચી ગઈ હતી. શ્રીલંકાના ખેલાડીઓ વિજયની ઉજવણી કરી રહ્યા હતા ત્યારે ગરબડ ઊભી થઈ હતી. એક અહેવાલ મુજબ શ્રીલંકાની ટીમ જે રીતે ઉજવણી કરી રહી હતી એ રીતથી વૈભવ ગુસ્સે થયો હતો. વૈભવ સૂર્યવંશીની શ્રીલંકાના ખેલાડીઓ સાથે ધક્કમુક્કી થઈ હતી. મામલો એટલી હદે બગડી ગયો હતો કે ખેલાડીઓ મારપીટ પર આવી ગયા હતા. વૈભવનો ગુસ્સો ચર્ચાનો વિષય બની ગયો હતો. વૈભવ સૂર્યવંશી કોઈ વાતથી નારાજ થઈ ગયો અને શ્રીલંકાના એક ફિલ્ડર સાથે તેનો ઝઘડો થયો હતો. શેડગે સાથી ખેલાડી ‘બેબી બોસ’ વૈભવને પાછો ખેંચી લાવ્યો હતો, પરંતુ ૧૫ વર્ષનો વૈભવ મેદાન છોડવાના મૂડમાં નહોતો. સોશ્યલ મીડિયા પર આ વીડિયો ઝડપથી વાઈરલ થયો હતો.

અહેવાલ ૮



સ્લોવાકિયાના બ્રાટિસ્લાવાની મુલાકાત દરમિયાન વડા પ્રધાન રૉબર્ટ ફિકો સાથે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (એજન્સી)

## મોંઘવારી આસમાને: જથ્થાબંધ ફુગાવો ૯.૬૮ ટકાના વિક્રમી સ્તરે

નવી દિલ્હી: ઇંધણ અને વીજળીના ભાવમાં તીવ્ર વધારાને કારણે મે મહિનામાં હોલસેલ પ્રાઇસ ઇન્ફ્લેશન વધીને ૯.૬૮ ટકા થયો, જે એપ્રિલમાં ૮.૨૬ ટકા હતો, જે પશ્ચિમ એશિયા યુદ્ધથી ઉદ્ભવતા ઊર્જા આંચકાઓની અસરને પ્રતિબિંબિત કરે છે.

મે મહિનામાં જથ્થાબંધ ભાવ સૂચકાંક (ડબલ્યુપીઆઈ) આધારિત ફુગાવો ૨૦૨૨-૨૩ના આધાર વર્ષ સાથે વર્તમાન શ્રેણીમાં સૌથી વધુ છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે સોમવારે મે

(જુઓ પાનું ૨) ▶▶

## મે મહિનામાં નિકાસ ૧૮ ટકા વધીને ૪૫.૨ અબજ ડોલર

નવી દિલ્હી : વાણિજ્ય મંત્રાલયના ડૅટા અનુસાર, દેશની વેપારી નિકાસ ૧૮ ટકા વધીને ૪૫.૨ અબજ ડોલર થઈ છે. છેલ્લા છ મહિનાની આ સૌથી વધુ વિકાસ છે.

મે મહિનામાં આયાત પણ ૨૦.૬૨ ટકા વધીને ૭૩.૪૧ અબજ ડોલર થઈ, જેના કારણે વેપાર ખાધ ૨૮.૨૧ અબજ થઈ.

એપ્રિલ-મે ૨૦૨૬-૨૭ દરમિયાન ભારતની માલસામાન નિકાસ વધીને ૮૮.૯૧

(જુઓ પાનું ૨) ▶▶

## હોર્મુઝની ખાડી ખૂલી: ૬૨,૩૭૦ મેટ્રિક ટન એલએનજી સાથેનું ભારતીય જહાજ પસાર

નવી દિલ્હી: ભારતનું એલએનજી ‘દિશા’ જહાજ હોર્મુઝની ખાડી ખૂલતાની સાથે એમાંથી સુરક્ષિત રીતે પસાર થયું હતું. આ સાથે જ એલએનજી ‘દિશા’ છેલ્લા ત્રણ કરતાં પણ વધુ મહિના બાદ હોર્મુઝમાંથી સુરક્ષિત પસાર થયેલું પ્રથમ ભારતીય જહાજ હતું.

શિપિંગ કોર્પોરેશન ઑફ ઈન્ડિયાના વડપણ હેઠળની કંપની દ્વારા સંચાલિત આ જહાજમાં ૬૨,૩૭૦ મેર્ટિક ટન એલએનજી હોવાનું શિપિંગ ખાતાના અધિકારીએ સોમવારે કહ્યું હતું.

ભારત આવી રહેલું આ જહાજ ૧૮ જૂને દહેજમાં પ્રવેશે તેવી શક્યતા છે, એમ મિનિસ્ટ્રી ઑફ પોર્ટ, શિપિંગ ઍન્ડ વૉટરવેઝના ડિરેક્ટર ઓપેશકુમાર શર્માએ કહ્યું હતું.

ભારતીય જહાજોની સુરક્ષા તેમ જ તેમની જોઈતી જરૂરી સહાય પૂરી પાડવા ડિરેક્ટર જનરલ ઑફ શિપિંગ વિદેશ ખાતા, વિદેશસ્થિત ભારતીય દૂતાવાસ અને સંબંધિત અન્ય લોકો સાથે સતત સંપર્કમાં હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

## બ્રિટનમાં ૧૬ વર્ષથી ઓછી વયનાઓ સોશ્યલ મીડિયાનો ઉપયોગ નહીં કરી શકે

લંડન: બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરે ૧૬ વર્ષની નાની ઉંમરના બાળકોના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. જેમાં હવે ૧૬ વર્ષથી નાની ઉંમરમાં બાળકો સોશ્યલ મીડિયા એપ્સ નહીં વાપરી શકે. બ્રિટનના વડાપ્રધાને જાહેરાત કરી છે કે હવે ૧૬ વર્ષથી નાની ઉંમરના તમામ બાળકો માટે સોશ્યલ મીડિયા એપ્સનો ઉપયોગ પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. જેથી તેમની જીવનમાં ખુશી અને સુરક્ષા બની રહે.બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરે એક સંબોધનમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન અને નાનાં બાળકોના પિતા બંને ભૂમિકાઓ ભજવતા આ નિર્ણય યોગ્ય લાગે છે. તેમણે

(જુઓ પાનું ૨) ▶▶

## જયપુરમાં કૉક્રોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દિપકે સાથે લાફાવાળી

જયપુર: રાજસ્થાનના જયપુરમાં વિરોધ પ્રદર્શન દરમિયાન કૉક્રોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દિપકેને જ્યારે તેમના સમર્થકો ખભા પર ઉંચકીને લઇ જઇ રહ્યા હતા ત્યારે કેટલાક લોકોએ લાફાવાળી કરી હતી. આ જાણકારી પોલીસે આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર આ મામલે બે યુવકોની અટકાયત કરવામાં આવી છે. તેમજ વધુ તપાસ ચાલી રહી છે. આ ઘટના શહીદ સ્મારક ખાતે બની

(જુઓ પાનું ૨) ▶▶

## અમે ટીએમસી નથી છોડી, પક્ષના ચિહ્ન માટે દાવો કરીશું: બળવાખોર સાંસદ

નવી દિલ્હી: ટીએમસીના બળવાખોર સાંસદ અરુપ ચક્રવર્તીએ સોમવારે કહ્યું હતું કે અમે તૃણમૂલ કૉંગ્રેસ-ટીએમસી નથી છોડી અને અમે પક્ષના પ્રતીક માટે દાવો કરીશું.

બળવાખોર સાંસદના જૂથે કહ્યું હતું કે અમે પક્ષમાં સુધારો લાવવાના પ્રયાસ કરીશું અને પક્ષનું ચૂંટણી પ્રતીક માટે દાવો કરી તે મેળવવા લડીશું.

મમતા બેનરજીના વડપણ હેઠળનાં જૂથે બળવાખોર

(જુઓ પાનું ૨) ▶▶



ડીઆરડીઓએ સોમવારે સ્વદેશી બનાવટનું લૉન્ગ રેન્જ લૅન્ડ અટેક ક્રૂઝ મિસાઈલ (એલઆરએલએસીએમ) ઓડિશાસ્થિત ડો. એપીજે અબ્દુલ કલામ આઈલૅન્ડ પરથી સફળતાપૂર્વક લૉન્ચ કર્યું હતું. (એજન્સી)

## અમેરિકામાં વિમાન અકસ્માત: ૧૨ સ્કાઇડાઇવરના મોત

મિસુરી: અમેરિકાના મિસુરી રાજ્યમાંથી એક અત્યંત હૃદયદ્રાવક સમાચાર પ્રકાશમાં આવ્યા છે. અહીં રવિવારે સવારે એક ભયાનક વિમાન અકસ્માત સર્જાયો છે, જેમાં ૧૨ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હોવાનું જાણવા મળ્યું છે.

આ અકસ્માત મિસુરીના બટલર મેમોરિયલ એરપોર્ટ નજીક સ્થાનિક સમય અનુસાર સવારે ૧૧:૩૦ વાગ્યે થયો હતો. અકસ્માતનો ભોગ બનેલા તમામ લોકો સ્કાયડાઇવર્સ હતા.

મળતી માહિતી મુજબ, આ તમામ સ્કાયડાઈવર્સ પ્લેનમાં સવાર થઈને સ્કાઇડાઈવિંગ માટે આકાશ તરફ જઈ રહ્યા હતા. પરંતુ ટેક-ઓફફ કર્યાના થોડા જ સમયમાં પ્લેન અચાનક ક્રેશ થઈને રોડ કિનારે આવેલા એક ખાલી મેદાનમાં ખાબક્યું હતું. જમીન સાથે અથડાતાની સાથે જ પ્લેનમાં જોરદાર ધડાકા સાથે ભીષણ આગ લાગી ગઈ હતી, જેના કારણે પ્લેનના ટુકડે-ટુકડે થઈ ગયા હતા.

મિસુરી હાઈવે પેટ્રોલિંગ ટીમના સાર્જન્ટ જસ્ટિન ઈવિંગે આ અકસ્માતની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, ક્રેશ થયેલું વિમાન પેસિફિક એરોસ્પેસનું ’પી-૭૫૦ સ્કાઇડાઈવિંગ પ્લેન’ હતું. અકસ્માતની માહિતી મળતા જ રાહત અને બચાવ કામગીરીની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી, પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ચૂક્યું હતું. વિમાન આખું બળીને ખાખ થઈ ગયું હતું અને એકપણ મુસાફરનો જીવ બચાવી શકાયો ન હતો.



## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અમેરિકા-ઈરાન શાંતિ કરારથી ભારતને સૌથી મોટો હાશકારો

**અંતે** અમેરિકા અને ઈરાન યુદ્ધનો અંત લાવવા માટે શાંતિ કરાર કરવા સહમત થઈ ગયાં છે. અત્યાર લગી અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરારની શરતો નક્કી થઈ ગઈ હોવાની વાતો બહુ બધી વાર મીડિયામાં આવી પણ અમેરિકા અને ઈરાન બંને એક સાથે ફોડ પાડીને વાત નહોતાં કરતાં. ડોનલ્ડ ટ્રમ્પ શાંતિ કરારની શરતો નક્કી થયાની વાત કરતા તો ઈરાન આડું ફાટતું ને ઈરાન કંઈ કહે તો અમેરિ રાવણ કાઢીને ઊભું રહી જતું. આ વખતે અમેરિકા અને ઈરાન બંનેએ જાહેરાત કરી છે કે, શાંતિ કરારની શરતો નક્કી થઈ ગઈ છે ને શુક્રવારે કરાર પર સહીસિક્કા પણ થઈ જશે.

ઈઝરાયલ આ કરાર મામલે આડું ફાટ્યું છે ને અમને પૂછ્યા વિના કેમ કરારની શરતો નક્કી કરી નાંખી એવો વાંધો ઊભો કર્યો છે પણ ઈઝરાયલના વાંધાની બહુ કિંમત નથી. ઈઝરાયલ અમેરિકાનું બગલબચ્ચુ છે.

ઈઝરાયલના વડા પ્રધાન નેતન્યાહુ અમેરિકાના ઈશારે ફૂંફાડા માર્યા કરે છે કે જેથી ઈરાન દાબમાં રહે અને ઈઝરાયલની મર્દ રાષ્ટ્ર તરીકેની ઈમેજ પણ જળવાયેલી રહે. બાકી એક વાર અમેરિકાએ કહી દીધું પછી નેતન્યાહુ કે બીજા કોઈની અમેરિકાનો બોલ ઉથાપવાની હિંમત નથી. ઈઝરાયલ પણ લેબેનોન પર હુમલા કરવાનું ચાલુ રહેશે એવું કહે છે તેથી ઈરાન સાથેનું યુદ્ધ સમાપ્ત કરવામાં તો તેમને પણ વાંધો નથી.

આખી દુનિયા માટે આ બહુ મોટા સમાચાર છે કેમ કે ટ્રમ્પે એલાન કરી દીધું છે કે, આ કરાર હેઠળ હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવામાં આવશે અને ઈરાને આ વાતનો વિરોધ કર્યો નથી. ટ્રમ્પે ઈરાનનાં બંદરો ફરતે અમેરિકી નૌકાદળનાં જહાજોએ કરેલી નાકાબંધી હટાવવાની મંજૂરી પણ આપી દીધી છે. તેના કારણે હવે મિડલ ઈસ્ટમાંથી ક્રૂડ ઓઈલનો જથ્થો નિર્વિઘ્ને આખી દુનિયામાં પહોંચી શકશે.

બીજા બધા માલ-સામાનની હેરફેર પણ હવે નિરાંતે કરી શકાશે તેથી સૌને હાશકારો થશે. આપણને વધારે હાશકારો થશે કેમ કે આપણો બે બાજુથી મરો થતો હતો.

ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચી ગયા તેના કારણે આપણે આર્થિક રીતે ખુવાર થતા હતા ને હોર્મૂઝ સ્ટ્રેટ બંધ હોવાથી આપણાં જહાજો અટવાયેલાં તેથી નિકાસને પણ અસર પડેલી. એર કાર્ગો મારફતે થતી ડાયમંડ સહિતની ચીજો સિવાયની ચીજોની નિકાસ લગભગ અટકી જ ગયેલી. છેલ્લે છેલ્લે તો આપણાં જહાજો પર હુમલાનો સિલસિલો પણ ચાલુ થઈ ગયેલો. એક હુમલામાં તો આપણા ત્રણ નાવિકો પણ મરાયેલા. આપણે અમેરિકા સામે રાવ નાંખી તો અમેરિકાએ આપણને હડધૂત કરીને કાઢી મૂક્યા તેથી ઈજ્જતનો ફાલુદો થયેલો એ તો અલગ.

અમેરિકા-ઈરાન યુધ્ધ સમાપ્ત થશે એટલે આ બધું બંધ થઈ જશે ને ધંધા-ધાપા પાછા પહેલાંની જેમ ચાલુ થઈ જશે. આપણે ત્યાં તો યુદ્ધના કારણે પેટ્રોલ-ડીઝલ ને રાંધણ ગેસમાં ભાવવધારો આવ્યો તેમાં લોકો વગર લેવેદેવે લાંબા થઈ ગયેલા. વધેલા ભાવ પાછા ઘટે તો આપણાં નસીબ પણ ભાવ ના ઘટે તો પણ વધવાનો સિલસિલો અટકે તોય ઘણું છે. કમ સે કમ નવો બોજ તો આપણા પર નહીં આવે?

ટૂંકમાં અમેરિકા-ઈરાન શાંતિ કરારથી ભારત બિલકુલ ફાયદામાં જ છે. દુઃખ એક જ વાતનું છે કે, આ કરાર કરાવવાનો જશ પાકિસ્તાન ખાટી ગયું છે. આપણે ત્યાં ચાપલૂસ ટીવી ચેનલો લાંબા સમયથી એવું ધૂપ્પલ ચલાવ્યા કરે છે કે, અમેરિકા અને ઈરાન બંનેએ પાકિસ્તાનને ઝટકાવી નાંખ્યું તેથી શાહબાઝ શરીફ ઘરમાં ભરાઈને બેસી ગયા છે. આ જૂઠાણા વચ્ચે પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે જ આ સમજૂતીની સૌથી પહેલા જાહેરાત કરીને લખેલું કે, લેબેનોન સહિત તમામ મોરચે લશ્કરી કાર્યવાહી તાત્કાલિક અને કાયમ માટે રોકવા અમેરિકા અને ઈરાન સહમત થઈ ગયાં છે. શાહબાઝ શરીફે એ પણ જાહેરાત કરી કે, અમેરિકા અને ઈરાન ૧૯ જૂને સ્વિટ્ઝર્લેન્ડના જીનિવામાં શાંતિકરાર પર હસ્તાક્ષર કરશે.

ભારત માટે આ મોટી રાજદ્વારી પીછેહઠ કહેવાય કેમ કે પાકિસ્તાન અને ઈરાનના સંબંધો સારા નથી. ઈરાન શિયાઓનો દેશ છે ને પાકિસ્તાનમાં સુન્નીઓની બહુમતી છે તેથી બંને વચ્ચે બાપે માર્યાં વેર છે. ઈરાન અલગ બલુચિસ્તાનની માગને ટેકો આપે છે એ મુદ્દે બંને વચ્ચે ચકમક ઝર્યા કરે છે. બંને વચ્ચે તો થોડા મહિના પહેલાં જંગ પણ થયેલો. બંનેએ એકબીજાના વિસ્તારોમાં બોમ્બમારો કરેલો. અમેરિકા સાથે પણ પાકિસ્તાનના સંબંધો બહુ ઉષ્માપૂર્ણ નથી જ.

બીજી તરફ અમેરિકા આપણું દોસ્ત હોવાનો દાવો કરે છે. ડોનલ્ડ ટ્રમ્પ નરેન્દ્ર મોદીના દોસ્ત છે એ વાતે આપણે હરખાઈએ છીએ ને ટ્રમ્પ માય ડિયર ફ્રેન્ડ મોદી કહે તેમાં તો આપણે ગોળ ગોળ થઈ જઈએ છીએ. અમેરિકા પાસેથી શસ્ત્રોથી માંડીને ટેકનોલોજી સુધીનો કરોડોનો માલ આપણે લઈએ છીએ. ઈરાન સાથે પણ આપણા સારા સંબંધો જ છે ને યુદ્ધ શરૂ થયું પછી પણ ઈરાને આપણને મિત્ર ગણાવીને આપણાં જહાજોને પસાર થવા દેવાશે એવી ખાતરી આપી હોવાનો દાવો કરાયેલો. એ છતાં આપણાં જહાજો પર હુમલા થયા, આપણા નાવિકોની હત્યા કરાઈ ને શાંતિ મંત્રણામાં આપણો ભાવ પણ ના પૂછાયો.

આપણા વડા પ્રધાન ઈટાલીનાં વડા પ્રધાન મેલોનીને મેલોડી ખવડાવવામાં વ્યસ્ત હતા ત્યારે શાહબાઝ શરીફે અમેરિકા ને ઈરાનને મનાવીને કરાર કરવાનો તખ્તો તૈયાર કરી દીધો. આપણાં જહાજો પર હુમલાની ફરિયાદ કરી તો અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રૂબિયોએ એમ કહીને આપણને ધૂતકારી કાઢ્યા કે, મિડલ ઈસ્ટમાં અમેરિકા કહે એમ જ કરવાનું રહેશે ને અમેરિકાની વિરુધ્ધ ચાલ્યા તો હુમલા પણ થશે ને માણસો પણ મરશે. ભારત જેવા વિશ્વમાં સૌથી વધારે વસતી અને સૌથી મોટું માર્કેટ ધરાવતા દેશ સાથે અમેરિકા આ ભાષામાં વાત કરવાની ગુસ્તાખી કરી જાય એ અમેરિકાની જોહુકમી તો બતાવે જ છે પણ આપણી નબળાઈ પણ બતાવે છે કેમ કે આપણે અમેરિકાને એ જ ભાષામાં જવાબ નથી આપી શકતા.

ખેર, આ બધા બળાપાનો મતલબ નથી. મુખ્ય વાત તો મિડલ ઈસ્ટમાં ફરી સ્થપાનારી શાંતિ છે. અમેરિકા અને ઈરાનના બે મહિનાથી ચાલતા યુદ્ધના કારણે આખી દુનિયામાં બધું સખળડખળ થઈ ગયું છે. શાંતિ કરારના કારણે મિડલ ઈસ્ટમાં શાંતિ થશે તો જિંદગી પાછી પૂર્વવત થવાની શરૂઆત થશે.

શાંતિ કરારના કારણે ઈરાનના ક્રૂડના વેચાણને મંજૂરી મળશે તો ભારત સહિતના દેશોને સાવ નજીકથી સસ્તામાં ક્રૂડ ઓઈલ મળતું પણ થશે. તેના કારણે પેટ્રોલ-ડીઝલ, રાંધણ ગેસના ભાવો કાબૂમાં રહેશે ને ઉદ્યોગોને અવિરત પુરવઠો મળતો રહેશે તેથી અર્થતંત્ર પણ તેજીમાં આવશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, મંગળવાર, તા. ૧૬-૬-૨૦૨૬, ચંદ્રદર્શન

- ભારતીય દિનાંક ૨૬, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ સુદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ સુદ-૨
- પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૩૦મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧લો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- નક્ષત્ર આર્દ્રા સાંજે ક. ૧૬-૧૧ સુધી, પછી પુનર્વસુ
- ચંદ્ર મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૫, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૩-૦૨, મધ્યરાત્રે ક. ૦૦-૪૫
- ઓટઃ રાત્રે ક. ૧૯-૧૨
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, નિજ જયેષ્ઠ શુક્લ – દ્વિતીયા. ચંદ્રદર્શન, ઉત્તર શૃંગોન્નતિ, મુહૂર્ત, ૪૫, સમર્ઘ, દશહરા પ્રારંભ. સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષ વાહન, દેડકો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- નિજ જયેષ્ઠ માસ સંક્ષિપ્તઃ (તા. ૧૬-૬-૨૦૨૬થી ૧૪-૭-૨૦૨૬), જયેષ્ઠ શુક્લપક્ષમાં એકમનો ક્ષય, દિવસ-૧૪, કૃષ્ણપક્ષમાં એકમની વૃદ્ધિ, એકમની વૃદ્ધિ, એકાદશીનો ક્ષય, દિવસ-૧૫ એમ કુલ આ માસમાં ૨૯ દિવસ આવે છે. પૂનમનું ચંદ્રગ્રહણ અને અમાસનું સૂર્યગ્રહણ નથી. એક અલભ્ય પંચાંગ ગણિત પ્રમાણે અધિક જયેષ્ઠ વદ-૩૦, સોમવાર, તા.૧૫-૬-૨૦૨૬ના રોજ નિજ જયેષ્ઠ સુદ એકમનો ક્ષય છે. આજના અમાસ અને પ્રતિપદાના યોગમાં સૂર્યની મિથુન સંક્રાંતિ થાય છે. ત્યારપછી નિજ જયેષ્ઠ સુદ-૨થી નિજ જયેષ્ઠ સુદ-૩૦માં સૂર્ય સંક્રાંતિ થતી નથી. આ માસના મુખ્ય પર્વમાં નિર્જલા એકાદશી, ગાયત્રી જયંતી તા. ૨૫મીએ છે. તા. ૧૧મીએ યોગિની ભાગવત એકાદશી છે. શનિ પ્રદોષ તા. ૨૭મીએ છે. તા. ૧૨ જુલાઈએ પ્રદોષ છે. તા. ૧૪મીએ દર્શ અમાસ અને અન્વાધાનનું શ્રદ્ધાવાનોમાં અત્યંત પ્રચલિત છે. વ્રત સાવિત્રી વ્રત તા. ૨૭થી તા. ૩૦ જૂન સુધી છે. નિજ જયેષ્ઠ સુદ પૂનમ સોમવાર, તા. ૨૯મીએ નક્ષત્ર મૂળ છે. પ્રારંભે સૂર્યનારાયણ મહાનક્ષત્ર મૃગશીર્ષમાં રહે છે. તા. ૨૨મીએ મહાનક્ષત્ર આર્દ્રામાં પ્રવેશે છે. વાહન ગધેડું છે. નક્ષત્ર વાહન સંયોગિયું નથી. તા. ૬ઠ્ઠી જુલાઈએ સૂર્યનારાયણ પુનર્વસુ નક્ષત્રમાં પ્રવેશે છે. વાહન અશ્વ છે. નક્ષત્ર વાહન સંયોગિયું છે. વરસાદ સારો થશે. તા. ૨૨ જૂન પછી આ માસમાં વરસાદ સારો થશે. બુધ-ગુરુ-શુક્ર જળતત્ત્વ રાશિમાં હોય સમગ્ર માસમાં એકંદરે વરસાદ સારો થશે. આ માસના મુહૂર્તઃ લગ્ન જૂનઃ તા. ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, જુલાઈઃ તા. ૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૧ ઉપનયનઃ જૂન તા. ૧૬, ૧૭, ૧૯, ૨૩, ૨૪, જુલાઈઃ તા. ૧, ૫. ખાત-ભૂમિપૂજનઃ જૂન તા. ૧૭, ૧૯, ૨૦, ૨૨, ૨૬, ૨૭, ૨૯ જુલાઈઃ તા. ૧, ૩, ૬, ૮, ૧૧, કળશ વાસ્તુઃ જૂન તા. ૧૭, તા. ૧૯, તા. ૨૭, જુલાઈઃ તા. ૧, ૪, ૮, ૧૧. સર્વદેવ પ્રતિષ્ઠાઃ જૂનઃ તા. ૧૭, ૨૧, ૨૪, જુલાઈઃ તા. ૧, ૩, ૫, ૮, ૯.
- મુહૂર્ત વિશેષઃ ઉપનયન, આજે ચંદ્રદર્શનનો મહિમા છે. શિવપૂજા, રાહુપૂજા, અગરના ઔષધીય પ્રયોગો, ઔષધ ઉપચાર, રાજ્યાભિષેક, ધજા-કળશ-પતાકા ચઢાવવી, બગીચો બનાવવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, ઘર-ખેતર-જમીન લેવડદેવડ, પ્રાણી પાળવા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર વાંચન.
- આચમનઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ તુચ્છ સ્વભાવના, ચંદ્ર-બુધ યુતિ વિચારો ફર્યા કરે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-બુધ યુતિ (તા. ૧૭)
- ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન, મંગળ-મેષ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કર્ક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

# ઈરાન-અમેરિકા શાંતિકરાર વિશે જાણવા જેવા જ મુદ્દા

### ૧. ઈરાનનો અણુ કાર્યક્રમઃ

ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે પ્રારંભિક કરાર પર હસ્તાક્ષર થયાના ૬૦ દિવસમા ઇરાનના પરમાણુ કાર્યક્રમ સાથે ડીલ કરવાની શરતોને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે અને પક્ષો તે સમયગાળો લંબાવવાનો નિર્ણય લઈ શકે છે. અમેરિકા અને ઇઝરાયલને ડર છે કે ઇરાનનો પરમાણુ કાર્યક્રમ પરમાણુ હથિયાર તરફ જઇ શકે છે - જે તેમના નેતાઓએ યુદ્ધમાં જવાનું મુખ્ય કારણ ગણાવ્યું હતું. હરાને આગ્રહ કર્યો છે કે તેનો પરમાણુ કાર્યક્રમ શાંતિપૂર્ણ છે, જોકે તેની પાસે ઘણા પરમાણુ બોમ્બ બનાવવા માટે પૂરતું ઉચ્ચ સમૃદ્ધ યુરેનિયમ છે, જો તે આમ કરવાનું પસંદ કરે તો.

### ૨. હોર્મુજ સામુદ્રધુનીઃ

અમેરિકી અધિકારીએ કહ્યું કે આ કરારમાં સ્ટ્રેટને ફરીથી ખોલવાની જોગવાઈઓ સામેલ છે. અરાઘચીએ કહ્યું કે ઇરાન એક એવો કરાર ઇચ્છે છે જે તહેરાનને સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજોને ''પ્રદાન કરેલી સેવાઓ માટે'' ચાર્જ વસૂલ કરવાની મંજૂરી આપે. ઇરાને યુદ્ધ દરમિયાન પસાર થવા માટે જહાજો પાસેથી ચાર્જ વસૂલ્યો હતો, જે અમેરિકા અને અન્ય રાષ્ટ્રોએ આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવ્યું છે. તે ઇરાન અને ઓમાનના પ્રાદેશિક જળવિસ્તારમાં આવે છે, પણ સ્ટ્રેટને લાંબા સમયથી આંતરરાષ્ટ્રીય જળ માનવામાં આવે છે .

### ૩. ઈરાન પરના પ્રતિબંધોમાં રાહતઃ

ત્રણ પ્રાદેશિક અધિકારીએ જણાવ્યું હતું કે ઊભરતા કરારમાં ઇરાન પરના પ્રતિબંધો તબક્કાવાર હટાવવા અને ટાંચમાં લીધેલી ઈરાની સંપત્તિઓને મુક્ત કરવાનો સમાવેશ થવાની અપેક્ષા છે. આ વાટાઘાટોની સંવેદનશીલતાને કારણે અધિકારીઓએ નામ ન આપવાની શરતે વાત કરી હતી.

### ૪. લેબેનોનનું શું થશે એ વિશે અસ્પષ્ટતાઃ

સોદાની જાહેરાત થયા પછી પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે કહ્યું હતું કે બંને પક્ષોએ લેબેનોન સહિત તમામ મોરચે લશ્કરી કાર્યવાહી તાત્કાલિક અને કાયમી ધોરણે સમાપ્ત કરવાની જાહેરાત કરી છે. તે સ્પષ્ટ નથી કે શું ઇઝરાયલ, જે અમેરિકા પર આધાર રાખે છે પરંતુ હમાસના ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ઇઝરાયલ પરના હુમલા પછી તેના દુશ્મનો સામે યુદ્ધ શરૂ કર્યું છે, તે આ કરાર સાથે સંમત થયું છે. ઇરાને આગ્રહ કર્યો છે કે કોઈપણ કરારમાં લેબનોનમાં યુદ્ધવિરામનો સમાવેશ થવો જોઈએ, જ્યાં ઇઝરાયલ ઇરાન સમર્થિત હિઝબુલ્લાહ આતંકવાદી જૂથ સામે લડી રહ્યું છે.

# ખાનસરે મારા ભાઈની હત્યા કરાવીઃ રોશન આનંદનો આક્ષેપ

પટણાઃ બેઉર જેલમાંથી જામીન પર બહાર આવતા જ જ્ઞાન બિંદુ કોચિંગ સેન્ટરના ડિરેક્ટર રોશન આનંદનો ગુસ્સો પ્રખ્યાત શિક્ષક ફૈઝલ ખાન ઉર્ફે ખાન સર પર ફાટી નીકળ્યો હતો. જેલની બહાર આવતા જ રોશન આનંદે મીડિયા સમક્ષ ચોંકાવનારો દાવો કર્યો હતો કે, ખાન સર અને કિસાન કોલ્ડ સ્ટોરેજના માલિક આર. એસ. પ્રસાદે એક કાવતરાના ભાગરૂપે તેમના ભાઈ પ્રિન્સ યાદવની હત્યા કરાવી દીધી છે.

રોશન આનંદે જણાવ્યું હતું કે, જ્યારે તેઓ જેલની બહાર હતા ત્યારે તેમના ભાઈને કંઈ ન થયું, પરંતુ તેઓ જેલમાં જતા જ ભાઈની હત્યા કરી દેવામાં આવી.

તેમણે આરોપ લગાવ્યો કે ખાન સરે ઘણું જૂઠ્ઠું બોલીને સમગ્ર મામલે લોકોને ગેરમાર્ગે દોર્યા છે અને પોતે સંપૂર્ણપણે નિર્દોષ હોવા છતાં તેમને આ કેસમાં ફસાવવામાં આવ્યા છે, જેના કારણે તેમનું બધું જ બરબાદ થઈ ગયું છે.

બીજી તરફ, આ સમગ્ર વિવાદમાં આરોપી અને રોશન આનંદના નાના ભાઈ પ્રિન્સ યાદવની રવિવારે નેપાળના વિરાટનગરની એક હોટલમાં શંકાસ્પદ સંજોગોમાં મોત થતાં વિવાદ વધુ ઘેરો બન્યો હતો.

## પ્રજામત

### લોકોની વાહ-વાહ શું કામની?

હાલમાં ગામડાંઓમાં અમુક જ્ઞાતિઓમાં લગ્નના ખોટા ખર્ચ ઘટાડવા માટે નિયમો બનાવવામાં આવ્યા છે. ડીજે બંધ, મહેમાનોની સંખ્યામાં કાપ, લેતીદેતીમાં વાસ્તવિકતા, પ્રીવેડિંગ સાવ જ બંધ. બહુ જ સરસ, ઉત્તમ. આજના મોંઘવારીના જમાનામાં આર્થિક સંકડાશમાં આવા ખોટા દેખાદેખીના ખર્ચની શું જરૂર? પ્રગતિશીલતામાં અવરોધ, માથા પર કર્જનું ભારણ ઓછું.

આપણા ભણેલા-ગણેલા સમાજમાં લગ્નના દિવસે ૩-૪ કલાક માટે અતિ મોંઘા પહેરવેશ કુટુંબીઓ, વર-વધૂ સહિત બધા પહેરે છે. સખત ગરમીમાં સહન ન થાય તો પણ આવો દેખાડો કેટલો વાજબી? લગ્ન થયા પછી આવાં કપડાં સંઘરવા માટે ઘરમાં નાહકની જગ્યા રોકાઈ જાય છે અને અનિચ્છાએ સંભાળવા પડે છે. લોકોની વાહ-વાહ શું કામની?

**-મહેશ વેદાંત, અંધેરી**

### મોસમ મોસમે છલકે

જીવન પણ કુદરતી દેન છે, પ્રભુનો પ્રસાદ છે. કુદરત પણ જેમ જેમ મોસમ મોસમે છલકે તેમ જીવનમાં પણ સુખની તો દુઃખની મોસમ છલકે. સુખદુઃખ તો જીવનમાં મનની માન્યતા છે, પણ સુખ શું અને દુઃખ શું એ મોસમ મોસમે છલકે. પ્રભુ, તારી જ કુદરતી કૃપાની મોસમ મોસમે જીવન ખીલતું રહે, બદલાતું રહે, તું જ તો છે જેણે જીવનરૂપી મોસમને રંગબેરંગી બનાવી, છલકાવી સ્પંદનોથી. હરેક મોસમે છલકે જીવનની મોસમ.

**-હર્ષદ દડિયા, ઘાટકોપર (ઈસ્ટ)**

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી

પહેલા પાનાનું ચાલુ

#### અમેરિકા-ઈરાન

એ બદલ તમામ લોકોને અભિનંદન. ટ્રમ્પના આ સંદેશાએ વૈશ્વિક સ્તરે ઊર્જાના બજાર પરનું દબાણ ઘટાડ્યું છે.

આ કરારને પગલે હોર્મુઝ સામુદ્રધુની ફરી ખૂલી જશે અને ઈરાનના બંદરો પરનો અમેરિકાના પ્રતિબંધ પણ હટી જશે, એમ તેમણે કહ્યું હતું.

હોર્મુઝ સામુદ્રધુનીને ફરીથી ટોલ ફ્રી કરવાની હું અનુમતિ આપું છું અને સાથે સાથે અમેરિકાના નૌકાદળ દ્વારા કરવામાં આવેલી નાકાબંધી પણ તાત્કાલિક અસરથી હટાવી લેવાની મંજૂરી આપું છું, એમ ટ્રમ્પે કહ્યું હતું.

જોકે ટ્રમ્પે બાદમાં સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં જણાવ્યું હતું કે કરાર પર સત્તાવાર રીતે સહી કર્યા બાદ હોર્મુઝ સામુદ્રધુની શુક્રવારથી ફરી ખોલવામાં આવશે.

ટ્રમ્પની ૮૦મી વર્ષગાંઠ નિમિત્તે આ કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. આ સાથે જ બંને દેશ વચ્ચે ચાલી રહેલા તુમુલ યુદ્ધ અને સઘન રાજદ્વારી વાટાઘાટનો અંત આવશે.

આ પ્રદેશના લોકોને પ્રથમ જ વાર એવો નેતા મળ્યો છે જે એ વિસ્તારમાં વાસ્તવિક શાંતિ સ્થાપવામાં તેમને મદદરૂપ થઈ શકે એમ છે એમ જણાવતાં ટ્રમ્પે કહ્યું હતું કે આ કરાર અમલમાં આવતાની સાથે જ એ વિસ્તારમાંથી સૂરંગો દૂર કરવાનો અમારો આશય પૂર્ણ થશે અને હોર્મુઝ સામુદ્રધુની બંને દિશાએથી દેશવિદેશના જહાજોની અવરજવર માટે પહેલાની જેમ ખૂલી જશે. જોકે કરારની વિગતો અંગે જાણકારી મળી નહોતી શકી. અમેરિકાના સૅનેટરોએ કરારને ઐતિહાસિક લેખાવી વધાવી લીધા હતા. અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધનો અંત આણવાની વાટાઘાટમાં કતાર અને પાકિસ્તાને મધ્યસ્થીની ભૂમિકા ભજવી હતી અને પ્રારંભમાં આઠ એપ્રિલે બંને દેશ વચ્ચે ૧૫ દિવસનો યુદ્ધવિરામ કરાવ્યો હતો અને ત્યાર બાદ યુદ્ધવિરામ આ કરાર થયા ત્યાં સુધી લંબાવ્યો હતો. ઈરાનના નાયબ વિદેશ પ્રધાન કાઝીમ ઘારીબાબાડીએ પણ કરાર અંગેના અહેવાલોને સમર્થન આપ્યું હતું અને કહ્યું હતું કે શુક્રવારે કરાર પર સહી નહીં થાય ત્યાં સુધી ઈરાન આ કરારનો અમલ નહીં કરે. અગાઉ રોષે ભરાયેલા ટ્રમ્પે ઈરાન પર હુમલો કરી ઈરાનનું તેલનું મુખ્ય અને મહત્ત્વનું કેન્દ્ર ગણાતા ખાર્ગ ટાપુ પર કબજો કરવાની ધમકી આપી હતી.

૨૮ ફેબ્રુઆરીએ અમેરિકાએ ઈરાન પર હુમલો કરી સુપ્રીમ લીડર આયાતોલ્લાહ અલી ખામનેઈ સહિત અનેક ટોચના કમાન્ડરો માર્યા ગયા હતા. (એજન્સી)

#### મોંઘવારી

મહિનામાં ડબલ્યુપીઆઈ-ફુગાવાનો ડેટા જાહેર કર્યો છે, જેમાં આધાર વર્ષ ૨૦૧૧-૧૨થી સુધારીને ૨૦૨૨-૨૩ કરવામાં આવ્યું - જે નવ વર્ષમાં પ્રથમ સુધારો છે.

નવા ડબલ્યુપીઆઈ બાસ્કેટમાં કુલ વસ્તુઓની સંખ્યા ૬૯૭થી વધીને ૯૫૭ થઈ ગઈ છે. 'વીજળી' જૂથ હેઠળ સૌર અને પવન જેવા ઉર્જાના નવા સ્ત્રોતો ઉમેરવામાં આવ્યા છે. વધુમાં, બાસ્કેટમાં પરમાણુ વીજળીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

મંત્રાલયે આઉટપુટ અને ઇનપુટ ફેક્ટરી ગેટ ભાવોને ટ્રેક કરવા માટે પ્રથમ વખત ઉત્પાદક ભાવ સૂચકાંકો (પીપીઆઈ) પણ બહાર પાડ્યા છે.

આ ઉપરાંત, સાત સેવા - બેંકિંગ, સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન, પેન્શન ફંડ્સનું સંચાલન, વીમા, રેલ્વે, હવાઈ (મુસાફર) અને ટેલિકોમ માટે સેવાઓ પીપીઆઈ બહાર પાડવામાં આવી હતી.

સરકાર આગામી પાંચ વર્ષમાં ડબલ્યુપીઆઈ ડેટા બંધ કરીને પીપીઆઈ પર શિફ્ટ થવાનો ઇરાદો ધરાવે છે, જે વૈશ્વિક શ્રેષ્ઠ પ્રથા સાથે સુસંગત છે.

''વિવિધ જૂથોમાં, ખનિજ તેલ (પેટ્રોલિયમ ઉત્પાદનો ધરાવતું), ક્રૂડ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ, રસાયણો અને રાસાયણિક ઉત્પાદનોનું ઉત્પાદન, અને મૂળભૂત ધાતુઓનું ઉત્પાદન એપ્રિલ અને મે ૨૦૨૬માં ડબલ્યુપીઆઈ ફુગાવાના મુખ્ય પરિબળો રહ્યા છે,'' તેવું વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું હતું.

બળતણ અને વીજળી ક્ષેત્ર, જે હવે વજન દ્વારા ડબલ્યુપીઆઈ ૧૪.૧ ટકા હિસ્સો ધરાવે છે અને તેમાં ક્રૂડ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ જૂથોનો પણ સમાવેશ થાય છે, મે મહિનામાં ફુગાવાના દરમાં તીવ્ર વધારો થયો હતો, જે એપ્રિલ ૨૦૨૬માં ૨૪.૮૯ ટકા હતો, જે વૈશ્વિક ઊર્જાના ભાવમાં સતત વધારો દર્શાવે છે.

#### કરાર કેવો ને

કરવામાં આવ્યા બાદ ઇઝરાયલના સંરક્ષણ પ્રધાન કાત્ઝ દ્વારા કરવામાં આવેલા આ નિવેદનને ઈઝરાયલનું પ્રથમ સત્તાવાર નિવેદન લેખવામાં આવે છે. બંને દેશ આ કરાર પર સહી કરવા શુક્રવારે જિનિવામાં મળશે. કાત્ઝએ કહ્યું હતું કે લેબેનોન, સિરિયા, ગાઝામાં કબજે કરેલી જમીન પર ઈઝરાયલ અચોક્કસ મુદત રહેવા માગે છે. લેબેનોનમાં હિઝબુલ્લા પરના હુમલા અટકાવવા ઇરાને આ વચગાળાના કરાર કર્યા હોવાનું તેમણે કહ્યું હતું. કાત્ઝએ ધમકી આપી છે કે લેબેનોન પરના ઇઝરાયલના હુમલાને મામને ઇરાન જો ફરી ઈઝરાયલ પર હુમલો કરશે તો ઇઝરાયલ ઇરાનને નહીં બક્ષે. (એજન્સી)

#### જયપુરમાં

હતી. જ્યાં નીટ પેપર લીક અને બેરોજગારી જેવા મુદ્દાઓને લઇને વિરોધ પ્રદર્શન કરવા માટે મોટી સંખ્યામાં યુવાનો એકઠા થયા હતા.પોલીસ અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર જ્યારે દિપક વિરોધ સ્થળે પહોંચ્યા ત્યારે તેમના સમર્થકોએ તેમને ખભા પર ઉંચક્યા હતા. તે વખતે ભીડમાંથી કેટલાક યુવાનોએ તેમને થપ્પડ મારી દીધી હતી. આ ઘટના બાદ તેમના સમર્થકોએ આરોપીઓને પકડી લીધા હતા અને પોલીસ દરમિયાનગીરી કરે તે પહેલા તેને માર માર્યો હતો.અધિકારીઓએ જણાવ્યું કે ત્યારબાદ પોલીસે આ ઘટનાના સંબંધમાં બે યુવાનોની અટકાયત કરી હતી. પ્રદર્શનકારીઓએ ભ્રષ્ટાચાર અને પેપર લીક વિરુદ્ધ સૂત્રોચ્ચાર લખેલા પોસ્ટરો હાથમાં રાખેલા હતા. તેમજ યુવાનોને લગતા મુદ્દાઓ પર કાર્યવાહીની માંગ કરી હતી.

#### ઍડવાન્ટેજ ઈન્ડિયા

ઇરાન વચ્ચેના આ શાંતિકરાર બંને દેશ વચ્ચ લગભગ ચાર મહિનાથી ચાલી રહેલા યુદ્ધનો અંત આણશે. બંને દેશ વચ્ચેના યુદ્ધને કારણે ક્રૂડતેલના ભાવને પ્રતિબેરલ ૧૦૦ ડૉલર કરતાં પણ ઊંચી સપાટીએ પહોંચી ગયા હતા અને તેને લીધે વૈશ્વિક ઊર્જા પુરવઠો પણ ખોરવાઈ ગયો હતો. ક્રૂડતેલ, એલપીજી અને એલએનજી માટે મોટાપાયે પશ્ચિમ એશિયા પર નિર્ભર રહેતા ભારત આ કરાર રાહત લાવશે. આ કરાર ભારતને તાત્કાલિક આર્થિક રાહત આપશે, નિકાસ વધારશે અને રૂપિયામાં સ્થિરતા લાવશે. (એજન્સી)

#### મે મહિનામાં

અબજ ડોલર થઈ, જે ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં ૧૬.૦૯ ટકાનો વધારો દર્શાવે છે.વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે મે મહિનામાં પશ્ચિમ એશિયામાં ભારતની નિકાસ નજીવી ઘટીને ૫.૩૦ અબજ ડોલર થઈ છે, જે મે ૨૦૨૫માં ૫.૩૮ અબજ ડોલર હતી.વાણિજ્ય મંત્રાલયના ડેટા અનુસાર, આ નાણાકીય વર્ષમાં એપ્રિલ-મે દરમિયાન સોનાની આયાત ૬૦ ટકા વધીને ૯.૦૪ અબજ ડોલર થઈ છે.આ વલણને ધ્યાનમાં રાખીને, આ વર્ષ નિકાસ માટે સારું રહેશે, તેવું અગ્રવાલે ઉમેર્યું હતું.

#### જીનિવામાં

વચ્ચેની સમજૂતી નથી, પરંતુ શાંતિ અને સંવાદની સફળતા છે. શાહબાઝે અમેરિકા અને ઇરાન વચ્ચેના કરારને શાંતિની દિશામાં એક ઐતિહાસિક સીમાચિહ્ન ગણાવ્યો હતો. તેમણે આ નવી શરૂઆતનું સ્વાગત કરતાં કહ્યું કે ૩ મહિના ૧૬ દિવસના અથાક પ્રયાસો પછી અમેરિકા અને ઇરાને લેબનોન સહિત દરેક જગ્યાએ લશ્કરી કાર્યવાહીનો તાત્કાલિક અને કાયમી અંત લાવવાની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે વાટાઘાટોની સમગ્ર પ્રક્રિયા દરમિયાન બંને દેશોના નેતાઓએ મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ ધીરજ અને સમજણ દાખવી છે. પરિણામે સમગ્ર વિશ્વ આ મહાન દિવસનું સાક્ષી બન્યું છે.

#### બ્રિટનમાં ૧૬ વર્ષ

સ્વીકાર્યું કે વિશ્વની કેટલીક મોટી ટેક કંપનીઓ વિરુદ્ધ આવા પ્રતિબંધનો અમલ કરવો સરળ નહીં હોય. પરંતુ જણાવ્યું હતું કે બાળકોનું સ્વાસ્થ્ય અને સુખાકારી સર્વોપરી છે.

#### અમે ટીએમસી

જૂથનાં આ પગલાંને ગેરકાયદે લેખાવ્યું હોવા છતાં અરૂપ ચક્રવર્તીએ આ દાવો કર્યો હતો. ટીએમસીના ૨૦ બળવાખોર સાંસદ રવિવારે લોકસભાના સ્પીકર ઓમ બિરલાને મળ્યા હતા અને તેમણે ત્રિપુરામાં નોંધાયેલા બિનસંગઠિત રાજકીય પક્ષ નેશનાલિસ્ટ સિટિઝન્સ પાર્ટી ઑફ ઇન્ડિયા સાથે જોડાઈ જવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે અમે ટીએમસી છોડી નથી દીધી. અમે ટીએમસી સાથે જ છીએ અને તેમાં સુધારો કરવા માગીએ છે. (એજન્સી)

#### મોદીએ કર્યું

ઊર્જા સંકટ ઊભું થયું હતું. પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફના જણાવ્યા મુજબ આ શાંતિ કરાર પર ૧૯ જૂને સ્વિટ્ઝર્લેન્ડમાં હસ્તાક્ષર કરવામાં આવશે.

મોદીએ એક્સ પર જણાવ્યું કે હું પશ્ચિમ એશિયામાં સંઘર્ષનો અંત લાવવા માટે અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી સંમતિનું સ્વાગત કરું છું. આ સંઘર્ષને કારણે વિશ્વભરમાં ગંભીર આર્થિક સંકટ ઊભું થયું અને ઘણા દેશોમાં જાનમાલનું નુકસાન થયું છે. ભારતને આશા છે કે આ કરારના અમલમાં પ્રદેશમાં શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત થશે.

# ગુજરાતની નવી ઔદ્યોગિક નીતિ જાહેરઃ રાજ્યને ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાનો ઉદ્દેશ્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ ૨૦૨૬ની મહત્ત્વપૂર્ણ જાહેરાત ગાંધીનગરના મહાત્મા મંદીર ખાતેથી કરવામાં આવી હતી.

મુખ્ય પ્રધાને ગ્રીન અને સસ્ટેનેબલ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટને આ નીતિનું સૌથી મહત્ત્વપૂર્ણ પાસું ગણાવ્યું હતું. તેમણે ગુજરાત ઔદ્યોગિક નીતિ ૨૦૨૬માં ગ્રીન ઇન્ડસ્ટ્રિયલ પાર્ક, વેસ્ટ વોટર રિસાઇકલિંગ, ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ, ક્લીનર પ્રોડક્શન ટેક્નોલોજી અને સર્ક્યુલર ઇકોનોમીને પ્રોત્સાહન આપ્યું છે તેની વિગતો પણ આપી હતી.

ગુજરાતની આ નવી ઔદ્યોગિક નીતિ ૨૦૨૬ જે ચાર મજબૂત આધારસ્તંભો પર ઊભી છે તે રોકાણ અને ઉત્પાદન, ઈનોવેશન અને રિસર્ચ, સ્કિલ એન્ડ એમ્પ્લોયમેન્ટ, સસ્ટેનેબિલિટી એન્ડ ઇન્કલુસિવ ડેવલપમેન્ટની પણ તેમણે ભૂમિકા આપી હતી.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે વિશ્વની ઝડપથી બદલાતી જતી અર્થવ્યવસ્થા, ટેક્નોલોજી, આર્ટીફિશ્યલ ઈન્ટેલિજન્સ, ગ્રીન એનર્જી અને ગ્લોબલ સપ્લાય ચેઈનની નવી રચના ઉદ્યોગોના સ્વરૂપને બદલી રહી છે ત્યારે ગુજરાતની આ નવી ઔદ્યોગિક નીતિ ભવિષ્યના ઉદ્યોગોને ધ્યાનમાં રાખીને તેમના અભિપ્રાયો અને માગણીઓ સંકલિત કરીને તૈયાર કરવામાં આવી છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે આ ઔદ્યોગિક નીતિમાં એમએસએમઈ, સ્ટાર્ટઅપ, મહિલા ઉદ્યોગ સાહસિકો, પ્રથમ પેઢીના ઉદ્યોગકારો અને યુવાશક્તિને વિકાસના કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે.

નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ભવિષ્ય માટેનો માર્ગદર્શક દસ્તાવેજ એવી નવી ઔદ્યોગિક નીતિ માત્ર પ્રોત્સાહનો આપતી યોજના નથી, પરંતુ વર્ષ ૨૦૪૭ના વિકસિત ગુજરાતના વિઝનને સાકાર કરવાનું એક શક્તિશાળી માધ્યમ છે. આ નવી ઔદ્યોગિક નીતિથી વિવિધ ક્ષેત્રોમાં ૧૫ થી ૪૫ ટકા સુધીના વિવિધ ઇન્સેન્ટિવ દ્વારા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવશે, જેથી નવા રોકાણો આકર્ષાય, રોજગારીનું સર્જન થાય અને રાજ્યના યુવાનોને પોતાના વતનમાં જ ઉજ્જવળ ભવિષ્ય બનાવવાની તક મળે.

સંશોધન, નવીનતા અને સનરાઇઝિંગ સેક્ટર્સ પર વિશેષ ભાર મૂકતા સંઘવીએ ઉમેર્યું હતું કે, ગુજરાતે દેશના અન્ય રાજ્યો કરતાં વધુ પ્રાધાન્ય સંશોધન અને વિકાસ પર આપ્યું છે. કેટલાક ક્ષેત્રોમાં ૫૦ ટકા સુધીના ઇન્સેન્ટિવ આપીને યુવાનોમાં નવીનતા અને સંશોધનને પ્રોત્સાહન આપવામાં આવશે. ગ્રીન એનર્જી, ડ્રોન મેન્યુફેક્ચરિંગ, રોબોટિક્સ, ફૂટવેર અને ટોય મેન્યુફેક્ચરિંગ જેવા સનરાઇઝિંગ સેક્ટર્સમાં ગુજરાતને વૈશ્વિક નેતૃત્વ અપાવવાનો આ નીતિનો મુખ્ય ઉદ્દેશ છે. ભવિષ્યની ટેક્નોલોજી અને નવી તકોમાં ગુજરાત દેશનું નેતૃત્વ કરે તે માટે આ દિશામાં મહત્ત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યાં છે.

ઔદ્યોગિક નીતિ ૨૦૨૬ની વિશેષતાઓમાં રોકાણકારોને વધુ સરળતા આપવા માટે ચૂઝ યોર ઇન્સેન્ટિવ ચૂઝ યોર ઇન્સેટિવ જેવી નવી પહેલનો સમાવેશ થાય છે. જે અંતર્ગત રોકાણકારો તેમની જરૂરિયાત મુજબ પ્રોત્સાહનો પસંદ કરી શકશે. આ સાથે ગુજરાતને એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ અને વેલ્યુ એડિશન માટે વૈશ્વિક હબ બનાવવા પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. આ સાથે ઉદ્યોગોને શહેરી વિસ્તારોમાંથી સ્થાનાંતરિત કરવા માટે શહેરોની ભીડ દૂર કરવા અને જીવનની સરળતાને પ્રોત્સાહન આપવા માટે થ્રાઈવ (ટ્રાન્ઝિશન ફોર હાર્મનાઈઝ્ડ રિલોકેશન એન્ડ ઈન્કલુઝિવ વાયબ્રન્ટ ઈકોનોમી) નામે એક પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી હતી. આ સાથે એમએસએમઈને ઝડપી સ્કેલ કરવા અને વધુ મજબૂત બનાવવા પર ધ્યાન આપવામાં આવ્યું છે.

# અધિક માસ અને સોમવતી અમાસે ગુજરાતનાં તીર્થોમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સોમવારે સોમવતી અમાસ અને પુરુષોત્તમ માસ પૂર્ણાહૂતિના પવિત્ર સંયોગ સર્જાયો હતો. સોમવતી અમાસના દિવસે શ્રી હરિ વિષ્ણુ અને ભગવાન શિવને સમર્પિત આ મહિનાના અંતિમ દિવસે મંદિરોમાં અને શિવાલયોમાં ભક્તોની ભીડ જોવા મળી હતી. રાજ્યના પવિત્ર તીર્થો જેવા સોમનાથ, દ્વારકા, શામળાજી અને ડાકોરમાં વહેલી સવારથી શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.

સોમનાથમાં ભગવાન શિવની વિશેષ પૂજા-અર્ચના, જળાભિષેક, દૂધાભિષેક અને બિલ્વપત્ર અર્પણ કરવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ મંદિરોમાં ઉમટી પડ્યા હતા. ''ૐ નમઃ શિવાય''ના જાપ અને હર હર મહાદેવના જયઘોષથી ધાર્મિક માહોલ સર્જાયો હતો. મંદિરમાં લાંબી કતારો જોવા મળી હતી અને ભક્તોની સુવિધા માટે ટ્રસ્ટ તથા સ્થાનિક તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી હતી.

યાત્રાધામ દ્વારકામાં પુરુષોત્તમ માસના અંતિમ દિવસે ભગવાનના દર્શનાર્થે શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર ઉમટ્યું હતું. દ્વારકાના જગતમંદિરમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આ પવિત્ર દિવસે ભગવાન દ્વારકાધીશના ચરણોમાં શીશ ઝુકાવવા અને ગોમતી ઘાટમાં સ્નાન કરવા માટે પહોંચ્યા હતા. શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા સાવચેતીના પગલાં લેવામાં આવ્યા છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ વિભાગ દ્વારા ગોમતીઘાટ પર સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સોમવતી અમાસના દિવસે ગોમતી નદીમાં સ્નાન કરવું અને પિતૃ તર્પણ-દાન કરવું અત્યંત ફળદાયી માનવામાં આવે છે.

તે જ પ્રકારે અરવલ્લીના શામળાજી અને ડાકોરમાં પણ ભક્તિનું ઘોડાપૂર ઉમટ્યું હતું. શામળાજીમાં ગદાધર વિષ્ણુ અને ડાકોરમાં ભગવાન રણછોડરાયજી આ બંને ગુજરાતના મુખ્ય વૈષ્ણવ તીર્થો છે. શામળાજી ખાતે પણ સોમવતી અમાસના દિવસે ભક્તો ભગવાનના ગદાધર સ્વરૂપના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ડાકોરમાં રણછોડજી મંદિર પરિસર ભક્તોથી છલકાયુ હતું. રણછોડજીને વિશેષ આભૂષણ શ્રૃંગાર કરવામાં આવ્યો હતો.

નર્મદા કાંઠે આવેલા પ્રસિદ્ધ કરનાળી સ્થિત કુબેર ભંડારી ધામ ખાતે પણ હજારો ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. નર્મદામાં પવિત્ર સ્નાન કરીને ભગવાન શિવ અને કુબેર ભંડારીના દર્શન કર્યા હતા અને પીપળાના વૃક્ષનું પૂજન કર્યું હતું.

સોમવતી અમાસ અને પવિત્ર પુરુષોત્તમ માસના અંતિમ દિવસે ગિરનાર તીર્થધામમા આવેલાં દામોદર કુંડ ખાતે મોટી સંખ્યામાં લોકોએ આસ્થાની ડુબકી લગાવીને પવિત્ર પુરુષોત્તમ માસની આસ્થા અને ધાર્મિક શ્રદ્ધા સાથે પૂર્ણાહૂતી કરી હતી. દામોદર કુંડના કાંઠે ભક્તોએ પોતાના પિતૃઓના આત્માની શાંતિ માટે તર્પણ વિધિ કરી હતી. લોકોએ અધિક માસના પુણ્યનું અર્પણ પિતૃઓને કર્યું હતું.

# ભરૂચ જામા મસ્જિદઃ મોટી સંખ્યામાં જૈન-હિન્દુ ધર્મના લોકો એકઠા થયા, કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરૂચમાં આવેલી ઐતિહાસિક જામા મસ્જિદમાં હિન્દુ અને જૈન ધર્મના અવશેષો અને મૂર્તિઓ મળી આવ્યાના અહેવાલો અને વીડિયો વાઇરલ થયા બાદ સોમવારે મોટી સંખ્યામાં હિન્દુ તેમ જ જૈન ધર્મના સમર્થકો એકત્ર થયા હતા અને કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

અખિલ ભારતીય સંત સમિતિના અનુયાયીઓ અને શ્રી ચક્રધર સ્વામીના સમર્થકોએ જિલ્લા વહીવટીતંત્રને લગભગ ૩૫,૦૦૦ સહીઓ સાથે એક અરજી સુપરત કરી હતી અને સ્મારકની અંદર હિન્દુ અને જૈન અવશેષો હોવાનો દાવો કરતા તેમના રક્ષણ માટે એક મોટી રેલીનું આયોજન કર્યું હતું.

કલેક્ટર કચેરીમાં સુપરત કરાયેલી આ અરજીમાં, હિન્દુ અને જૈન જૂથો દ્વારા માળખાની ઐતિહાસિક ઓળખની વિગતવાર તપાસની નવી માગણીઓ પણ સામેલ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સોમવારે સવારથી જ શહેરના હોસ્ટેલ ગ્રાઉન્ડ પર મોટી સંખ્યામાં ભક્તો, સંતો અને મહંતો એકઠા થવા લાગ્યા હતા. આયોજકોના કહેવા અનુસાર સ્થાનિક રહેવાસીઓ ઉપરાંત, ગુજરાત અને મહારાષ્ટ્રમાંથી પણ લોકો રેલીમાં ભાગ લેવા આવ્યા હતા.

ચાર માર્ચે કથિત રીતે રેકોર્ડ કરાયેલ એક વીડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ થયાના મહિનાઓ પછી આ રેલી કાઢવામાં આવી હતી.

આ રેલીને ધ્યાનમાં રાખી કોઈ તણાવનો માહોલ ઊભો ન થાય તે માટે ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (એએસઆઈ)એ સંરક્ષણની માગણી કરતા પોલીસે પહેલેથી જ ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. આ સાથે જિલ્લા કલેક્ટર કચેરીએ પણ સૂચનાઓ આપી હતી.

# માધાપર ગામમાં બટુકભોજન બાદ ૩૦થી વધુ બાળકોને ફૂડ પોઇઝનિંગ, બાળકો સારવાર હેઠળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભુજ નજીક આવેલા માધાપરના ઐશ્વર્યાનગર વિસ્તારમાં એક ધાર્મિક ઉત્સવ દરમિયાન યોજાયેલા બટુકભોજનમાં છાશ પીવાના કારણે ૩૦ કરતા વધુ બાળકને ફૂડ પોઇઝનિંગ (ઝેરી અસર) થયું હતું. ભોજન લીધા બાદ એકાએક બાળકોની તબિયત લથડતાં તમામને તાત્કાલિક ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી અનુસાર, માધાપરના ઐશ્વર્યાનગર સ્થિત એક મંદિરમાં અધિક માસની પૂર્ણાહુતી નિમિતે આયોજિત ધાર્મિક પ્રસંગમાં બાળકો માટે સામૂહિક બાલભોજન એટલે કે 'બટુકભોજન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક કાર્યક્રમમાં આસપાસના પરિવારોના અંદાજે ૪૦ થી વધુ બાળકો ઉત્સાહભેર ભોજન પ્રસાદ લેવા માટે એકઠા થયા હતા. જોકે, ભોજન દરમિયાન પીરસવામાં આવેલી છાશ બાળકો માટે હાનિકારક સાબિત થઈ હોવાના અહેવાલો છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, છાશ બનાવવા માટે મોટી માત્રામાં દહીં બહારથી મંગાવવામાં આવ્યું હતું. ચાલુ ઉનાળાની અતિશય ગરમી અને ભેજયુક્ત વાતાવરણના કારણે આ દહીં લાંબો સમય ફ્રિજ વગર બહાર ખુલ્લું રહ્યું હતું અથવા તે પહેલેથી જ વાસી હોવાની આશંકા છે. આ દહીંમાંથી બનેલી છાશ પીધાના થોડા જ સમયમાં બાળકોને પેટમાં સખત દુખાવો, ચક્કર આવવા અને સામૂહિક ઊલટી-ઝાડાની તકલીફ શરૂ થઈ ગઈ હતી. એકસાથે આટલી મોટી સંખ્યામાં બાળકોની સ્થિતિ બગડતાં જ આયોજકો અને વાલીઓમાં ભારે નાસભાગ થઈ હતી.

ઘટનાની ગંભીરતાને પગલે આયોજકો અને વાલીઓએ ખાનગી વાહનો તેમજ એમ્બ્યુલન્સ મારફતે તમામ અસરગ્રસ્ત બાળકોને તાત્કાલિક ભુજની સરકારી જી.કે. જનરલ હૉસ્પિટલ ખાતે રવાના કર્યા હતા. હૉસ્પિટલ પ્રશાસન દ્વારા તાકીદની પરિસ્થિતિને ધ્યાને રાખી બાળરોગ નિષ્ણાતોની વિશેષ ટુકડીને તૈનાત કરી ઇમરજન્સી સારવાર શરૂ કરવામાં આવી હતી. હૉસ્પિટલના સત્તાધીશોના જણાવ્યા અનુસાર, સદનસીબે સમયસર તબીબી સહાય મળી જતાં હાલ તમામ બાળકોની સ્થિતિ સ્થિર અને જોખમથી બહાર છે. આ તમામ બાળકોની ઉંમર ૩થી ૧૫ વર્ષની હોવાનું જાણવા મળ્યું હતું. બીજી તરફ, ઘટનાની જાણ થતાં જ સ્થાનિક આરોગ્ય વિભાગ અને ફૂડ ઇન્સ્પેક્ટરોની ટુકડી સક્રિય થઈ છે અને જે દહીં તેમજ છાશનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, તેના સેમ્પલ મેળવી લેબોરેટરી ટેસ્ટિંગ માટે મોકલવાની પ્રક્રિયા હાથ ધરી હોવાનું જાણવા મળી રહ્યું છે. મોડી સાંજે મળેલી વિગતો અનુસાર ૨૨ બટુક ભુજની જી.કે જનરલમાં સારવાર હેઠળ છે. બાકીના કેટલાક બાળકો જુદી-જુદી ખાનગી હૉસ્પિટલમાં સારવાર મેળવી રહ્યાં છે.

# રાજકોટના મેયર ઉકળ્યા, ખોરાકમાં ભેળસેળ કરતા 'આતંકવાદીઓ'ને છોડવામાં નહીં આવે

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ શરીરને સ્વસ્થ રાખવામાં સ્વચ્છ અને પૌષ્ટિક ખોરાક ખૂબ જ મહત્ત્વનો છે, પરંતુ બહાર મળતી ભોજનની સામગ્રી અને ભોજન બન્નેમાં ભેળસેળના કિસ્સા ખૂબ જ વધી ગયા છે. હજારો કિલો ઘી, પનીર, મસાલા, ડ્રાયફ્રૂટ સહિતની વસ્તુઓ તેમ જ લારીગલ્લાથી માંડી મોટી રેસ્ટોરાંમાંથી પણ વાસી અને અખાદ્ય પદાર્થો મળી આવે છે ત્યારે રાજકોટના નવનિયુક્ત મેયર ડો. નેહલ શુક્લાએ આ મામલે સખત વલણ અપનાવ્યું છે અને ખોરાકમાં ભેળસેળ કરનારાઓને આતંકવાદી કહ્યા છે.

રાજકોટ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં રાજકોટ કમિશનર તુષાર સુમેરાની સાથે શુક્લ પણ હાજર હતાં. તેમણે જણાવ્યું હતું કે હું કાયદાનો માણસ છું અને મને ખબર છે કે અમારી સત્તા શું છે. રોજના દસ હજાર રૂપિયાના દંડથી લઈ અને સતત સાત દિવસ સુધી જે તે એકમને સિલ પણ કરી શકાય છે. એ ઉપરાંતના કડક પગલાં પણ લેવાની ચિમકી પણ તેમણે આપી હતી.

સામાન્ય રીતે જ્યારે પણ ખાણીપીણીના આઉટલેટ્સ પર રેડ પડે છે ત્યારે નાના નાના લારીવાળાઓ કે ફૂડ આઉટલેટ્સ પર કાર્યવાહી કરી તંત્ર સંતોષ માની લે છે, પરંતુ શુક્લએ આ મામલે નવો ચિલો ચાતર્યો છે. તેમણે જણાવ્યું છે કે મનપાની એક ખાસ નિમયિત ડ્રાઈવ શરૂ કરવામાં આવશે. આ ડ્રાઈવ નાના લારીવાળીથી નહીં, પરંતુ મોટા રેસ્ટોરાંની તપાસથી શરૂ કરવામાં આવશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે મનપાની આઠ ટીમ તૈયાર કરવામાં આવી છે. આ સાથે ટેસ્ટિંગ સમયસર થાય તે માટે મનપા પોતાની લેબોરેટરી ઊભી કરશે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે સૌથી પહેલા દૂધ પર થતી ભેળસેળ પર ટીમ ત્રાટકશે. તેમણે જાહેર જનતાને અપીલ કરી હતી કે જ્યાં તેમને ભેળસેળ થઈ હોવાની જાણ કે અનુભવ થાય ત્યાંના ફોટા-વીડિયો સાથે મનપાને જાણ કરે.

જોકે સૌની નજરે ચડનારી એક વાત એ હતી કે આજ સુધી અધિકારીઓ કે પદાધિકારીઓ માત્ર બોલતા હોય છે, પણ અમલ કરવામાં ઢીલ વર્તે છે, પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે મેયર નેહલ શુક્લએ પત્રકાર પરિષદની એક કલાક પછી જ ઝુંબેશ શરૂ કરી અને ફૂડ બિઝનેસ લોબીને તેમનો મિજાજ બતાવ્યો હતો.

# મહેસાણાનો કરીમ બન્યો આદિત્ય પટેલ, કેટલીય વિધવા મહિલાઓને છેતરી, એકે ભાંડો ફોડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મૂળ મહેસાણાના રહેવાસી વિધર્મી પુરુષે નામ બદલી હિન્દુ વિધવા મહિલાઓની છેતરપિંડી કરી હોવાનો ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે કરીમ રફીક સિપાઈ નામના કડીના મહેસાણાના રહેવાસીને હિન્દુ મહિલાઓને છેતરવાના કેસમાં તેને પકડ્યો હતો. કરીમે આદિત્ય પટેલ નામ રાખી ખોટા દસ્તાવેજો બનાવ્યા હતા. તેણે આધારકાર્ડ, પાનકાર્ડ સહિતના નકલી દસ્તાવેજ સાથે પત્ની મૃત હોવાનું કહી તેનું ડેથ સર્ટિફિકેટ પણ બનાવ્યું હતું.

તે જાણીતી મેટ્રિમોનિયલ સાઈટ પર વિધવા મહિલાઓનો સંપર્ક કરતો, જ્યારે વાત આગળ વધે ત્યારે અલગ અલગ કારણો આપી રોકડ રકમ અથવા ટુ વ્હિલર પડાવતો હતો, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. જોકે એક સ્માર્ટ મહિલાએ ટ્રુ કોલરમાં તેનો નંબર નાખતા અને તેણે આપેલા ગાંધીનગર સરનામું ખોટું નીકળતા આ ભાંડો ફૂટ્યો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# નાંદોદના ભાજપનાં ધારાસભ્યએ ચાલુ કાર્યક્રમે ચાલતી પકડી, રાજીનામાની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નર્મદા જિલ્લાના નાંદોદના ભાજપ ધારાસભ્ય ડો. દર્શના દેશમુખે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના શાસનના ૧૨ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન તેમનું અપમાન કરવામાં આવ્યું હોવાનો આરોપ લગાવીને સરકારી કાર્યક્રમમાંથી વોકઆઉટ કર્યું હતું. બાદમાં તેમણે રાજપીપળાના ગાંધી ચોક ખાતે ધરણા કર્યા હતા અને ધારાસભ્ય પદ અને પક્ષની જવાબદારીઓ બંનેમાંથી રાજીનામું આપવાની ધમકી આપી હતી. ભરૂચના સાંસદ મનસુખ વસાવા પણ તેમની સાથે વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા, જેનાથી જિલ્લા ભાજપમાં આંતરિક વિખવાદ ખૂલીને સામે આવ્યો હતો.

આ ઘટનાની મળતી વિગતો અનુસાર રાજપીપળાના આંબેડકર હોલ ખાતે વડા પ્રધાનના શાસનના ૧૨ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે 'પ્રબુદ્ધ નાગરિક સન્માન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ડો. દેશમુખે સ્ટેજ પર પોતાની નારાજગી વ્યક્ત કરી હતી અને આરોપ લગાવ્યો હતો કે જિલ્લા પ્રભારી પ્રધાન ઈશ્વર સિંહ પટેલ અને ભૂતપૂર્વ પ્રધાન ગણપત સિંહ વસાવા ઉપસ્થિત હતા તે કાર્યક્રમમાં સ્થાનિક ધારાસભ્ય માટે યોગ્ય પ્રોટોકોલનું પાલન કરવામાં આવ્યું ન હતું. તેમણે વધુમાં આરોપ લગાવ્યો હતો કે તેમનું નામ જાણી જોઈને વક્તાઓની યાદીમાંથી બાકાત રાખવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન દેશમુખે પોતાની નારાજગી જાહેરમાં વ્યક્ત કરતા જણાવ્યું હતું કે પ્રભારી પ્રધાનની હાજરીમાં આ રીતે કાર્યક્રમ યોજવામાં આવ્યો છે, તેમણે સવાલ કર્યો હતો કે શું તમે મને અપમાનિત કરવા બોલાવી છે. આ સાથે તેમણે કહ્યું હતું કે હું આ ચૂંટણી જીતીને અહીં આવી છું; મને ઉપરથી નિયુક્ત કરવામાં આવી નથી. તેમણે મીડિયા સાથે વાત કરતા કહ્યું હતું કે એક આદિવાસી મહિલા, એક આદિવાસી ધારાસભ્ય અને એક આદિવાસી પુત્રી તરીકે આ પ્રકારનું અપમાન સહન કરી શકાય નહીં.

ડો. દેશમુખે જિલ્લા ભાજપ પ્રમુખ ઘનશ્યામ (નીલ) રાવ પર સીધો શાબ્દિક હુમલો કર્યો અને આરોપ લગાવ્યો હતો કે છેલ્લા બે વર્ષમાં તેમને વારંવાર અપમાનનો સામનો કરવો પડ્યો છે. તેમણે દાવો કર્યો કે જિલ્લા પ્રમુખ મનસ્વી રીતે વર્તી રહ્યા છે કારણ કે તેમને ગાંધીનગરમાં એક વરિષ્ઠ પ્રધાનનું સમર્થન મળે છે. ભાજપના સાંસદ મનસુખ વસાવાએ પણ તેમને સમર્થન પૂરું પાડ્યું હતું.

મામલો ઠંડો પાડવા પ્રભારી પ્રધાન સહિત નેતાઓએ પ્રયત્નો કર્યા, પરંતુ દેશમુખ માન્યાં ન હતાં અને તેમણે ન્યાય ન મળે ત્યાં સુધી ધરણા ચાલુ રાખવામાં આવશે, તેમ જણાવ્યું હતું.

તેમણે એવો પણ દાવો કર્યો હતો કે આ મુદ્દા અંગે લેખિત રજૂઆતો અગાઉ ગુજરાત ભાજપના ભૂતપૂર્વ પ્રમુખ સી.આર. પાટીલને સુપરત કરવામાં આવી હતી. આ અંગે પક્ષ તરફથી કોઈ સત્તાવાર નિવેદન બહાર આવ્યું ન હતું.

# સાવજોનું ઘર સાસણ ગીર અને કચ્છનું ઘુડખર અભયારણ્ય પ્રવાસીઓ માટે બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

કચ્છ/અમદાવાદઃ ચોમાસાની ઋતુ જંગલમાં રહેતા વન્યજીવો માટે વધારે મહત્ત્વની હોય છે. આ ચાર મહિના તેમનો મેટિંગ ટાઈમ હોય છે અને સાથે ભૌગોલિક રીતે પણ જંગલ ચોમાસાની ઋતુમાં સુરક્ષિત રહેતું નથી, તેથી સાસણ ગીરનું જંગલ અને કચ્છનું ઘુડખર અભયારણ્ય ૧૫મી જૂનથી ૧૫મી ઑક્ટોબર સુધી પ્રવાસીઓ માટે બંધ રહેશે, તેવી માહિતી વન્યવિભાગે આપી હતી.

અભયારણ્યના બી.એમ.પટેલના જણાવ્યા અનુસાર, દર વર્ષની પરંપરા મુજબ ૧૫ જૂનથી ૧૫ ઓક્ટોબર સુધીનો ચાર મહિનાનો સમયગાળો ઘુડખર પ્રાણીઓ માટે મુખ્ય પ્રજનનકાળ હોય છે. આ નાજુક સમયે વાહનોના ઘોંઘાટ કે કોઈપણ પ્રકારની માનવીય દખલગીરી વગર વન્યજીવો શાંતિપૂર્ણ વાતાવરણમાં રહી શકે અને તેમની વસ્તીમાં કુદરતી રીતે વધારો થાય તે આ પ્રતિબંધ પાછળનો મુખ્ય હેતુ છે. વન્યજીવ સંરક્ષણ ઉપરાંત પ્રવાસીઓની સુરક્ષા પણ આ નિર્ણય પાછળનું એક મોટું કારણ છે. ચોમાસા દરમિયાન રણના નીચાણવાળા વિસ્તારોમાં મોટા પ્રમાણમાં પાણી ભરાઈ જતું હોય છે, જેના લીધે સમગ્ર વિસ્તારમાં વાહનવ્યવહાર અશક્ય બને છે અને કમ્યુનિકેશન નેટવર્ક ખોરવાઈ જાય છે. આવી સ્થિતિમાં જો પ્રવાસીઓ રણના આંતરિક ભાગોમાં જાય તો ફસાઈ જવાનું અને તેમનો જીવ જોખમમાં મુકાવાનું ભારે જોખમ રહે છે. વન વિભાગે સ્પષ્ટ ચેતવણી આપી છે કે, આ ચાર મહિનાના પ્રતિબંધિત સમયગાળા દરમિયાન જો કોઈ પણ વ્યક્તિ આરક્ષિત વન વિસ્તારમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરશે, તો તેની સામે વન્યજીવ સંરક્ષણ ધારા (વાઇલ્ડલાઇફ પ્રોટેક્શન એક્ટ) અંતર્ગત કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

વન વિભાગના જણાવ્યા મુજબ, ચાલુ વર્ષ દરમિયાન ૨૦,૦૦૦થી વધુ દેશી-વિદેશી પ્રવાસીઓએ આ પ્રખ્યાત અભયારણ્યની મુલાકાત લીધી હતી. હવે આ પ્રવાસી આકર્ષણ આગામી ૧૬ ઓક્ટોબરથી પ્રવાસીઓ માટે ફરીથી વિધિવત રીતે ખુલ્લું મૂકવામાં આવશે.

આવી જ રીતે રોજના હજારો પ્રવાસીઓનું આકર્ષણનું કેન્દ્ર એવા સાસણ ગીર જંગલ અને જંગલ સફારી પણ ચાર મહિના માટે બંધ રાખવામા આવ્યા છે. અહીં સાવજોનો મેટિંગ ટાઈમ હોવાથી તેમને કોઈપણ પ્રકારની માનવીય ખલેલ ન પહોંચે તે મુખ્ય આશય હોય છે. આ સાથે ચોમાસા દરમિયાન નદીઓ ઓવરફ્લો થતી હોય છે અને જંગલ વિસ્તારમાં સુરક્ષાના સવાલો ઊભા થતા હોય છે, તેથી પ્રવાસીઓ માટે જોખમી સ્થિતિ ઊભી થતી હોય છે. આ બન્ને પર્યટન સ્થળો હવે ૧૬મી ઑક્ટોબરથી ફરી પ્રવાસીઓ માટે ખુલ્લા મૂકવામાં આવશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

# જૂનાગઢની દુષ્કર્મ પીડિત સગીરાના ગર્ભપાત માટે હાઇ કોર્ટની મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે ૧૩ વર્ષની દુષ્કર્મ પીડિત સગીરાને ૧૯ સપ્તાહના ગર્ભપાતની મંજૂરી આપતો મહત્ત્વપૂર્ણ હુકમ કર્યો હતો. જૂનાગઢની સગીરાએ ગર્ભપાતની મંજુરી માંગતી અરજી હાઈ કોર્ટમાં દાખલ કરી હતી. પીડિતા સગીર હોવાથી અને તેના શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્યને ગંભીર ઈજા ન પહોંચે તે હેતુથી, તેના ગર્ભપાતની મંજૂરી માંગવામાં આવી હતી. હાઈ કોર્ટે જીએમઇઆરએસ મેડિકલ કોલેજ જૂનાગઢના હૉસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટને તાત્કાલિક ત્રણ સિનિયર ગાયનેકોલોજિસ્ટ અને એક સાયકિયાટ્રિસ્ટ સહિતના નિષ્ણાતોની ટીમ બનાવીને તાકીદે આ પ્રક્રિયા હાથ ધરવા આદેશ આપ્યો હતો.

આ અગાઉ હાઈ કોર્ટે જીએમઇઆરએસમેડિકલ કોલેજ હૉસ્પિટલ, જૂનાગઢના નિષ્ણાત ડોક્ટરોની ટીમ દ્વારા પીડિતાની તપાસનો હુકમ કર્યો હતો. મેડિકલ રિપોર્ટ અનુસાર ગર્ભપાત કરવો તબીબી રીતે શક્ય છે અને તેમાં જોખમ ખૂબ જ ઓછું છે. જો કે પીડિતામાં એનિમિયા હોવાથી મલ્ટી-ડિસિપ્લિનરી અભિગમ હેઠળ તેની સારવાર કર્યા બાદ જ આ પ્રક્રિયા હાથ ધરવાનું જણાવાયું હતું. પીડિતાએ પોતાના જોખમે આ સર્જરી કરાવવા માટે હૉસ્પિટલમાં યોગ્ય બાંહેધરી પત્ર આપવાનું રહેશે.

હાઈ કોર્ટે પીડિતાના ગર્ભના પેશીઓના નમૂના વૈજ્ઞાનિક પદ્ધતિથી એકત્રિત કરી તપાસ કરનાર પોલીસ અધિકારીને ડીએનએ ઓળખ અને પુરાવા માટે સોંપવાના રહેશે. જો ગર્ભપાત દરમિયાન બાળક જીવિત જન્મે, તો હૉસ્પિટલે તેને શ્રેષ્ઠ તબીબી સારવાર આપવાની રહેશે. વળી જો પીડિતા કે તેનો પરિવાર બાળકની જવાબદારી લેવા તૈયાર ન હોય, તો રાજ્ય સરકાર અને તેની એજન્સીઓએ જુવેનાઇલ જસ્ટિસ એક્ટ હેઠળ તે બાળકની સંપૂર્ણ જવાબદારી અને તબીબી સુવિધાઓ સંભાળવાની રહેશે.

# કૉંગ્રેસની આગેવાનીમાં ખેડૂતોની ટ્રેક્ટર રેલીમાં હજારો ખેડૂતોએ નોંધાવ્યો વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાંથી ખેડૂતોના પડતર પ્રશ્નો મુદ્દે શરૂ થયેલો વિરોધનો વંટોળ હવે પ્રચંડ બનીને અમદાવાદ અને પાટનગર ગાંધીનગર સુધી પહોંચી ગયો હતો. રાજ્યના ખેડૂતોની વિવિધ પડતર માગણીઓ અને વણઉકલ્યા પ્રશ્નોને લઈને વિપક્ષ કોંગ્રેસની આગેવાનીમાં સોમવારે, ૧૫મી જૂનના રોજ અમદાવાદના સરખેજ સ્થિત શાંતિપુરા સર્કલથી ગાંધીનગર સુધી ખેડૂત અધિકાર ટ્રેક્ટર યાત્રા યોજવામાં આવી હતી. કોંગ્રેસ પક્ષે કરેલા દાવા અનુસાર હજારોની સંખ્યામાં ખેડૂતોએ રેલીમાં ભાગ લીધો હતો. અમદાવાદના સરખેજ નજીક આવેલા શાંતિપુરા સર્કલ ખાતે વહેલી સવારથી જ રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો પોતાના ટ્રેક્ટરો સાથે એકઠા થવાના શરૂ થઈ ગયા હતા. ટૂંક સમયમાં જ આ સ્થળ ખેડૂતોના પ્રચંડ જનમેદનીમાં ફેરવાઈ ગયું હતું, જેને પગલે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે વહીવટી તંત્ર દ્વારા ઘટનાસ્થળે લોખંડી અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. સોશ્યલ મીડિયા પર સામે આવેલા વિવિધ વીડિયોમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત થયેલા ખેડૂતો અને ટ્રેક્ટરોની લાંબી કતારો જોવા મળી હતી. રેલીને માત્ર ઓગણજ સર્કલ સુધીની જ વહીવટી મંજૂરી મળી હોવાથી થોડું ઘર્ષણ ઊભું થયું હોવાના અહેવાલો છે.

દરમિયાન અહેવાલો દ્વારા મળતી માહિતી અનુસાર કૉંગ્રેસની ટેક્ટર રેલીને ગાંધીનગર સુધી જવાની મંજૂરી ન મળતા મામલો બિચક્યો હતો. ખેડૂતોએ ટ્રેક્ટર લઈ ગાંધીનગર જવાની જીદ કરતા પોલીસ સાથે ઘર્ષણ થયું હોવાના અહેવાલો હતા. થોડા સમય માટે ઓગણજ ટોલ ટેક્સથી વૈષ્ણોદેવી સર્કલ તરફનો રિંગ રોડ વાહન વ્યવહાર માટે બંધ કરી દેવાની ફરજ પડી હતી.

અમુક ખેડૂતોએ ગાંધીનગર જવાની જીદ પકડી હતી જ્યારે અમુક ખેડૂતો કૉંગ્રેસની સભામાં ગયા હતા. જોકે સભામાં બહુ ઓછા લોકો હાજર હતા. ખેડૂતો માટે લડનાર પાલ આંબલીયા સભામાં રડવા જેવા થઈ ગયા હતા અને કૉંગ્રેસ અધ્યક્ષ ભાષણ આપ્યા વિના ચાલ્યા ગયા હોવાની માહિતી પણ અહેવાલો દ્વારા મળી હતી.

# આજે લેખક સ્વ. રાજુ પટેલની સ્મૃતિ સભા

મુંબઈ: જાણીતા વાર્તાકાર, ટી.વી. ફિલ્મલેખક સ્વ. રાજુ પટેલની સ્મૃતિ સભાનું આયોજન ૧૬મી જૂન, મંગળવાર, સાંજે ૬.૩૦ વાગ્યે, બી.સી.સી.આઇ. હોલ, ભવન્સ કોલેજ કેમ્પસ, અંધેરી(વે) ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં પ્રો. કાંતિ પટેલ, કિશોર પટેલ, સંજય ગોરડીયા, ઉમેશ શુક્લ, આસિતકુમાર મોદી, સંજય છેલ, અસલમ પરવેઝ, રાહુલ પટેલ, જયેશ મહેતા,સતીશ વ્યાસ તેમજ દિવંગતના સ્વજનો અને મિત્રો દિવંગતની સ્મૃતિઓને વાગોળશે. ■

# મનમાડ-ઇન્દોર રેલવે લાઇનને ગતિ

ધુળે: ઉત્તર મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશને સીધા રેલ્વે માર્ગથી જોડતા મનમાડ-ઇન્દોર નવા રેલવે લાઇન પ્રોજેક્ટની કામગીરી હવે ગતિ પકડી રહી છે. કેન્દ્રીય કેબિનેટે ૨ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ આ પ્રોજેક્ટના બાકી રહેલા આશરે ૩૦૯ કિલોમીટર લાંબા હિસ્સાને મંજૂરી આપી દીધી છે અને સમગ્ર પ્રોજેક્ટ માટે અંદાજે ૧૮ હજાર ૩૬ કરોડ રૂપિયાના ખર્ચને માન્યતા આપવામાં આવી છે. આ અગાઉ બોરવિહીર-નરડાણા વચ્ચેના આશરે ૫૧ કિલોમીટરના પ્રથમ તબક્કાની કામગીરી શરૂ થઈ ચૂકી હતી. તેથી આ ભાગ સિવાયના બાકીના રેલવે માર્ગ માટે આખરી મંજૂરી આપી દેવામાં આવી છે. વર્ષોથી અટકેલા આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટને આના કારણે નવી ગતિ મળી છે. ■

# સેનાના તમામ સાંસદો મક્કમતાથી પક્ષની સાથે છેઃ સંજય રાઉત

મુંબઈ: પક્ષના નેતૃત્વ દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં નવમાંથી પાંચ સાંસદો પ્રત્યક્ષ રીતે હાજર રહેવામાં નિષ્ફળ ગયાના એક દિવસ પછી, શિવસેના (યુબીટી) ના પ્રવક્તા સંજય રાઉતે દાવો કર્યો હતો કે તેઓ તમામ ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળના પક્ષ સાથે મજબૂત રીતે જોડાયેલા છે.

પાર્ટીના સાંસદોને શિકાર બનાવવા માટે 'ઓપરેશન ટાઇગર' શરૂ થવાની અટકળો વચ્ચે, રાઉતે કહ્યું કે સેના (યુબીટી) તેના વિરોધીઓને નિશાન બનાવવા માટે ''ઓપરેશન વુલ્ફ' શરૂ કરશે, જેનો સ્પષ્ટ ઈશારો મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળના હરીફ સેના જૂથ તરફ હતો.

ઉદ્ધવ ઠાકરેએ રવિવારે મુંબઈમાં પાર્ટીના સાંસદોની બેઠક બોલાવી હતી. નવ લોકસભા સભ્યોમાંથી અરવિંદ સાવંત, અનિલ દેસાઈ, રાજાભાઉ વાઝે અને સંજય પાટીલ આ બેઠકમાં રૂબરૂ હાજર રહ્યા હતા. જ્યારે ઓમપ્રકાશ રાજે નિમ્બાલકર, ભાઉસાહેબ વાકચૌરે, નાગેશ બાપુરાવ પાટીલ અષ્ટિકર અને સંજય દેશમુખે ઓનલાઈન મીટિંગમાં હાજરી આપી હતી જ્યારે સંજય જાધવે ઠાકરે સાથે ફોન પર વાત કરી હતી. જાધવ આગામી બે દિવસમાં મુંબઈની મુલાકાત લેશે અને ઠાકરેને મળશે, એમ રાઉતે જણાવ્યું હતું.

જ્યારે શિવસેનામાં ભાગલા પડ્યા, ત્યારે જેમની વફાદારી પર શંકા ન કરી શકાય તેવા લોકો ચાલ્યા ગયા. અમને અમારા સાંસદો પર વિશ્વાસ છે અને આગળ પણ રહેશે. આ તમામ સાંસદો શિવસેના (યુબીટી) સાથે જ છે, તેમ રાજ્યસભાના સાંસદે જણાવ્યું હતું.

'ઓપરેશન ટાઈગર'ની ચર્ચા પર રાઉતે પૂછ્યું કે, શું વાઘ જાગતો હોય ત્યારે તેને ક્યારેય કોઈ અડી શકે ખરું? વાઘને પહેલા બેભાન કરવો પડે. પછી તમારે તેના પગ બાંધવા પડે અમારી સાથે એ શક્ય નથી. વાઘ મુક્તપણે ફરી રહ્યા છે,' તેમણે કહ્યું. જ્યારે એ પૂછવામાં આવ્યું કે, જે સાંસદો રવિવારની બેઠકમાં ગેરહાજર રહ્યા હતા તેઓ ૧૯ જૂને અવિભાજિત શિવસેનાના સ્થાપના દિવસ પર હાજર રહેશે કે કેમ, ત્યારે રાઉતે કહ્યું કે શિવસેના પરિવારના આ કાર્યક્રમ માટે કોઈને આમંત્રણની જરૂર હોતી નથી. ■

# રાજ્ય પરિવહન નિગમે સામાન્ય બસ સેવાઓ પર ૧૦ ટકા ભાડાવધારો વધુ એક મહિના માટે લંબાવ્યો

મુંબઈ : વધતા જતા ઇંધણના ભાવ અને કર્મચારીઓના ખર્ચમાં વધારો થવાને કારણે, મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમે (એમએસઆરટીસી) તેની સામાન્ય બસ સેવાઓ પર ૧૦ ટકા મોસમી ભાડામાં વધારો વધુ એક મહિના માટે ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. સોમવારે જારી કરાયેલા એક નિવેદનમાં એમએસઆરટીસીએ જણાવ્યું હતું કે હાલના વધેલા ભાડા ૧૫ જુલાઈની મધ્યરાત્રિ સુધી અમલમાં રહેશે.

એમએસઆરટીસીએ ઉનાળાની સિઝન દરમિયાન આવક વધારવા માટે ૧૫ એપ્રિલથી ૧૫ જૂન સુધી મોસમી ભાડામાં વધારો કર્યો હતો. રાજ્ય સંચાલિત પરિવહન ઉપક્રમે વધુમાં જણાવ્યું હતું કે ઇંધણના ઊંચા ભાવ અને કર્મચારીઓના લાભ ખર્ચમાં વધારો થવાથી નાણાકીય બોજને કારણે આ વધારો જરૂરી હતો.તે મુજબ, સામાન્ય અને મિડી બસ સેવાઓ માટે સ્ટેજ ભાડું પ્રતિ સ્ટેજ રૂ. ૧૧.૦૫ ચાલુ રહેશે. લઘુતમ ભાડું પુખ્ત વયના માટે રૂ. ૧૪ અને બાળકો માટે રૂ. ૭ યથાવત્ રહેશે. રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે તાજેતરમાં એમએસઆરટીસી કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થું (ડીએ) પાંચ ટકા વધારીને ૫૮ ટકા કરવાની જાહેરાત કરી હતી, જે રાજ્ય સરકારના કર્મચારીઓને મળતા મોંઘવારી ભથ્થા જેટલું જ છે. (પીટીઆઈ) ■

નવમાં પાનાનું ચાલુ

## મુંબઇ, એમએમઆરમાં

માહિતી આપી હતી કે મુંબઈના ૨,૦૦૦ કિલોમીટરના રોડ નેટવર્કમાંથી ૧,૭૦૦ કિલોમીટરના રોડનું કોંક્રિટીકરણ કરવામાં આવ્યું છે, જેના કારણે રોડ અને ખાડાઓના સમારકામ પર ખર્ચમાં ૮૦ ટકાનો ઘટાડો થયો છે.

બેઠકમાં મેયર રીતુ તાવડે, ડેપ્યુટી મેયર સંજય ઘાડી, મ્યુનિસિપલ કમિશનર અશ્વિની ભીડે, એડિશનલ મ્યુનિસિપલ કમિશનરો અને રેલવે, પોલીસ, સિડકો, મ્હાડા, એમએમઆરડીએ, સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી, કોસ્ટ ગાર્ડ, નેવી, એનડીઆરએફ અને બેસ્ટના અધિકારીઓ હાજર રહ્યા હતા.

બેઠકમાં બોલતા શિંદેએ જણાવ્યું હતું કે મ્યુનિસિપલ કોર્પોરેશન અને અન્ય વિભાગો દ્વારા હાથ ધરવામાં આવેલ આયોજન નાગરિકોને રાહત આપવામાં મદદ કરશે.

તેમણે અધિકારીઓને એવા વિસ્તારોમાં ડ્રેઇન-સફાઈનું કામ તાત્કાલિક પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો જ્યાં તે અધૂરું છે. ચોમાસાની શરૂઆત મોડી થઈ હોવાથી, એજન્સીઓ પાસે તૈયારીઓને મજબૂત કરવા માટે વધારાનો સમય છે.

નાયબ મુખ્ય મંત્રીએ નિર્દેશ આપ્યો કે તળાવો અને ફ્લડગેટ્સને કાર્યરત રાખવામાં આવે.

બેસ્ટ અને મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમ (MSRTC) ના અધિકારીઓને વૈકલ્પિક પરિવહન વ્યવસ્થા તૈયાર કરવા કહેવામાં આવ્યું હતું.

મુંબઈ મહાનગરપાલિકાને વૃક્ષો પડવાથી થતા અકસ્માતોને રોકવા માટે વધારાની સાવચેતી રાખવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો, અને રેલવેને પાટા નીચે ગટરોની યોગ્ય સફાઈ સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી હતી.

શિંદેએ નોંધ્યું હતું કે ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં કાર્યક્ષમ ડ્રેનેજ પાણીજન્ય રોગોના પ્રકોપને રોકવામાં મદદ કરશે.

તેમણે કહ્યું કે હિન્દુહૃદયસમ્રાટ બાળાસાહેબ ઠાકરે આપલા દવાખાના /ક્લિનિક્સમાં દવાઓનો પૂરતો સ્ટોક રાખવો જોઈએ. મેટ્રો અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી કે તેઓ ખાતરી કરે કે સ્ટેશનો પર પાણી એકઠું ન થાય.

શિંદેએ કટોકટી દરમિયાન NDRF નૌકાદળ, વાયુસેના અને સેના દ્વારા આપવામાં આવતી નિયમિત સહાયનો પણ સ્વીકાર કર્યો અને કુદરતી આફતોની સ્થિતિમાં ગાઢ સંકલન જાળવવા માટે તમામ એજન્સીઓને અપીલ કરી.

પ્રેઝન્ટેશન દરમિયાન, વધારાના મ્યુનિસિપલ કમિશનર અભિજીત બાંગરે જણાવ્યું હતું કે મુંબઈમાં ૧૨૫ વરસાદ દેખરેખ સ્ટેશન છે. તેમણે જણાવ્યું હતું કે આ વર્ષે જૂનથી સપ્ટેમ્બર દરમિયાન ૪.૫ મીટરથી વધુ ઊંચા ભરતીના ૨૪ દિવસ આવશે. તેમણે ઉમેર્યું હતું કે શહેરમાં ૯૩૪ પાણી-પમ્પિંગ સ્થાનો સ્થાપિત કરવામાં આવ્યા છે અને ૬૫ મિની-પમ્પિંગ સ્ટેશન કાર્યરત છે.

આ વર્ષે મ્યુનિસિપલ કોર્પોરેશનના સેન્ટ્રલ કંટ્રોલ રૂમ દ્વારા પમ્પિંગ સ્ટેશન કામગીરીનું નિરીક્ષણ અને નિયંત્રણ કરવા માટે એક સ્માર્ટ પમ્પ મેનેજમેન્ટ સિસ્ટમ રજૂ કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે મુંબઈમાં ૧,૦૦૦ તાલીમ પામેલા આપત્તિ સ્વયંસેવકો (આપદા મિત્ર) તૈનાત કરવામાં આવ્યા છે. કટોકટીની પ્રતિક્રિયા માટે NDRF ની ત્રણ ટીમો અને નૌકાદળની નવ ટીમો તૈનાત છે. ■

## પીએમ મોદીના

પરિવારમાં પુત્રવધૂ માટે નવું મંગળસૂત્ર ખરીદવાની ચર્ચા ચાલી રહી હતી, પરંતુ તેમની પત્ની સીમા ચૌબેએ પોતાના જ મંગળસૂત્રને પોલિશ અને રિફર્બિશ કરીને વહુને ભેટ આપવાનો નિર્ણય કર્યો હતો. પત્રમાં ચૌબેએ જણાવ્યું કે, આ માત્ર પૈસા બચાવવા માટે નથી, પરંતુ વડા પ્રધાનના આહ્વાનને પ્રતિસાદ આપીને એ દર્શાવવાનો એક સભાન પ્રયાસ છે કે સામાન્ય નાગરિકો પણ નાના વ્યક્તિગત નિર્ણયો દ્વારા રાષ્ટ્રહિતમાં પોતાનું યોગદાન આપી શકે છે. ■

## મહાવિતરણ

હતું. એનરોને ૧૯૯૪ માં તત્કાલીન MSEB (મહાવિતરણની મૂળ કંપની) ને નાણાકીય પતનમાં લાવવા માટે મધ્યસ્થીનો આશરો લીધો હતો. આનાથી સમગ્ર MSEB બોર્ડના અસ્તિત્વ પર જોખમ ઊભું થયું. જો એનરોન તૂટી ન પડ્યું હોત, તો તે સમયે તેઓ MSEB પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી શક્યા હોત.

સદનસીબે, એનરોનના પતનને કારણે MSEB બચી ગયું.

આ સંદર્ભમાં, ટ્રેડ યુનિયનો માંગ કરી રહ્યા છે કે રાજ્યના મુખ્યમંત્રી અને ઊર્જા મંત્રી આ સંદર્ભમાં નીચે મુજબ સ્પષ્ટતા કરે.

૧) કંપનીની વર્તમાન શેર મૂડી કેટલા કરોડ રૂપિયા છે?

૨) કેટલા કરોડ રૂપિયા અને બજારમાં શેર મૂડીના કેટલા ટકા વેચાશે?

૩) જો IPO દ્વારા ચોક્કસ મર્યાદા કરતાં વધુ શેર મૂડી વેચવામાં આવે, તો શું ખાનગી મૂડીવાદીઓ મહાવિતરણ પર માલિકી હકો મેળવશે?

**૭૦ ટકાથી વધુ શેર વેચવાની તૈયારી**

**વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા અનુસાર,**

મહાયુતિ સરકારે મહાવિતરણના ૭૦ ટકાથી વધુ શેર વેચવાનો નિર્ણય લીધો છે. આના કારણે મહાવિતરણને માત્ર ૧૦ હજાર કરોડ રૂપિયા જ મળશે. જોકે, આ લાખો કરોડ રૂપિયાની સંપત્તિ ધરાવતી મહાવિતરણ કંપનીને સસ્તા ભાવે વેચવાનો પ્રયાસ દર્શાવે છે. બધા નાગરિકોએ આનો વિરોધ કરવો જોઈએ જેથી મહારાષ્ટ્રના લોકો મહાવિતરણ જેવી જાહેર કંપની, જે લોકોની માલિકીની છે, તેને સસ્તા ભાવે ખાનગી મૂડીવાદીઓને વેચી શકે. ■

## હાઇ કોર્ટના

છે)ને યોગ્ય સુરક્ષા મળવી જોઇએ.

જસ્ટિસ પટેલે રવિવારે ગામદેવી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદને આધારે અજાણ્યા શખસો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૫૧ (૩) અને ૩૫૧ (૪) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

ફરિયાદ મુજબ જસ્ટિસ પટેલ અને તેમના પરિવારને છેલ્લા ૧૦ મહિનામાં અનેક નનામા ધમકીના પત્રો મળ્યા હતા અને લંડનમાં તેમની પુત્રીના નિવાસે જર્મન પોસ્ટલ માર્ક ધરાવતો વધુ આક્રમક ધમકીનો પત્ર પાંચમી જૂને મોકલવામાં આવ્યો હતો.

પત્રમાં તેમના જીવને જોખમ હોવાની ચેતવણી આપવામાં આવી હતી અને દાવો કરવામાં આવ્યો હતો કે પરિવાર ખતમ કરવા માટે 'કોન્ટ્રેક્ટ' આપવામાં આવ્યો છે. તેમાં એક ડિજિટલ સ્ટોરેજ ડિવાઇસ પણ સામેલ હતું, જે લંડન પોલીસને તપાસ માટે સોંપાયું છે.

ધમકી આપનારે માગણી કરી હતી કે નિવૃત્ત જજે યુટ્યુબ પર વીડિયો પોસ્ટ કરીને પોતાના ચુકાદા અંગે માફી માગવી જોઇએ અને લાખોની સંખ્યા ધરાવતા દાઉદી વોહરા સમુદાયના આધ્યાત્મિક ગુરુ સૈયદનાનું બિરુદ અને ઉત્તરાધિકારી સંબંધમાં ચુકાદો એવું કહીને પાછો ખેંચી લેવો જોઇએ કે તે બળજબરીથી અને દબાણ હેઠળ અપાયો હતો.

આવા જ ધમકીભર્યા પત્રો જસ્ટિસ પટેલના મુંબઈના નિવાસસ્થાને મોકલવામાં આવ્યા હતા અને તેમની પત્ની દ્વારા તે પ્રાપ્ત કરાયા હતા.

ભારતના ચીફ જસ્ટિસ સૂર્ય કાંત યુકેની વિધિસર મુલાકાતે ગયા ત્યારે તેમણે ઇન્ડિયા હાઇ કમિશનર પી. કુમારનને આ મામલાની જાણ કર્યા બાદ ગયા સપ્તાહમાં લંડન પોલીસે જસ્ટિસ પટેલ અને તેમના પરિવારને સુરક્ષા પૂરી પાડી હતી.

હાઇ કમિશનરે ત્યાર બાદ આ મામલો પ્રશાસન પાસે લઇ જવાની ખાતરી આપી હતી, જેથી નિવૃત્ત જજ અને તેમના પરિવાર માટે પૂરતું રક્ષણ પૂરું પાડી શકાય.

૨૪ એપ્રિલ, ૨૦૨૪ના રોજ જસ્ટિસ પટેલની સિંગલ બેન્ચે દાઉદી વોહરા સમુદાયના ત્રેપનમા દાઇ અલ-મુતલક (ધર્મગુરુ) તરીકે સૈયદના મુફદ્દલ સૈફુદ્દીનનું સ્થાન બહાલ રાખતાં એવી નોંધ કરી હતી કે તેમની નિયુક્તિ પ્રમાણિત છે.

૨૦૧૪માં આરંભમાં ખુઝાયમા કુતબુદ્દીન દ્વારા તેમના ભાઇ અને તત્કાલીન સૈયદના મહંમદ બુરહાનુદ્દીન (બાવનમા દાઇ) ૧૦૨ વર્ષની વયે જાન્યુઆરીમાં અવસાન બાદ તુરંત દાખલ કરેલી અરજી જસ્ટિસ પટેલે રદબાતલ કરી હતી. બુરહાનુદ્દીનના બીજા પુત્ર મુફદ્દલ સૈફુદ્દીને તે પછી ત્રેપનમા સૈયદના તરીકે સૂત્રો સંભાળી લીધાં હતાં.

૨૦૧૬માં કુતબુદ્દીનના મૃત્યુ બાદ તેમના પુત્ર તાહેર ફખરુદ્દીને એવો દાવો કરીને અરજી કરી હતી કે તેમના પિતાએ તેમને સત્તા સોંપી છે. ચુકાદામાં જસ્ટિસ પટેલે નોંધ કરી કે કુતબુદ્દીનને બાવનમા દાઇ તરીકે નિયુક્ત કરાયા એવું દર્શાવતા કોઇ પણ પુરાવા સુપરત કરવામાં અરજદાર નિષ્ફળ ગયા છે. જસ્ટિસ પટેલ પચીસમી એપ્રિલ, ૨૦૨૪ના રોજ નિવૃત્ત થયા હતા. અરજદારે ત્યાર બાદ ઉત્તરાધિકારીનો આ ચુકાદો હાઇ કોર્ટની ડિવિઝન બેન્ચ સમક્ષ પડકાર્યો હતો, જ્યાં મામલો હાલમાં ચાલી રહ્યો છે. (પીટીઆઇ) ■

## વિધાન પરિષદની

મહાયુતિના ઘટક પક્ષોની પકડ મજબૂત છે. બંને જગ્યાએ મહાયુતિના પક્ષો પાસે સૌથી વધુ બેઠકો છે. પરંતુ સ્થાનિક મહાયુતિના નેતાઓ વચ્ચે ચાલી રહેલી આંતરિક ખટપટોને કારણે કદાચ વિધાન પરિષદની ચૂંટણીમાં નુકસાન વેઠવું પડી શકે છે. આ સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને મહાયુતિના વરિષ્ઠ નેતાઓ દ્વારા રસ્તો કાઢવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

સાતારા-સાંગલી વિધાન પરિષદ ચૂંટણીની પૃષ્ઠભૂમિમાં પ્રધાન શંભુરાજ દેસાઈએ બે દિવસ પહેલા નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સાથે મુલાકાત કરી હોવાની માહિતી સામે આવી હતી. ભાજપના નેતાઓ દ્વારા શિવસેના અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસના નેતાઓને વિશ્વાસમાં લેવામાં આવી રહ્યા નથી, તેવી નારાજગી શંભુરાજ દેસાઈએ વ્યક્ત કરી હતી. આ ઉપરાંત, મહાયુતિની તાજેતરમાં યોજાયેલી બેઠકમાં રાષ્ટ્રવાદી અને શિવસેનાના નેતાઓ ગેરહાજર રહ્યા હોવાના સમાચાર પણ સામે આવ્યા હતા. આથી, સાંગલી-સતારા વિધાન પરિષદ ચૂંટણીમાં મહાયુતિના ઉમેદવાર જીતશે કે નહીં? તેવી ચર્ચા રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે.

દરમિયાન, સાતારા જિલ્લા પરિષદના પ્રમુખ પદની ચૂંટણીમાં, ભાજપ, શિવસેના અને એનસીપી વચ્ચે ઘર્ષણ જોવા મળ્યું. આ દરમિયાન પોલીસ બળનો ઉપયોગ કરતી ઝપાઝપીમાં મંત્રી શંભુરાજ દેસાઈના હાથ પર ઈજા થઈ હતી. આ ઝપાઝપીમાં પ્રધાન મકરંદ પાટીલ પણ ઘાયલ થયા હતા. શું શિવસેના અને એનસીપીના સ્થાનિક નેતાઓ વિધાન પરિષદની ચૂંટણીમાંથી આ ઘટનાનો દોષ પાછો ખેંચશે? તેની પણ ચર્ચા થઈ રહી છે. ■

# જૈન મરણ

**પોરબંદર દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

પોરબંદર નિવાસી હાલ દહીસર, સ્વ. રંજનબેન ચંપકલાલ અડોદરાના સુપુત્ર ઉદયભાઈ (ઉં. વ. ૬૫) તે કિરણબેનના પતિ. યશના પિતા. દર્શાના સસરા. ભાવિન, લાજુના ભાઈ. રાજકોટ નિવાસી સ્વ. કુસુમબેન હરીલાલ બોઘાણીના જમાઈ. તા. ૧૪.૬.૨૦૨૬ને રવિવારે અરિહંતશરણ થયા છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે. ચક્ષુદાન કરેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ મહાજન જૈન**

ડુમરાના હાલે અલિબાગ જીયા ભરત ગડા (ઉં. વ. ૪૮) તા. ૧૨/૬/૨૦૨૬ના મુંબઇ મધે અવસાન પામેલ છે. દમયંતીબેન નાનજી પ્રેમજી ગડાના પુત્રવધૂ. ભરતના પત્ની. સાંગલીના સુમન યશવંત ઇગ્ળકરના સુપુત્રી. પ્રાર્થના રાખેલ નથી. સરનામું : ભરત નાનજી ગડા, અદિતી એપાર્ટમેન્ટ, રૂમ નં. ૪ ચેંઢરે અલિબાગ જિલ્લો રાયગઢ, પીન-૪૦૨૨૦૧.

ડોણના નિલેશ તલકશી ગાલા (ઉં. વ. ૫૯) ૧૩/૦૬/૨૬ના અવસાન પામેલ છે. સાકરબેન તલકશીના સુપુત્ર. લતાના પતિ. સ્વીટી, દ્રષ્ટીના પિતા. જવેરબેન લાલજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. એ.: રાજેન્દ્ર પાર્ક, બી. નં.૪, રૂમ નં.૮, સ્ટેશન રોડ, ગોરેગામ (વે.), મું.-૧૦૪.

બાંભડાઇના શાંતિલાલ દામજી સોની (ઉં. વ. ૬૪) તા. ૧૧/૬/૨૬ના સવારના ૭ વાગે અવસાન પામેલ છે. સ્વ. દેવાબેન દામજીના સુપુત્ર. શોભાના પતિ. સ્વ. વિમળા, પ્રવિણ, મોહનના ભાઇ. રાધાબેન કાર્તિકના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : મોહન દામજી સોની, મારીયા અપાર્ટમેન્ટ, બી-૧૦૮, સાઇ નગર, વસઇ-વેસ્ટ- ૪૦૧૨૦૨.

નાની તુંબડી હાલે અમદાવાદનાં દિનેશ ખીમજી મોરારજી બૌઆ (ઉં. વ. ૭૫) તા.૧૪/૬/૨૬નાં દેહ પરિવર્તન કરેલ છે. મેઘબાઈ ખીમજીના પુત્ર. લીલાવંતીના પતિ. શ્વેતા, ડો.વિશાલના પિતા. તારા, સુશિલા, મહેશ, હરેશના ભાઈ. તુંબડી દેવકાબેન દામજી સાવલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી, નિ. લીલાવંતી બૌઆ, એ/૧૦૪, સદગુરૂ શરણ,બંધન બેંકની બાજુમાં, નિકોલ,અમદાવાદ ૩૮૨૩૫૦.

બેરાજા હાલે બૈતુલ એમ.પી. ના મનસુખલાલ રતનશી કક્કા (ઉં. વ. ૭૯) તા. ૧૪/૦૬/૨૬ના અવસાન પામેલ છે. બેરાજાના સ્વ. પાનબાઇ રતનશી કક્કાના પુત્ર. પુનડીના સ્વ. શાંતાબેન શામજી ચાંપશીના જમાઇ. અનસુયાબેનના પતિ. પીયુષ- સોનલના પિતા. પ્રાર્થના સભા રાખેલ નથી. એમના આત્માની શાંતિ માટે ૧૨ નવકાર ગણવા.નિ. પીયુષ મનસુખ કક્કા ઠે. એમઆઇજી ૩, હાઉસિંગ બોર્ડ કોલોની બેટલ ગુંજ, એમ.પી. પીન- ૪૬૦૦૦૧.

ડોણના સુંદરબેન મુલચંદ શામજી છેડા (પ્રિન્સ) (ઉં. વ. ૮૭) તા. ૧૪/૬ના અરિહંત શરણ પામ્યા છે. લાછબાઈ શામજી કોરશીના પુત્રવધૂ. મુલચંદભાઈના ધર્મપત્ની. મનીષ, જ્યોતિ, કિરણના માતુશ્રી. ભારાપરના મઠામા પલાણ મોણશી સાવલાના સુપુત્રી. પ્રા. સાંજે ૪ થી ૫.૩૦ ઠે. યોગી સભાગૃહ, ૧લે માળે, દાદર (ઈ). નિ. મનિષ છેડા, અલપ્રાડો બિલ્ડીંગ, ૧૯મો માળો, ડો. આંબેડકર રોડ, દાદર (ઈ), મુંબઈ-૧૪

કુંદરોડીના માતુશ્રી મણીબાઈ ખીમજી છેડા (ઉં. વ. ૯૧) તા. ૧૩-૬-૨૬ ના અવસાન પામેલ છે. મેઘબાઈ રામજીના પુત્રવધૂ. સ્વ. ખીમજીના પત્ની. દિપક, મુક્તા, પારૂલના માતુશ્રી. પ્રાગપુરના ખીમઇબાઈ/ હીરબાઈ ખેરાજ ઓભાયાના સુપુત્રી. જયંતીલાલ, નેમીદાસ, મણીલાલ, મનસુખ, રતનબેન, જવેરબેન, ચંદ્રિકા ના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિપક છેડા. ઠે. કાનાપ્રિયન કોલોની, બી.એસ. સુંદરરામ રોડ, ત્રિપુર.

ગુંદાલાના માતુશ્રી અમૃતબેન (ઉમરબાઈ) દામજી રાંભીયા (ઉં. વ. ૯૧) તા. ૧૪.૬.૨૬ ના અવસાન પામ્યા છે. વેલબાઈ આણંદજી નરશીના પુત્રવધૂ. દામજી (બચુભાઈ)ના ધર્મપત્ની. જીજ્ઞેશ, પ્રજ્ઞેશ, ભાનુ/ઉર્મિલા, હેમલતા (આશા), પ્રજ્ઞાના માતુશ્રી. વડાલા કેસરબેન/પાનબાઈ કુંવરજી લધા શેઠીયાના સુપુત્રી. મણીલાલ, રમણીક, પ્રવિણ, શાંતિલાલ, જયંતિ, વિજય, બારોઈ દેવકાબેન શાંતિલાલ, નાના આસંબિયા પ્રેમીલાબેન જયંતિલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રજ્ઞેશ રાંભીયા : ૪/ સી, સૂરેશ્વરી વીલા, લીંક રોડ, બોરીવલી-વે., મું-૯૨.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

લાઠી નિવાસી હાલ બોરીવલી સ્વ. મંછાબેન રતિલાલ ભાયાણીના સુપુત્ર અરવિંદભાઇ (બિપીનભાઇ) (ઉં. વ. ૭૭) સોમવાર, તા. ૧૫-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ગીતાબેનના પતિ. તે ભાવિતા રોહનના પિતાશ્રી. નલીની જતીન મહેતા, સ્વ. દિલીપભાઇ, ચંદ્રેશભાઇના ભાઇ. સુરેન્દ્રનગર નિવાસી સ્વ. શાંતિલાલ રાયચંદ શાહના જમાઇ. લૌકિક વ્યવહાર અને પ્રાર્થનાસભા રાખેલ નથી.

# હિન્દુ મરણ

રાજકોટ નિવાસી સ્વ. રળિયાતબેન તે દેવશીભાઈ પરસાણાના ધર્મપત્ની ૧૪-૬-૨૬ના રવિવાર રાજકોટ મુકામે અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું તા.૧૮-૬-૨૬ના ગુરુવાર સવારે ૯ થી ૧૧. કોપર કલાસીક એપાર્ટમેન્ટ, રેલવે ક્રોસિંગ પાસે, એરપોર્ટ રોડ, રાજકોટ.

નગીનદાસ ભોગીલાલ શાહના સુપુત્ર મહેન્દ્રભાઈ (ઉં. વ. ૮૭) તા. ૧૫/૦૬/૨૦૨૬ના દિને શ્રીજીચરણ પામ્યા છે. તે નરેન્દ્રભાઈ, સ્વ. જસ્વીકાબેન, સ્વ. ચંદ્રિકાબેનના ભાઈ. નિરેન, મોનાલીના કાકા. સ્વ. દિવ્યેશ, સ્વ. લીના, દક્ષેશ-કામિની, મનીષા-શવના મામા. બેસણું મંગળવાર તા. ૧૬/૬/૨૬ના રોજ સાંજે ૫.૦૦થી ૭.૦૦. ઈ-૪૧૦૩, વિવારીયા ટાવર-ઈ, સાનેગુરુજી માર્ગ, મહાલક્ષ્મી, મું.- ૧૧.

**કપોળ**

મૂળ જાફરાબાદ વાળા, હાલ કાંદિવલી વેસ્ટ, ગં.સ્વ. હંસાબેન હરકિશનદાસ મોદી (ઉં. વ. ૮૫) તા. ૧૩.૦૬.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. હરકિશનદાસ હરગોવિંદદાસ મોદીનાં ધર્મપત્ની. અમરેલીવાળા સ્વ. જીવનલાલ રૂગનાથ મહેતાનાં દીકરી. રાજેશભાઈ, ઉમાબેન, દિપ્તીબેન. અલ્કાબેનનાં માતુશ્રી. તથા ફાલ્ગુનીબેન. યોગેશભાઈ, રોહિતભાઈ, ધનેષભાઈનાં સાસુમાં તથા દ્રષ્ટી, દિયા અને ધ્વની, જય, મીત, હિતેશ, વૃધ્ધીનાં બા. લૌકિક પ્રથા બંધ છે.

**ચીખલી મોઢ વણિક**

ચીખલી નિવાસી હાલ ગોરેગાંવ, નિલેશ સુનીલભાઈ શેઠ (ઉં. વ. ૬૦) તા. ૧૪/૬/૨૦૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રંજનબેન તથા સ્વ. સુનીલભાઈ શેઠના સુપુત્ર. હેમાબેનના પતિ. હર્ષ અને રિદ્ધિના પિતાશ્રી. પાર્થ સતીશભાઈ ગાંધીના સસરાશ્રી. સ્વ. ભારતીબેન હસમુખલાલ વૈદના નાનાજમાઈ, પ્રાર્થનાસભા તા. ૧૬/૬/૨૦૨૬ મંગળવારના રોજ ૫ થી ૭. સરદાર પટેલ હોલ, જવાહરનગર હોલ, સિટી સેન્ટર મોલ સામે, ગોરેગાંવ પશ્ચિમ.

**કપોળ**

સ્વ. હીરાલક્ષ્મી અંદરજીભાઈ વોરાના દીકરી તથા નવનીતભાઈના બહેન મંજુલાબેન (ઉં. વ. ૮૫) ૧૨/૬/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે ફાલ્ગુન તથા સોનલના માતુશ્રી. સ્વ. લીલાવતી કાનજીભાઈ મહેતાના પુત્રવધૂ. નિખિલકુમાર તથા અમીના સાસુ. સ્વ. નગીનભાઈ, જીતેન્દ્રભાઈ, સ્વ. પ્રકાશભાઈ, સ્વ. ગીતાબેન શિરીષકુમાર વોરા તથા પન્નાબેન શરદકુમારના ભાભી. તેમની પ્રાર્થનાસભા ૧૬/૬/૨૬ના રોજ ૫ થી ૭. પી ડી ખખ્ખર બેન્કવેટ હોલ, પહેલે માળે, અસ્પી ઓડિટોરિયમ માર્વે રોડ, મલાડ વેસ્ટ.

**કપોળ**

સ્વ. લીલાવતી કાનજીભાઈ રૂગનાથ મહેતાના પુત્ર છબીલભાઈ (ઉં. વ. ૮૫) ૧૨/૬/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે મંજુલાબેનના પતિ. ફાલ્ગુન તથા સોનલના પિતા. નિખિલ તથા અમીના સસરા. સ્વ. નગીનભાઈ, જીતેન્દ્રભાઈ, સ્વ. પ્રકાશભાઈ, સ્વ. ગીતાબેન શિરીષકુમાર વોરા તથા પન્નાબેન શરદકુમાર વોરાના ભાઈ. સ્વ. હીરાલક્ષ્મી અંદરજીના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ૧૬/૬/૨૬ના રોજ ૫ થી ૭. પી ડી ખખ્ખર બેન્કવેટ હોલ, પહેલે માળે, અસ્પી ઓડિટરીયમ માર્વે રોડ મલાડ વેસ્ટ.

**કપોળ**

ખાંભાવાળા હાલ કાંદિવલી, સ્વ. પુષ્પાબેન ગોરધનદાસ દોશીના પુત્રવધૂ. અરવિંદભાઈના ધર્મપત્ની ભાવનાબેન (ઉં. વ. ૬૧) ૧૪/૬/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે રોહન, ઈશાના માતુશ્રી. સ્વ. કેતનભાઈ, મીનાબેન, જીતુભાઇ, વર્ષાબેન, દિપ્તીબેન (પારૂલ) દિલીપકુમાર મહેતાના ભાભી. રાજુલાવાળા સ્વ. જ્યોતિબેન નગીનદાસ કાણકિયાના દીકરી. નિલેશ-યામિની, હિના આશિષ મોદીના બહેન. તેમની પ્રાર્થનાસભા ૧૬/૬/૨૬ના રોજ મંગળવાર ૪ થી ૬. પાવનધામ મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ ભાણવડ હાલ ભિવંડી, સ્વ. રમેશભાઈ માધવજી ઠક્કર (બથિયા)ના પત્ની ગીતાબેન (ઉં. વ. ૭૦) તા. ૧૪.૦૬.૨૬ના રવિવારના ગૌલોકવાસી થયેલ છે. તે શ્રુતિ રિતેશકુમાર માધવાણી, તન્વી આનંદકુમાર કોટેચાના માતુશ્રી. સ્વ. હસમુખભાઈ, સ્વ. ગીરીશભાઈ, રસીલાબેન મહેન્દ્રભાઈ, નલીનીબેન કિરીટભાઈના ભાભી. ગં.સ્વ. હંસાબેન હસમુખભાઈના દેરાણી. સ્વ. મંગળાબેન ગોરધનદાસ કાનજી વસાણી (મોટા કુકાવવાળા)ની દીકરી. તેમની પ્રાર્થનાસભા તા. ૧૬.૦૬.૨૬ મંગળવારના રોજ સાંજના ૪:૩૦ થી ૬:૦૦. રાધા ગોવિંદ હોલ, શ્રી નીલકંઠેશ્વર મહાદેવમંદિર તથા જલારામ મંદિર, તીનબત્તી, હફસન આળી, ભિવંડી.

**હાલાઈ લોહાણા**

દ્વારકા નિવાસી હાલ મુંબઈ, સ્વ. રમેશ લક્ષ્મીદાસ મોટલાના ધર્મપત્ની ગં.સ્વ. ભારતી મોટલા (ઉં. વ. ૭૪) તા. ૧૫-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. મણીબેન મણિલાલ ઠક્કરના પુત્રી, સ્વ. વેલાબેન લક્ષ્મીદાસ મોટલાના પુત્રવધૂ, વિકી અને મોનિકાના માતુશ્રી. નેહાના સાસુજી, બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬-૬-૨૦૨૬ના સાંજે ૫.૦૦ થી ૬.૩૦. શુભમ ગાર્ડન હોલ, ગણેશ ચોક, કાંદિવલી મેટ્રો સ્ટેશન પાસે, ચારકોપ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ખંભાત દશા શ્રીમાળી વણિક**

મુંબઇ નિવાસી સ્વ. હિરાલક્ષ્મી નટવરલાલ માચીસવાળાના સુપુત્ર અરુણ (ઉં. વ. ૭૫) રવિવાર, તા. ૧૪-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે ગં. સ્વ. ચેતનાબેન માચીસવાલાના પતિ. સ્વ. ધર્મિષ્ઠાબેન હસમુખલાલ નગરાવાળાના જમાઇ. દર્શન અને હેમાંગીના પિતા. સ્નેહા અને સપનીલના સસરા. સ્વ. મહેન્દ્રભાઇ, રંજનબેન અને હર્ષાબેનના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

અ. નિ. ભગવતીબેન મોરારજી ચંદન (રવાપર)ના પૌત્ર ગં. સ્વ. લક્ષ્મી અરવિંદ ચંદનના પુત્ર ચેતનકુમાર (ઉં. વ. ૪૭) તા. ૧૩-૬-૨૬ના અક્ષરનિવાસી થયેલ છે. તે પાયલ નીતિન નાંદુરકર, કુંજન મિહિર ચોથાણી, રવિ, રાજ, અ. નિ. સાગર, કિન્નરીના ભાઇ. ક્રિવીના મામા. સ્વ. સાકરબાઇ વાલજી રાજદે (ગામ ઉખેડા)ના દોહિત્ર. અ. નિ. કમળાબેન, અ. નિ. શારદાબેન, મહાલક્ષ્મીબેન, ગં. સ્વ. એકાદશીબેન, ગં. સ્વ. સીતાબેન, ગં. સ્વ. સંતોષીબેન, સાવિત્રીબેન, શીતલબેન, જયેશ. અ. નિ. દિપકના ભત્રીજા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા : ૧૬-૬-૨૬ મંગળવારના સાંજે ૪.૩૦થી ૬. ઠે. સ્વામિનારાયણ મંદિર, રાજાજી રોડ, ડોમ્બિવલી (ઇસ્ટ), બહેનોએ તે જ દિવસે આવી જવું, લૌકિક વ્યવહાર બંધ છે, ચક્ષુદાન કરેલ છે.

**કચ્છી ભાટીયા**

ભરત (ઉં. વ. ૬૨) તે સ્વ. ભાનુમતી તથા સ્વ. ચરણદાસ વિઠ્ઠલદાસ ઉદેશીના પુત્ર. સુષ્માના પતિ. ધૈર્યના પિતા. સૌ. દિવ્યાના સસરા. સ્વ. નર્મદાબેન તથા સ્વ. જનકસિંહ વાઘાણીના જમાઇ. સૌ. પૂર્ણિમા વિનેશ ભીમાણી. તથા સૌ. રીટા (મીતા) મહેશ સંપટના ભાઇ. તા. ૧૧-૬-૨૬ના દુબઇ મધ્યે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

ગામ વેકરી હાલ ઘાટકોપર સ્વ. જયસુખલાલ (ઉં. વ. ૮૭) તે સ્વ. વિજયાબેન અચરતદાસ સેલારકાના સુપુત્ર. તે સ્વ. કુસુમબેનના પતિ. જતીન-ભાવના, સંજય-હિના, તથા કવિન-દિપ્તીના પિતાશ્રી. તે સ્વ. ભીખાલાલ, પ્રફૂલચંદ્ર, નલિનીબેન, તરૂલતા તથા ચંદ્રિકાના ભાઇ. તે સ્વ. કેશવલાલ મોહનલાલ સાંગાણીના જમાઇ. નિશીતા પ્રિયાંસ, ઉર્મિત, ઋષિત-સલોની, ઉર્વી, દર્શીતા તથા હિતાર્થના દાદા. તા. ૧૨-૬-૨૬ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી. ઠે. ૫૦૧, મલ્લિકા બિલ્ડિંગ, આર.બી.મહેતા રોડ, ઘાટકોપર (પૂર્વ).

# પારસી મરણ

**પર્થ, ઑસ્ટ્રેલિયા**

હોમી જમશેદ વાડીયા (ઉં. વ. ૭૮) તા. ૧૪-૬-૨૬ના પર્થ, ઓસ્ટ્રેલિયા ખાતે ગુજરી ગયા છે. ખુર્શીદ (કુકી)ના પતિ. મરહૂમ જમશેદ અને પુરુઇઝ વાડિયાના દીકરા. જમશેદ અને ફિરોઝના પિતાશ્રી. અર્શીશ વાડિયાના ભાઇ. ગીતાંજલિના સસરા. ઉઠમણું : તા. ૧૬-૬-૨૬ના મુંબઇમાં.

હોમાય દાદીબા સુરતી તે મરહુમ દાદીબાના ધનિયાની. તે મરહુમો જરૂ હોમા તાતાના દીકરી. તે માઝરીનના માતાજી. તે હુતોકશી ને મરહુમ નરગીશના બહેન. તે ઝીનોબીયા, બીનાઇફર, ફ્રેનાદીના, દાનેશ ને મરહુમ ઝુબીનના માસી. તે મરહુમ દીનુ સુરતીના ભાભી. (ઉં. વ. ૮૭) રે. ઠે. એમ. એ. પટેલ બિલ્ડિંગ, એ વિંગ, ફલેટ નં. ૨૦૨, બીજે માળે, પાલીરામ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮.

લીલી મેહેરનોશ ઇરાની તે મરહુમ મેહેરનોશના ધનિયાની. તે મરહુમો થ્રીતી અરદેશીર વારીયાવાના દીકરી. તે ચેરાગ ને રોશનીના માતાજી. તે મરહુમ અરનાવાઝના બહેન. તે તીયાના બપઇજી. તે આરયન, રેહાન ને ઝારાના મમઇજી. (ઉં. વ. ૮૩) રે. ઠે. બમન હાઉસ, બીજે માળે, હોમજી સ્ટ્રીટ, પી. એમ. રોડ, ફોર્ટ, મુંબઇ-૪૦૦૦૦૧.

બાનુ નવરોજી તવદીયા તે મરહુમો હીરાબાઇ નવરોજી તવદીયાના દીકરી. તે મરહુમો જર, ખોરશેદ ને બેહરામના બહેન. તે જાલ, પરવેઝ ને કેકીના કઝીન કાકા. (ઉં. વ. ૯૫) રે. ઠે. લેડી રતન તાતા બિલ્ડિંગ નં.૧, ફલેટ નં. ૪. ટર્નર રોડ, બાંદરા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયા તા.૧૬-૬-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે, બાંદ્રા તાતા અગિયારીમાં છે.

ફ્રેની દાદાભાઇ પટેલ તે મરહુમો ધનમાય દાદાભાઇ પટેલના દીકરી. તે મરહુમો બચા ને દીનશાના બહેન. તે અદીલના માસી. (ઉં. વ. ૮૩) રે. ઠે. એમ-૨, ૧લે માળે, ફલેટ નં. ૧૩, મેરવાનજી કામા પાર્ક, કામા રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા તા. ૧૬-૬-૨૬ના દીને બપોરે ૩.૪૫ વાગે, માલકમ બાગ અગિયારીમાં.

## નાલાસોપારામાં

મળી આવી નહોતી. અભિનેત્રીના પિતાએ આચોલે પોલીસને જણાવ્યું હતું કે અમને આ પ્રકરણમાં કોઇ શંકા નથી અને તેના મૃત્યુ માટે કોઇને જવાબદાર ઠરાવી નહીં શકાય.

પોલીસે સંચિતાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો અને આ પ્રકરણે એડીઆર દાખલ કરીને સંચિતાએ ભરેલા અંતિમ પગલાં પાછળનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી હતી.

અભિનેત્રી સંચિતા ટીવી સિરિયલ કુમકુમ ભાગ્યમાં દિયા ટંડન તરીકે ભૂમિકા માટે જાણીતી હતી. આ સિરિયલમાં ભૂમિકા મળ્યા બાદ તેની કારકિર્દીમાં વળાંક આવીને તેને ભારે સરાહના મળી અને કારકિર્દીને કેવી રીતે આકાર મળ્યો તે વિશે સંચિતાએ અગાઉ માહિતી આપી હતી.

તેણે 'વાગલે કી દુનિયા-નઇ પીઢી નયે કિસ્સે'માં કામ કર્યું હતું. દિલવાલી દુલ્હા લે જાયેગીમાં પણ તેણે મુખ્ય ભૂમિકા ભજવી હતી. અમુક ફિલ્મોમાં પણ તે જોવા મળી હતી. વિકી કૌશલ અભિનિત ઐતિહાસિક વાર્તા છાવામાં તે તારા રાણીની યુવા આવૃત્તિ બની હતી અને થ્રિલર સિરિયલ સાઇલેન્સ-૨: ધ નાઇટ આઉલ બાર શૂટઆઉટમાં મનોજ બાજપાઇ સાથે પણ તે જોવા મળી હતી. અભિનેત્રીએ મૃત્યુના થોડા કલાકો પહેલા તેની છેલ્લી સોશિયલ મીડિયા પોસ્ટ શૅર કરી હતી. વીડિયોમાં તે લોકપ્રિય ગીત ગાતી જોવા મળે છે. ■

## ૭/૧૨માં હવે

માહિતી આપતા નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આનાથી ગ્રામીણ વિસ્તારોની મહિલાઓના અધિકારોનું રક્ષણ થશે. અધિકારીએ જણાવ્યું કે મહિલા ખેડૂતોને સરળ અને સુવિધાજનક લોન આપવાનો પ્રયાસ કરવામાં આવશે. અત્યારે મહિલાઓને ખેડૂત તરીકે ઓળખ મળી નથી. તેમને લોન અપાવવાના પ્રયાસો કરવામાં આવશે. સાત-બારા પર મહિલાઓનું નામ સામેલ કરવામાં આવશે તેમજ ખેતીના આંકડાઓમાં પુરુષ અને મહિલા ખેડૂતોનો અલગ-અલગ રેકોર્ડ રાખવામાં આવશે. કૃષિ વિભાગની તમામ યોજનાઓમાં મહિલાઓને ઓછામાં ઓછો ૩૦ ટકા લાભ આપવામાં આવશે. ■

## આમંત્રણ કાર્ડમાંથી

લાવવામાં આવ્યો હતો. મુખ્ય પ્રધાને અગાઉ આવી બાબતોની તપાસનું વચન આપ્યું હતું, છતાં આ અપમાન વારંવાર થઈ રહ્યું છે. આ ભૂલ માટે જવાબદાર પ્રોટોકોલ અધિકારીને તાત્કાલિક સજા થવી જોઈએ, સરનાઈકે જણાવ્યું.

નોંધનીય છે કે, નવી મુંબઈના મેયરનું પદ ભાજપ પાસે છે, જે ભાજપના નેતા અને શિંદેના કટ્ટર વિરોધી ગણેશ નાઈકનો ગઢ છે. પ્રોટોકોલ ભંગના વિરોધમાં, મ્હસ્કે અને સ્થાનિક શિવસેનાના નેતાઓએ સમારોહનો બહિષ્કાર કર્યો હતો. (પીટીઆઈ) ■

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક




# આપણે પૈસાના દાસ છીએ-સ્વામી છીએ કે ઉપાસક?




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

આપણે જ્યારે કોઈકને માટે કામ કરીએ છીએ ત્યારે આપણે એના નોકર છીએ અને એ આપણો શેઠ. આ જ સિદ્ધાંત પૈસાને પણ લાગુ પડે છે. જ્યારે આપણે ‘પૈસા માટે’ કામ કરીએ છીએ ત્યારે પૈસો માલિક બની જાય છે અને આપણે એના ગુલામ.

શરૂઆતનાં વર્ષોમાં આપણામાંના મોટા ભાગના લોકો ‘પૈસા માટે’ કામ કરતા હોય છે. અન્ન, વસ્ત્ર, આવાસ, ભણતર, આરોગ્ય વગેરે જરૂરિયાતો પૂરી કરવા માટે આપણને પૈસાની જરૂર પડે છે. જીવનમાં ઠરીઠામ થવાનાં એ વર્ષોમાં આપણામાંના મોટા ભાગના લોકો પૈસાની ‘ગુલામી’ કરે છે.

મૂળભૂત જરૂરિયાત અને ભૌતિકવાદ વચ્ચેનો તફાવત સમજી લેવો જરૂરી છે. ધીમે ધીમે આપણી મૂડી વધતી જશે. થોડા સમય પછી મૂડી વળતર આપવાનું શરૂ કરશે. હવે સંપત્તિ ‘આપણા માટે’ કામ કરવાનું શરૂ કરે છે. હવે આપણે સંપત્તિના માલિક છીએ અને તે આપણી દાસ. સાથે સાથે આ સિદ્ધાંત પણ યાદ રાખજોઃ પૈસા એ છે જે આપણે કમાવા પડે છે, સંપત્તિ એ છે જેના આપણે માલિક છીએ.

જેટલા જલદી આપણે સાદગી અને સંતોષ સાથે જીવવાનું શરૂ કરીશું એટલા જલદી સંપત્તિના સ્વામી બની શકીશું.

કોઈ પણ પ્રકારનું બંધન કે ગુલામી માનસિક તાણ પેદા કરે છે. આપણા પરિવાર અને મિત્રવર્તુળમાં કેટલાયને તેમના વ્યવસાયને કારણે તાણ અનુભવતા જોઈએ છીએ. તે એટલા માટે કે તેઓ ‘પૈસા માટે’ કામ કરે છે, મજૂરી કરે છે. આપણામાં એક કહેવત છે ને કે ‘સંતોષી નર સુદા સુખી.’ જો સંતોષ હશે તો શાંતિ મળશે. ગુલામીના ભાર અને માલિકીના આનંદ પછી ત્રીજો તબક્કો આવે છે. આ તબક્કો છે પરમાનંદનો. જો આપણે આપણાં શાસ્ત્રોને અનુસરીને સંપત્તિની ઉપાસના કરીશું તો પરમાનંદની અનુભૂતિ જરૂર થશે.

સંપત્તિની આરાધના કરવી એટલે આપણી સંપત્તિને પરિવાર, સમાજ અને સૃષ્ટિ સાથે વહેંચવી. આપણી પાસે જે કંઈ છે તે સઘળું સમાજ અને સૃષ્ટિ પાસેથી મળેલું છે. આપણે જ્યારે સમાજ અને સૃષ્ટિનું આ ઋણ ચૂકવીએ છીએ ત્યારે હળવાશ અને નિરાંતનો અનુભવ કરીએ છીએ, વિશિષ્ટ પ્રકારનો ભાવનાત્મક આનંદ અનુભવીએ છીએ. સમાજનું ઋણ ચૂકવવું એટલે જેને પૈસાની જરૂર છે એવી લાયક વ્યક્તિઓને આર્થિક મદદ કરવી. ઈશ્વરે આપણને જે કંઈ આપ્યું છે તે આપણે અન્યો સાથે વહેંચવું જોઈએ. ખાસ કરીને જરૂરતમંદ લોકો સાથે.

જૂના જમાનામાં રાજા-મહારાજાઓ કલાકારો અને વિદ્વાન વ્યક્તિઓને રાજ્યાશ્રય આપતા, તેમની આર્થિક જરૂરિયાતો પૂરી કરતા. આ લોકો પાસે કળા અને કૌશલ્યો હતાં, પણ સંપત્તિ નહોતી. રાજા પાસે સંપત્તિ, પણ એની પાસે કદાચ આ વ્યક્તિઓ જેવી કલાનિપુણતા અને વિદ્વત્તા ન પણ હોય.

પ્રકૃતિનું ઋણ ચૂકવવું એટલે એને ઓછામાં ઓછું નુકસાન પહોંચાડવું અને ધારો કે નુકસાન થઈ ચૂક્યું હોય તો તેને ભરપાઈ કરવા માટે આપણાથી બનતા શ્રેષ્ઠ પ્રયત્નો કરવા.

આપણે ‘પૈસા માટે’ કામ કરતા હોઈએ એટલે કે પૈસાના દાસ હોઈએ અથવા તો પૈસા ‘આપણા માટે’ કામ કરતા હોય એટલે કે આપણે પૈસાના સ્વામી હોઈએ – આ બન્ને સ્થિતિમાં પણ આપણે લક્ષ્મીદેવીની આરાધના તો કરી જ શકીએ. એક વાતની તકેદારી રાખવી જોઈએ કે આપણા મનમાં સહેજ પણ અહંકાર ન આવવો જોઈએ. ઋણ ચૂકવવામાં તે અહંકાર કે દેખાડો શાનો?

જો આપણે ‘પૈસા માટે’ કામ કરીશું તો માનસિક તાણનો ભોગ બનીશું જ. જો આપણે લક્ષ્મીપતિ હોઈશું તો સુખ અને સંતોષ પામીશું, પણ જો આપણે લક્ષ્મીદેવીના ઉપાસક બનીશું તો પરમાનંદનો અનુભવ કરીશું.

આપણે ખુદ કઈ અવસ્થામાંથી પસાર થઈ રહ્યા છીએ તેનો જવાબ આંતરખોજ કરીને શોધી લેવો જોઈએ. ■

**યોગિક વેલ્થ**

*વધારે કામ અને વધારે પૈસાનો મતલબ છે, જીવન માણવા માટે ઓછો સમય હોવો. ઓછું કામ અને ઓછા પૈસાનો મતલબ છે, જીવન માણવા માટે વધારે સમય હોવો. આપણે સૌએ પોતપોતાનું સંતુલનબિંદુ શોધી લેવાનું છે.*




નિશા સંઘવી
feedback@bombaysamachar.com

# હેલ્થ ઈન્સ્યૉરન્સ ખરીદતા પહેલાં...

## ...માત્ર પ્રીમિયમ નહીં, આ રેશિયો તથા શરતોને પણ સમજો

**આજના સમયમાં** હેલ્થ ઇન્સ્યૉરન્સ માત્ર એક નાણાકીય ઉત્પાદન નથી, પરંતુ દરેક પરિવાર માટે એક મહત્ત્વપૂર્ણ સુરક્ષા કવચ બની ગયું છે. વધતા મેડિકલ ખર્ચ, હૉસ્પિટલાઇઝેશનના ઊંચા ખર્ચ અને જીવનશૈલી સાથે જોડાયેલી બીમારીઓને કારણે યોગ્ય હેલ્થ ઇન્સ્યૉરન્સ પૉલિસી પસંદ કરવી હવે એક જરૂરી નાણાકીય નિર્ણય બની ગયો છે.

જોકે જ્યારે લોકો હેલ્થ ઇન્સ્યૉરન્સ ખરીદે છે ત્યારે ઘણી વખત તેમનું ધ્યાન માત્ર પ્રીમિયમ કેટલું છે, કેટલો વીમાકવચ મળશે અથવા કંપની કેટલી જાણીતી છે તેના પર રહે છે. હકીકતમાં સારી પૉલિસી પસંદ કરવા માટે કંપનીની નાણાકીય મજબૂતી, ક્લેમ ચુકવણી કરવાની ક્ષમતા અને પૉલિસીની શરતોને સમજવી પણ એટલી જ જરૂરી છે.

આ માટે કેટલાક મહત્ત્વપૂર્ણ ઇન્સ્યૉરન્સ રેશિયો અને પૉલિસી સંબંધિત બાબતોને સમજવી જરૂરી છે, જેમકે...

ક્લેમ સેટલમેન્ટ રેશિયો (Claim Settlement Ratio) ઊંચો હોય તો સામાન્ય રીતે સારો ક્લેમ સેટલમેન્ટ રેશિયો બતાવે છે કે કંપની પાસે આવેલા કુલ ક્લેમમાંથી કેટલા ક્લેમ કંપનીએ સ્વીકાર્યા અને ચલકવણી કરી.

ઉચ્ચ ક્લેમ સેટલમેન્ટ રેશિયો સામાન્ય રીતે સૂચવે છે કે કંપનીની ક્લેમ પ્રક્રિયા સારી છે અને ગ્રાહકોને ક્લેમ ચૂકવવાનો અનુભવ સારો રહ્યો છે, પરંતુ માત્ર આ એક જ રેશિયો જોઈને નિર્ણય લેવો યોગ્ય નથી, કારણ કે ક્લેમની સંખ્યા, ક્લેમનું કદ, ક્લેમની પ્રકૃતિ અને પૉલિસીની શરતો પણ મહત્ત્વપૂર્ણ હોય છે.

૨) ઇન્કર્ડ ક્લેમ રેશિયો (Incurred Claim Ratio - ICR) સંતુલિત રેશિયો વધુ સારો ઇન્કર્ડ ક્લેમ રેશિયો બતાવે છે કે કંપનીએ મેળવેલા પ્રીમિયમમાંથી કેટલો ભાગ ક્લેમ ચૂકવવામાં ખર્ચ કર્યો છે.જો ICR ખૂબ ઓછો હોય તો તેનો અર્થ થઈ શકે છે કે કંપનીએ ઓછા ક્લેમ ચૂકવ્યા છે અથવા તેની પૉલિસીની શરતો વધુ કડક હોઈ શકે છે.

બીજી તરફ, ખૂબ ઊંચો ICR કંપની પર ક્લેમનું વધારે ભારણ દર્શાવી શકે છે. આથી અહીં સૌથી મહત્ત્વપૂર્ણ બાબત છે સંતુલિત અને લાંબા ગાળે સ્થિર ICR.

૩) ક્લેમ રિજેક્શન રેશિયો (Claim Rejection Ratio) ઓછો હોય તો સારું.




ક્લેમ રિજેક્શન રેશિયો બતાવે છે કે કુલ ક્લેમમાંથી કેટલા ક્લેમ નકારવામાં આવ્યા. ગ્રાહકના દૃષ્ટિકોણથી ઓછો ક્લેમ રિજેક્શન રેશિયો સારો ગણાય છે, પરંતુ ક્લેમ નકારવાનાઢ્ઢ કારણો સમજવા પણ એટલું જ જરૂરી છે. ઘણી વખત ખોટી માહિતી આપવી, પહેલેથી રહેલી બીમારી છુપાવવી, જરૂરી દસ્તાવેજો ન આપવું અથવા પૉલિસીની શરતોમાં ન આવતી સારવાર માટે ક્લેમ કરવાથી પણ ક્લેમ નકારાઈ શકે છે.

આથી પૉલિસી લેતી વખતે આરોગ્ય સંબંધિત તમામ માહિતી સાચી આપવી ખૂબ જ જરૂરી છે.

૪) સોલ્વન્સી રેશિયો (Solvency Ratio) ઊંચો હોય તો સારું.

હેલ્થ ઇન્સ્યૉરન્સ એક લાંબા ગાળાનો કરાર છે. આજે લીધેલી પૉલિસીનો ઉપયોગ કદાચ ઘણાં વર્ષો પછી થઈ શકે છે.

સોલ્વન્સી રેશિયો બતાવે છે કે કંપની પાસે ભવિષ્યની જવાબદારીઓ અને ક્લેમ ચૂકવવા માટે પૂરતી નાણાકીય ક્ષમતા છે કે નહીં.

ઊંચો સોલ્વન્સી રેશિયો સામાન્ય રીતે કંપનીની મજબૂત નાણાકીય સ્થિતિ દર્શાવે છે.

૫) ફરિયાદ રેશિયો (Complaint Ratio) ઓછો હોય તો સારું.

સારી ઇન્સ્યૉરન્સ સેવા માત્ર ક્લેમ ચૂકવવાથી નક્કી થતી નથી. ગ્રાહકને યોગ્ય માર્ગદર્શન આપવું, પ્રશ્નોનું ઝડપી નિરાકરણ કરવું અને ક્લેમ પ્રક્રિયામાં મદદ કરવી, પણ એટલું જ મહત્ત્વ ધરાવે છે.

ઓછો ફરિયાદ રેશિયો કંપનીની સારી ગ્રાહક સેવા અને કામગીરીની ગુણવત્તાનો સંકેત આપે છે.

**એક નજરમાં સમજો...**

રેશિયો શું દર્શાવે છે ગ્રાહકે શું જોવું?

ક્લેમ સેટલમેન્ટ રેશિયો ચૂકવાયેલા ક્લેમ ઊંચો હોય તો સારું.

ઇન્કર્ડ ક્લેમ રેશિયો પ્રીમિયમ સામે ક્લેમ ખર્ચ સંતુલિત હોવો જોઈએ.

ક્લેમ રિજેક્શન રેશિયો નકારાયેલા ક્લેમ ઓછો હોય તો સારું.

સોલ્વન્સી રેશિયો કંપનીની નાણાકીય મજબૂતી ઊંચો હોય તો સારું.

ફરિયાદ રેશિયો ગ્રાહક સેવા ઓછો હોય તો સારું.

રેશિયો ઉપરાંત પોલિસીની શરતો પણ એટલી જ મહત્ત્વપૂર્ણ...

માત્ર સારા રેશિયો ધરાવતી કંપની પસંદ કરવી પૂરતી નથી. વાસ્તવિક સમયે પૉલિસી કેવી રીતે મદદ કરશે તે તેની શરતો પર આધાર રાખે છે.

**સહ-ચુકવણી (Co-payment) ની શરતો શું છે?**

સહ-ચુકવણી એટલે હૉસ્પિટલ ખર્ચનો એક ભાગ ગ્રાહકે પોતાની પાસેથી ચૂકવવાનો રહે.

ઉદાહરણ તરીકે, જો પોલિસીમાં ૨૦% સહ-ચુકવણી હોય તો ક્લેમ સમયે ૨૦% ખર્ચ ગ્રાહકને ભરવો પડશે.

ઓછી સહ-ચુકવણી અથવા સહ-ચુકવણી વગરની પૉલિસી સામાન્ય રીતે વધુ અનુકૂળ હોય છે.

રાહ જોવાનો સમયગાળો (Waiting Period) કેટલો છે?

ઘણી પૉલિસીમાં કેટલીક બીમારીઓ અથવા સારવાર માટે શરૂઆતના સમયગાળા દરમિયાન કવર ઉપલબ્ધ હોતું નથી.

આ સમયગાળો રાહ જોવાનો સમયગાળો કહેવાય છે.

પૉલિસી લેતા પહેલા આ સમયગાળો કેટલો છે તે સમજવું જરૂરી છે.

પહેલેથી રહેલી બીમારીઓ (Pre-existing Diseases) માટે કવર ક્યારે મળશે?

જો કોઈ વ્યક્તિને પૉલિસી લેતા પહેલા કોઈ બીમારી હોય તો તેના માટે તરત જ કવર મળતું નથી.

પૉલિસીની શરતો અનુસાર નિર્ધારિત સમય પછી આવી બીમારીઓ માટે કવર ઉપલબ્ધ થાય છે.

આ બાબત ખાસ કરીને મોટી ઉંમરના વ્યક્તિઓ માટે ખૂબ મહત્ત્વપૂર્ણ છે.

**કેશલેસ હૉસ્પિટલ નેટવર્ક** (Network Hospitals)

હેલ્થ ઇન્સ્યૉરન્સમાં કેશલેસ સારવારની સુવિધા ખૂબ ઉપયોગી છે.

પૉલિસી લેતા પહેલા કંપની સાથે જોડાયેલી હૉસ્પિટલોનું નેટવર્ક કેટલું મોટું છે અને તમારા શહેરમાં સારી હૉસ્પિટલો ઉપલબ્ધ છે કે નહીં તે તપાસવું જોઈએ.

**વીમાકવચ પુનઃસ્થાપન સુવિધા** (Restoration Benefit)

ઘણી પૉલિસીમાં એવી સુવિધા હોય છે કે જો વર્ષ દરમિયાન સંપૂર્ણ વીમાકવચનો ઉપયોગ થઈ જાય તો કંપની ફરીથી વીમાકવચ ઉપલબ્ધ કરાવે છે. પરિવાર માટેની ફ્લોટર પૉલિસીમાં આ સુવિધા ખૂબ ઉપયોગી બની શકે છે.

**પૉલિસીમાં શું બાકાત રાખવામાં આવ્યું છે** (Policy Exclusions)?

દરેક પૉલિસીમાં કેટલીક સારવાર, પ્રક્રિયા અથવા પરિસ્થિતિઓને કવર કરવામાં આવતી નથી.

આ બાકાત બાબતો સમજ્યા વગર પોલિસી લેવી ભવિષ્યમાં મુશ્કેલી ઊભી કરી શકે છે. ■

feedback@bombaysamachar.com

આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક

# મલેરિયા ગંભીર રોગ કેમ ગણાય છે?

**વિશ્વભરમાં** ૨૫ મે ‘મલેરિયા ડે’ તરીકે ઊજવાય છે. મલેરિયા એ એક રોગ છે જે મચ્છર કરડવાથી થાય છે. કેટલાંક મચ્છરો નાના પરોપજીવીઓ ધરાવે છે. જ્યારે તે કોઈને કરડે છે ત્યારે તે પરોપજીવીઓનો ચેપ લગાવી શકે છે.

સમશીતોષ્ણ આબોહવામાં આ રોગ એટલો સામાન્ય નથી, પણ ઉષ્ણકટિબંધીય દેશોમાં મલેરિયા હજી પણ સામાન્ય છે. દર વર્ષે લગભગ ૨૯૦ મિલિયન એટલે કે ૨૯ કરોડ લોકો મલેરિયાથી સંક્રમિત થાય છે અને એમાંથી અંદાજિત ૪,૦૦,૦૦૦થી વધુ લોકો મૃત્યુ પામે છે. મલેરિયાના ચેપને ઘટાડવા માટે, વિશ્વ આરોગ્ય કાર્યક્રમો લોકોને મચ્છર કરડવાથી બચાવવા માટે નિવારક દવાઓ અને જંતુનાશક દવાથી સ્વચ્છ કરેલી જાળીનું વિતરણ કરે છે. વિશ્વઆરોગ્ય સંગઠને એવા દેશોમાં રહેતાં બાળકો માટે મલેરિયા રસીની ભલામણ કરી છે જ્યાં મલેરિયાના કેસ વધુ હોય છે.

### મલેરિયાનાં લક્ષણ

એનાં લક્ષણો હળવાથી ગંભીર હોઈ શકે છે. તે ઘણીવાર ફ્લૂ જેવાં લક્ષણોથી શરૂ થાય છે અને વધુ ક્રમશઃ વધુ ખરાબ થઈ શકે છે. તેમાં તાવ, શરદી, માથાનો દુખાવો, સ્નાયુઓમાં દુખાવો, થાક, શ્વાસ લેવામાં તકલીફ, ઝાડા, ઉબકા અથવા ઊલટી, ત્વચા અથવા આંખોનો સફેદ ભાગ પીળો પડવો (કમળો), ઘેરો અથવા લોહીવાળો પેશાબ વગેરે લક્ષણો જોવા



મળે છે.

મલેરિયાનાં લક્ષણો સામાન્ય રીતે ચેપ લાગ્યાના ઘણા દિવસોથી એક મહિના પછી દેખાય છે. કેટલાક લોકો મચ્છર કરડ્યા પછી એક વર્ષ કે તેથી વધુ સમય સુધી બીમાર પડતા નથી.



### મલેરિયાનું કારણ

પ્લાઝમોડિયમ પરોપજીવીઓ મલેરિયાનું કારણ બને છે. પાંચ પ્રકારના જીવાણુઓ મનુષ્યોને ચેપ લગાવી શકે છે. પ્લાઝમોડિયમ ફાલ્સીપેરમ (પી. ફાલ્સીપેરમ) અને પ્લાઝમોડિયમ વિવાક્સ (પી. વિવાક્સ) સૌથી સામાન્ય છે. પી. ફાલ્સીપેરમ ઘણીવાર ગંભીર બીમારીનું કારણ બને છે.

### આની બીમારી કેવી રીતે થાય છે?

મચ્છર ચેપગ્રસ્ત વ્યક્તિને કરડે છે ત્યારે તેને પરોપજીવી ચેપ લાગે છે. પછી મચ્છર સ્વસ્થ વ્યક્તિને કરડે છે અને ચેપ ફેલાવે છે. પરોપજીવી આપણા યકૃતમાં ગુણાકાર કરે છે અને લોહીના પ્રવાહમાં ફેલાય છે. ત્યાર બાદ, જો મચ્છર કોઈને કરડે છે તો તે અન્ય લોકોમાં પણ ફેલાઈ શકે છે. કેટલાક કિસ્સાઓમાં મલેરિયા ગર્ભાવસ્થા અથવા બાળજન્મ વખતે, લોહી ચઢાવતી વખતે, અંગદાન કરતી વખતે, એક જ સોઈ એક કરતાં વધુ વ્યક્તિઓ પર વાપરવાથી પણ ફેલાઈ શકે છે.

### શું છે આનાં જોખમી પરિબળો?

સ્વાભાવિક રીતે, મલેરિયા વધુ ફેલાતો હોય તેવાં સ્થળોએ રહેતા લોકોને તેનું જોખમ વધુ હોય છે. પાંચ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો, ગર્ભવતી મહિલાઓ, નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવનારને આ બીમારી ગંભીર રીતે અસર કરી શકે છે અને ક્યારેક મૃત્યુ સુધીનું પણ જોખમ હોય છે.

### મલેરિયાથી શું તકલીફો ઊભી થાય?

જો સારવાર ન કરવામાં આવે તો મલેરિયા ગંભીર ગૂંચવણો પેદા કરી શકે છે. મગજમાં રક્તવાહિનીઓ અવરોધિત થવી- જેને ‘મગજનો મલેરિયા’ પણ કહેવાય છે, વ્યક્તિ કોમામાં જઈ શકે છે, શરીરનાં અંગો નિષ્ફળ જવાં જેવી તકલીફો ઊભી થઈ શકે છે જે જીવલેણ બની શકે છે.

### આની સારવાર કેવી રીતે કરવામાં આવે છે?

લોહીના પરીક્ષણ દ્વારા મલેરિયાનું નિદાન થઈ શકે છે. મલેરિયાની સારવાર તબીબો એવી દવાઓથી કરે છે જે પરોપજીવી (એન્ટિમેલેરિયલ દવાઓ)ને મારી નાખે છે. તબીબો કયા પ્રકારની મલેરિયાવિરોધી દવા આપે છે તેનો આધાર એ વાત પર છે કોને ક્યાં ચેપ લાગ્યો હતો, જેમ કે વિશ્વના અમુક ભાગોમાં મલેરિયાગ્રેસને દવા-પ્રતિરોધક ચેપ થવાની શક્યતા વધુ છે.

અમુક મલેરિયાની સારવાર માટે હૉસ્પિટલમાં પણ દાખલ થવું પડી શકે છે. ક્યારેક સારવાર પછી પણ, ફરીથી મલેરિયા થઈ શકે છે. જ્યારે સારવાર દ્વારા પરોપજીવી સંપૂર્ણપણે નાશ પામતો નથી ત્યારે આવું થાય છે. તે લક્ષણો પેદા કર્યા વિના કોઈના શરીરમાં રહી શકે છે. પ્રારંભિક ચેપ અને સારવારનાં વર્ષો પછી એનાં ફરીથી લક્ષણો દેખાવાનું શરૂ થઈ શકે છે. માટે જ મલેરિયા ગંભીર રોગની શ્રેણીમાં ગણવામાં આવે છે.

### મલેરિયાથી કેવી રીતે બચી શકાય?

‘પ્રિવેંશન ઇઝ બેટર ધેન ક્યૉર.’ અર્થાત્‌, સારવાર કરતાં સાવચેતી રાખવી સારી. આ વાત મલેરિયા માટે ખાસ લાગુ પડે છે.

નિવારક દવાઓઃ જો એવા પ્રદેશોમાં મુસાફરી કરવાની હોય જ્યાં મલેરિયા સામાન્ય છે, તો તબીબની સલાહ લઈને રોકાણ પહેલાં, દરમિયાન અને પછી લેવા માટે મલેરિયાવિરોધી દવાઓ લઈ શકાય. હા, કોઈને જો મલેરિયાવિરોધી દવા લેતી વખતે મલેરિયા થાય તો ને તેની સારવાર માટે એક અલગ દવા લેવી પડશે!


### મચ્છરોનો ઉપદ્રવ ટાળવો

આપણી આસપાસના પરિસરમાં મચ્છરોનો ઉપદ્રવ ન થાય તેની ખાસ કાળજી લેવી જોઈએ. સરકાર દ્વારા તેના માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવે છે. નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ પણ તેના માટે લોકોને જાગૃત કરવાના પ્રયત્નો દર વર્ષે કરે છે. પણ મચ્છર કરડવાથી બચવા માટેઃ બગ સ્પ્રે વાપરવા, શક્ય તેટલું ત્વચાને કપડાંથી ઢાંકો, મચ્છરદાની વાપરવી વગેરે મચ્છરના કરડવાથી બચવા માટે અન્ય સાવચેતીઓ રાખવી જોઈએ.

રસીકરણઃ જાહેર આરોગ્ય અધિકારીઓ એવા વિસ્તારોમાં રહેતાં બાળકોને મલેરિયા સામે રસી આપવાની ભલામણ કરે છે જ્યાં ચેપ સામાન્ય છે. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# ઉનાળામાં મળતાં તાજાં પરવળ છે ઔષધીય ગુણથી સંપન્ન



ઉનાળામાં શાકભાજીમાં વિવિધતા ઓછી જોવા મળે છે. તેમાં પણ વળી શાકના ભાવ અનેક ગણા વધુ હોય છે. જેમ ધનિકોના ઘરમાં કેરીનું આગમન સૌ પ્રથમ થતું હોય છે. કેરીનું એક ફળ પણ સામાન્ય લોકોની પહોંચ બહાર હોય છે ત્યારે ધનિકોના ભાણામાં તે રોજેરોજ પીરસાતું હોય છે. તેવું જ પરવળ વિશે કહેવાય છે. પરવળને ધનિકોના શાક તરીકે ખાસ ઓળખવામાં આવે છે. આમ જનતાને ત્યાં વર્તમાનમાં પણ પરવળની વિવિધ વાનગી બનાવવી વૈભવ ગણાય છે. પરવળ સ્વાસ્થ્ય માટે સુપાચ્ય, પૌષ્ટિક તેમજ ઔષધીય ગુણોથી સંપન્ન ગણાય છે. પરવળની પ્રકૃતિ શીતલ, પિત્તનાશક, મૂત્ર સંબંધિત રોગમાં ગુણકારી ગણાય છે. પરવળનો ઉપયોગ શાક બનાવવા, મીઠાઈ બનાવવામાં થાય છે. પરવળમાં વિટામિન એ, વિટામિન બી-૧, વિટામિન બી-૨ તથા વિટામિન -સીની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી હોય છે. જેને કારણે પરવળને સ્વાસ્થ્ય માટે લાભદાયક ગણવામાં આવે છે. પરવળ બે પ્રકારના ઊગે છે. એક છે મીઠાં તથા બીજાં છે કડવાં. મીઠાં પરવળનું શાક તેમજ મીઠાઈ બનાવવામાં આવે છે. જ્યારે કડવાં પરવળનો ઉપયોગ ઔષધી તરીકે કરવામાં આવે છે. ચરક સંહિતા તેમજ સુશ્રુત સંહિતામાં પરવળના ઔષધીય ગુણો વિશે ઉલ્લેખ જોવા મળે છે. પરવળની તાસીર ગરમ ગણાય છે. લીલાછમ પરવળ ઉનાળામાં શાકબજારમાં અચૂક જોવા મળે છે. ભારતના પ્રત્યેક રાજ્યમાં પરવળનો ઉપયોગ વિવિધ રીતે થતો હોય છે.

આદિવાસી સમૂહ પરવળને એક ચમત્કારિક ફળ તરીકે ઓળખે છે. તેમનું માનવું છે કે વાગ્યું હોય ત્યારે ઝડપથી રૂઝ ન આવતાં ઘામાં પરવળનું શાક કે પરવળના પાનનો કાઢો પીવો ગુણકારી ગણાય છે. પરવળનો ઉપયોગ આહારમાં વિવિધ રીતે કરવામાં આવે છે. આયુર્વેદમાં પરવળનું સેવન મોતિયો તેમજ ગર્ભાવસ્થામાં લાભકારક ગણવામાં આવ્યો છે. ગેસટ્રિક સમસ્યાથી રાહત મેળવવા માટે પરવળનો ઉપયોગ ફાયદાકારક ગણાય છે.

પરવળનું વાનસ્પતિક નામ ટ્રાયકોસેન્થસ ડાયોઇકા છે. અંગ્રેજીમાં તેને 'પૉઇન્ટેડ ગોર્ડ' કહેવામાં આવે છે. પરવળને સંસ્કૃતમાં રાજીફળ, પટોલ કે કર્કશચ્છદ, હિન્દીમાં પરવલ, પરોરા કે પરવર, કન્નડમાં કાડૂપુદાલાઈ, કાહી પડવલ, ગુજરાતીમાં પરવળ કે પટોલ, તમિળમાં પુડલૈ, કોમ્બુપટલા, પુટલઈ,બંગાળીમાં પટોલા,પાલ્ટા, મરાઠીમાં પલવલ, પરવર, પંજાબીમાં પલવલ, મલયાલીમાં પટોલમ્ તરીકે ઓળખવામાં આવે છે.

પરવળ માટે એવું કહેવાય છે કે તેની છાલમાં મૅગ્નેશિયમ, પોટેશિયમ, ફૉસ્ફરસનું પ્રમાણ ભરપૂર જોવા મળે છે. તેથી જ પરવળને છોલ્યા બાદ તેની છાલને ઉકાળીને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત ગૃહિણી અન્ય ઉપયોગમાં લેતી હોય છે. પરવળની અન્ય વિશેષતા એટલે તેને લાંબા સમય સુધી ફ્રિઝમાં રાખી શકાય છે. ■

## પરવળની મીઠાઈ



**સામગ્રીઃ** ૨૫૦ ગ્રામ તાજા લીલાં પરવળ, ૧ વાટકી દૂધનો મોળો માવો, અડધી વાટકી દળેલી ખાંડ, ૧ વાટકી ખાંડ, ૨ મોટી ચમચી દૂધનો પાઉડર, ૨ મોટી સમચી બદામ-પિસ્તાની કતરણ, ૧ મોટી ચમચી એલચી-જાયફળ-કાજુનો પાઉડર, ૪-૫ તાંતણા કેસરના દૂધમાં પલાળેલાં, ૧ ચમચી દૂધ

**બનાવવાની રીતઃ** સૌ પ્રથમ પરવળની છાલ છોલી લેવી. એક ચીરો પાડીને અંદરથી બીજ-માવો કાઢી લેવો. તેને ગરમ પાણીમાં પાંચ મિનિટ ઉકાળી લેવાં. બરફના ઠંડા પાણીમાં તેને ગોઠવવા. જેથી તેનો લીલો રંગ જળવાઈ રહેશે. ત્યાર બાદ એક કડાઈમાં અડધો કપ ખાંડ લેવી. ખાંડ ડૂબે તેટલું પાણી લઈને એક તારની ચાસણી બનાવી લેવી. ખાંડનો મેલ કાઢવા તેમાં એક ચમચી દૂધ ભેળવવું.

તૈયાર ચાસણીમાં બાફેલાં પરવળને ૨ મિનિટ માટે ઉકાળી લેવાં. એક કડાઈમાં ધીમી આંચે દૂધનો મોળો માવો શેકવો. માવો શેકાઈને ઠંડો થાય ત્યાર બાદ તેમાં દળેલી ખાંડ ઉમેરવી, ખાંડ બરાબર એકરસ થાય ત્યાર બાદ દૂધનો પાઉડર, બદામ-પિસ્તાની કતરણ, એલચી-જાયફળ-કાજુનો પાઉડર ભેળવીને બધું એકરસ કરવું. કેસર ભેળવવું. માવાનું મિશ્રણ ઠંડું થાય ત્યાર બાદ પરવળને ચાસણીમાંથી બહાર કાઢીને તેમાં ભરવું. બદામ-પિસ્તાની કતરણથી સજાવી લેવું. ફ્રિઝમાં ઠંડું કરીને ગરમીમાં ઠંડક પહોંચાડે તેવી જરા હટકે મીઠાઈનો સ્વાદ માણવો. ■

## પરવળના સ્વાસ્થ્યવર્ધક લાભ

### પેટની તંદુરસ્તી માટે લાભકારી

પરવળનું સેવન કરવાથી પેટનો સોજો ઓછો થાય છે. જેમને પેટમાં પાણી ભરાઈ જવાની તકલીફ હોય તેમને માટે પરવળ વરદાન સમાન ગણાય છે. આદિવાસી હર્બલ જાણકારોના જણાવ્યા મુજબ વારંવાર પરવળનો વિવિધ પ્રકારે આહારમાં ઉપયોગ કરતાં રહેવાથી પેટ સબંધિત સમસ્યાથી રાહત મેળવી શકાય છે.

### આંખો માટે ગુણકારી

પરવળમાં વિટામિન એની માત્રા સમાયેલી હોય છે જે આંખોના તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે આવશ્યક છે. વિટામિન એ એક શક્તિવર્ધક ઍન્ટિઓક્સિડન્ટ ગણાય છે. જે શરીરને સ્વસ્થ બનાવી રાખવા માટે ઉપયોગી ગણાય છે. પરવળનું શાક ખાવાથી આંખોની તંદુરસ્તી લાંબા સમય સુધી જળવાઈ રહે છે. સતત મોબાઈલ ઉપર રહેવાથી આંખોની તંદુરસ્તી હાલમાં નાની વયથી જ બગડતી જોવા મળે છે. તેનાથી બચવાનો સરળ ઉપાય અજમાવવો હોય તો લીલા શાકભાજીનો આહારમાં વધુ ઉપયોગ કરવો જોઈએ. પરવળને તેમાં પ્રાધાન્ય આપવું જોઈએ.

### રોગપ્રતિકારક શક્તિ વધારે છે

પરવળનું શાક હોય કે મીઠાઈ બંને સ્વાદિષ્ટ હોય છે. તેમાં વિટામિન એ, વિટામિન બી-૧, વિટામિન બી-૨, વિટામિન સીની સાથે કેલ્શિયમની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી હોય છે જે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે.

### કૉલેસ્ટ્રોલ

કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં સહાય કરે છે. વાસ્તવમાં પરવલમાં કૉલેસ્ટ્રોલ ઘટાડી શકે તેવા ઍન્ટિહાઇપરલિપિડેમિક ગુણો સમાયેલાં હોય છે. પરવળનો માવો કૉલેસ્ટ્રોલની સમસ્યામાં લાભકારક ગણાય છે. પરવળમાં કેલરીની માત્રા ઘણી ઓછી હોય છે જેને કારણે તેના સેવન બાદ લોહીમાં કૉલેસ્ટ્રોલનું સ્તર નિયંત્રણમાં રહે છે.

### વજનને નિયંત્રણમાં રાખવામાં લાભકારી

જેમ ખોરાક ખાતાં પહેલાં તેની ગોઠવણ આંખને ગમે તેવી સજાવવામાં આવે છે. તે જ પ્રમાણે પ્રત્યેક વ્યક્તિ શરીર સપ્રમાણ હોય તે માટે યોગ્ય કાળજી લેતા હોય છે. જેમ કે સતત બહારની ચટપટી વાનગીનું સેવન કરવાને કારણે વજન ઝડપથી વધી જાય છે. શરીર બેડોળ બને છે. વળી તેની સાથે શરીરમાં વિવિધ રોગ ધીમે પગલે ફેલાય છે. જેમાં છાતીમાં બળતરા, અપચો, પેટ ફૂલી જવું વગેરે ગણાવી શકાય. પરવળ એક એવું શાક છે જેના સેવન બાદ વ્યક્તિનું સ્વાસ્થ્ય સુધરવા લાગે છે. જેમ કે પરવળમાં ફાઇબરની માત્રા ભરપૂર હોવાને કારણે તેના સેવન બાદ લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. જે વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

### તંદુરસ્ત હૃદય માટે ગુણકારી

પરવળનું સેવન હૃદયની તંદુરસ્તી માટે લાભકારક ગણાય છે, કેમ કે પરવળમાં ફાઇબર વધુ હોય છે. જે હૃદયને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. કૉલેસ્ટ્રોલ નિયંત્રણમાં રહે છે. જે હૃદય રોગનાં વિવિધ જોખમોથી બચાવે છે.

પરવળના જન્મસ્થળની વાત કરીએ તો તે છે ભારત. ભારતમાં સૌ પ્રથમ પરવળની ખેતીની શરૂઆત થઈ. ત્યાર બાદ ચીન, રશિયા, થાઇલૅન્ડ, પોલૅન્ડ, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, શ્રીલંકા, મ્યાનમારમાં થવા લાગી. ભારતની વાત કરીએ તો ઉત્તર પ્રદેશ, બિહાર, આસામ, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાતમાં થાય છે. બિહારમાં વિસ્તારપૂર્વક મેદાની વિસ્તાર દિયારા ક્ષેત્રોમાં કરવામાં આવે છે. પરવળની ખેતી બક્સર જિલ્લાથી રાધાનગર સાહેબગંજ જિલ્લા સુધી ગંગા નદીના બંને કિનારે વિશેષ રોકડિયા પાક તરીકે કરવામાં આવે છે. જેને કારણે પરવળને દિયારા ક્ષેત્રની 'ગ્રીન ગોલ્ડ' કે 'ગોલ્ડન વેજિટેબલ ઑફ દિયારા' તરીકે ઓળખવામાં આવે છે. પરવળની વિવિધ જાતની વાત કરીએ તો ઉત્તર પ્રદેશમાં ફૈઝાબાદ પરવલ -૧, ફૈઝાબાદ પરવલ-૨, જ્યારે બિહારમાં હિલ્લી, ડંડાલી, સોનુપુરા, સંતોખબા, ગુથલિયાની ખેતી મોટા પ્રમાણમાં થાય છે. પશ્ચિમ બંગાળમાં સિયાલદહ તથા નદિયા જિલ્લામાં પરવળની સ્થાનીય જાતિ વધુ પ્રચલિત છે.

પરવળ સાથે જોડાયેલી ધાર્મિક વાત : કૃષ્ણ જન્મની ઉજવણી જન્માષ્ટમીના રોજ થાય છે. ત્યાર બાદ નવમી તિથિના ગુજરાતમાં ખાસ 'પત્રાવળી' તૈયાર કરવામાં આવે છે. જેમાં પ્રભુના જન્મની વધામણીમાં બત્રીસ જાતના મોસમી શાકનો સમાવેશ કરીને સ્વાદિષ્ટ શાક તૈયાર કરવામાં આવે છે. જેમાં પરવળનો ખાસ સમાવેશ કરાય છે. એવી માન્યતા છે કે બાળગોપાળને ધરતી ઉપર ઊગતાં વિવિધ શાકભાજીનો સ્વાદ ચખાડીને તેમનું સ્વાસ્થ્ય સારું રહે તેનો આનંદ વ્યક્ત કરવામાં આવે છે. આમ પરવળ સ્વાસ્થ્યની તંદુરસ્તી માટે શ્રેષ્ઠ શાકમાં સ્થાન ધરાવે છે.

પરવળનો ઉપયોગ વિવિધ રીતે કરી શકાય છે. જેમ કે તેનું સાદું શાક કે ભરેલું શાક બનાવી શકાય છે. પરવળની મીઠાઈ ઘણી જ સ્વાદિષ્ટ બને છે. પરવળનું અથાણું બને છે.



# જીવનનો ધબકાર ચૂકવી દે છે હાર્ટ એટેક...

**શું આપ જાણો છો કે વિશ્વમાં થતાં મૃત્યુમાં હૃદયરોગ સૌથી પ્રથમ છે.**
**દર વર્ષે અંદાજિત ૨ કરોડ ૧૦ લાખ લોકો હૃદયરોગના કારણે મૃત્યુ પામે છે.**
**વિશ્વમાં ૩૫ વર્ષથી ઉપરના વ્યક્તિઓમાં થતાં હૃદયરોગમાં ભારત મોખરે છે.**


feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા

હાલની પરિસ્થિતિ જોતાં ભવિષ્યનાં અમુક વર્ષોમાં ભારત હૃદયરોગના દર્દીઓમાં પ્રથમ ક્રમે હશે.

### હાર્ટઍટેક એટલે શું?

હૃદયમાં ધમનીમાં કોલેસ્ટરોલ જામ થતાં હૃદયને લોહી મળતું અટકી જાય છે. તેથી હૃદયને પ્રાણવાયુ અને પોષકતત્ત્વો મળતા બંધ થઈ જાય છે અને હૃદયના કોષો મરવા લાગે છે. તેને જ હાર્ટએટેક કહેવાય છે.

### હાર્ટઍટેક દરમિયાન હૃદયની ધમનીમાં થતી પ્રક્રિયા



સ્વસ્થ ધમની | બ્લડપ્રેશર વધી જવું | કોલેસ્ટેરોલ જમા થવો | હૃદયનો હુમલો

### હાર્ટઍટેકનાં લક્ષણ

* છાતીનાં વચ્ચેના ભાગમાં ભાર લાગતો હોય અથવા ભીંસાતું હોય તેવો અસહ્ય દુઃખાવો થવો. દુઃખાવો ડાબી બાજુનાં ખભા તથા હાથમાં અને જડબા સુધી પણ થઈ શકે છે. કોઈ પણ પ્રકારનો શ્રમ કરવાથી છાતીનો દુઃખાવો વધી શકે છે.
* ગભરામણ થવી, પરસેવે રેબઝેબ થઈ જવું.
* શ્વાસ લેવામાં તકલીફ પડવી.
* ચક્કર આવવા.
* ઉબકા આવવા અથવા કોઈકવાર ઊલટી થવી.

### હાર્ટઍટેક આવવાનાં કારણ

જે કારણોથી બ્લડપ્રેશર અને કોલેસ્ટરોલ થાય છે તે કારણોથી મોટા ભાગે હાર્ટઍટેક આવે છે.

### આવે વખતે પ્રાથમિક સારવાર...

૧) ઉપરોક્ત મુજબનાં જો લક્ષણો જણાય તો તરત જ ૧૦૮ને કોલ કરી એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવી અથવા તો ગાડીની વ્યવસ્થા કરી તરત જ દર્દીને હોસ્પિટલ પહોંચાડવો.

૨) દર્દીને હવા-ઉજાસવાળી ખુલ્લી જગ્યાએ સૂવડાવી આરામ કરાવવો. દર્દીને શ્રમ પડે તેવું કોઈ પણ પ્રકારનું હલન-ચલન કરાવવું નહિ.

૩) દર્દીને ઘરે જો લોહી પાતળું કરનારી દવા હોય તો તરત આપવી.

૪) જો દર્દી બેભાન થઈ ગયો હોય તો, તરત જ તેની નાડી ચેક કરવી. જો નાડી બંધ જણાય તો એમ્બ્યુલન્સ આવે ત્યાં સુધી CPR (હૃદય ફેફસાંનું પુનર્જીવન) શરૂ કરી દેવું.

## મગજનો સ્ટ્રોક

* વિશ્વમાં દર વર્ષે અંદાજિત ૮૦ લાખ વ્યક્તિઓ સ્ટ્રોકના કારણે મૃત્યુ પામે છે.

વિશ્વમાં ૬ માંથી ૧ વ્યક્તિ સ્ટ્રોકના કારણથી મરે છે.

વિશ્વમાં દર બે સેકન્ડે એક વ્યક્તિને સ્ટ્રોકનો હુમલો આવે છે. તેમાં દર દસ સેકન્ડે એક વ્યક્તિ મૃત્યુ પામે છે.

અંદાજે ૭૦% લોકોને એ ખ્યાલ પણ નથી હોતો કે, તેમને સ્ટ્રોકનો હુમલો આવ્યો છે.

### મગજનો સ્ટ્રોક એટલે શું?

મગજની ધમનીમાં કોલેસ્ટેરોલ જામ થઈ જતાં મગજને યોગ્ય માત્રામાં લોહી મળતું નથી. તેથી મગજને પ્રાણવાયુ અને પોષકતત્ત્વો મળતાં અટકવા લાગે છે અને મગજના કોષો નાશ થવા લાગે છે. તેને જ મગજનો સ્ટ્રોક કહેવાય છે.

### આવા સ્ટ્રોકની ભયંકરતા

* શરીરના એક સાઈડના અંગોની કાર્યક્ષમતા ઓછી થઈ જવી (હાથ, પગ, મોં વગેરેમાં પક્ષઘાત થઈ જવો.) આ કારણે દર્દીને કાયમી બીજાના આધારે જીવવું પડે છે.
* જમવામાં, વાંચવામાં, બોલવામાં અને લખવામાં મુશ્કેલી અનુભવાય.
* યાદશક્તિ અને નિર્ણયશક્તિ ઓછી થઈ જવી.
* લાગણીઓ અને ભાવનાઓ પર નિયંત્રણ ન રહેવું,
* ડિપ્રેશનમાં જીવવું.
* સ્વભાવમાં ફેરફાર થવાં. (ચીડિયો સ્વભાવ થવો.)



### સ્ટ્રોકની પ્રાથમિક સારવાર

૧) ઉપરોક્ત મુજબનાં લક્ષણો જણાય તો તરત જ ૧૦૮ને કોલ કરી એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવી અથવા તો ગાડીની વ્યવસ્થા કરી તરત જ દર્દીને હોસ્પિટલ પહોંચાડવો.

૨) દર્દીને હવા-ઉજાસવાળી ખુલ્લી જગ્યાએ સૂવડાવી આરામ કરાવવો. દર્દીને શ્રમ પડે તેવું કોઈપણ પ્રકારનું હલન-ચલન કરાવવું નહીં.

૩) જો દર્દી બેભાન થઈ ગયો હોય તો, તરત જ તેની નાડી ચેક કરવી. જો નાડી બંધ જણાય તો એમ્બ્યુલન્સ આવે ત્યાં સુધીમાં CPR શરૂ કરી દેવું.

### સાવધાની

*જ્યારે દર્દીને સ્ટ્રોકનો હુમલો આવે ત્યારે તેને એસ્પિરિન જેવી દવા આપવાનું જોખમ લેવું નહીં.*




### મગજના સ્ટ્રોકના ૨ પ્રકાર



એક બાજુથી મોઢું ઊતરી જવું

૧) મગજને લોહી મળતું અટકી જવું. ૮૫% સ્ટ્રોક આ પ્રકારના હોય છે.
૨) મગજની ધમની વધુ દબાણથી ફાટી જવી.

### મગજના સ્ટ્રોકનાં લક્ષણ

* ચાલવામાં સંતુલન ગુમાવવું.
* એક અથવા બંને આંખમાં દેખાવાનું ઓછું થઈ જવું.
* માથું દુઃખવું.

તદુપરાંત અહીં દર્શાવેલાં લક્ષણો પણ હોઈ શકે.




બંને હાથ ઊંચા ન કરી શકાય



અસ્પષ્ટ ઉચ્ચાર જ બોલે તે બરાબર સમજી ન શકાય

### મગજના સ્ટ્રોકનાં કારણ

જે કારણોથી બ્લડપ્રેશર અને કોલેસ્ટરોલ વધે છે તે જ કારણો મોટા ભાગે સ્ટ્રોક આવવામાં નિમિત્ત બને છે.




સમય બગાડ્યા વિના તુરંત સારવાર અપાવવી. ■

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# શું છે આ હાઈ-સેન્સિટિવિટી સી. રિઍક્ટિવ પ્રોટીન?



સ્વસ્થ રહેવા માટે શરીરમાં બધાં પ્રકારનાં પોષક તત્ત્વ અને કેમિકલ્સ કમ્પાઉન્ડના સ્તર જળવાયેલા હોવા જરૂરી છે. કોઇપણ તત્ત્વ કે કેમિકલ્સ કમ્પાઉન્ડની ઊણપ શરીર પર માઠી અસર ઉપજાવે છે. શરૂઆત નાનાં લક્ષણોથી થાય છે. તેનાં કારણો જાણીને તરત જ ઉપાય કરવાથી તે તીવ્ર રોગમાં જતાં અટકી જાય છે. નહીં તો શરીરમાં સંક્રમણ અને સોજા આવવાની શક્યતા વધી જાય છે. નબળી ક્ષમતાવાળી વ્યક્તિઓને પ્રતિરક્ષા પ્રણાલી નબળી થઈ જાય છે ને વારંવાર બીમારીઓ થાય છે. શરીરની અંદર એક પ્રાકૃતિક બચાવ પ્રણાલી છે જે બહારની સંક્રમણ કે શરીરની અંદર થતી બીમારીઓથી લડે છે. જ્યારે લાંબા સમય સુધી બીમારીઓથી બચાવ કરે છે, પણ વધુ સમસ્યા થતાં શરીરની અંદરનાં અવયવો પર સોજા આવી જાય છે અને બીમારીઓ આગળ વધે છે. સોજા આવવાનું કારણ ખરાબ જીવનશૈલી ખરાબ ખાન-પાન, કેફેનવાળી વસ્તુઓનું સેવન, અપ્રાકૃતિક અને કેમિકલવાળા ખોરાકને કારણે પહેલાં એસિડિટી થાય પછી ધીરે-ધીરે કબજિયાત પછી શરીરમાં થાક લાગે, દુખાવા થાય પછી સોજા આવવા લાગે છે. આ સમસ્યાનો અંત આવવો જરૂરી છે.

સોજાનાં ઘણાં કારણો છે સ્ટીરોઇડ દવાઓ ખાવી, બી.પી.ની દવાઓ, ગર્ભનિરોધક દવાઓ, કબજિયાતની દવાઓ, નમકનું વધવું, નમકનું સેવન વધુ થવાને કારણે શરીરમાં સોજા આવી જાય છે. જ્યારે કોઈ શારીરિક કારક પ્રતિરક્ષા, પ્રતિક્રિયાને સક્રિય કરે ત્યાં સોજા ઉત્પન્ન થાય. સોજા આવતાં લિવર દ્વારા બનાવેલુ પ્રોટીન શરીરના સોજાને નાબૂદ કરવા માટે તે ઍક્ટિવ થાય છે જે રક્તવાહિકામાં આવેલા સોજાને મટાડવાનો પ્રયત્ન કરે છે કે છુપાયેલા સોજાને કાઢવાનો પ્રયત્ન કરે છે. આ પ્રોટીન એ એક બ્લડમાર્કર છે. જેને એચ.એસ., સી.આર.પી. (Chs-Crp) હાઇ-સેન્સિટિવિટી સી. રિએક્ટિવ પ્રોટીન કહે છે. આ પ્રોટીન લિવર સોજાને જવાબ દેવા માટે બનાવે છે. આ પ્રોટીનનું ક્લિનિકલ ટેસ્ટ પણ થાય છે. આ ટેસ્ટથી શરીરમાં કેટલા સોજા આવ્યા છે તે બતાવે છે. નાનામાં નાની સોજાની પણ જાણકારી આ ટેસ્ટ કરાવવાથી ખબર પડે છે. જેથી લાંબા ગાળાની બીમારીઓ ન થાય તે માટે.

હૃદયના સોજાની ખબર પડે છે. જેથી તેની જલદી સારવાર થઇ શકે. લોહીમાં આનું પ્રમાણ ૧.૦ mg / L હોય તો કોઇ જોખમ નથી ૧.૦થી ૩.૦ mg / L મધ્યમ છે. ૩.૦ mg / L થી વધુ એ જોખમકારક છે. વધારે જોખમ હૃદયની સમસ્યાઓ કે અન્ય ક્રોનીક બીમારીઓની સંભાવના બતાવે છે. આ ટેસ્ટથી ઓટોઇમ્યૂન બીમારી જેવી કે આર્થરાઇટીઝ આ એચ.એસ., સી.આર.પી સિગ્નલની જેમ કામ કરે છે. જે જણાવે છે કે શરીરમાં ક્યાં સોજા છે. આ ટેસ્ટથી હૃદયની શરૂઆત સંકેત પકડમાં આવે છે. લિવર કે લંગ્સની બીમારીની ખબર પડે છે. હાઇ બીપી, ઓટાઇમ્યુન ડિસઓર્ડર અને કિડનીની સમસ્યાઓની શરૂઆતી ખબર પડે છે.

રિપોર્ટમાં ખબર પડ્યા પછી શરૂઆતથી જ લાઇફસ્ટાઇલમાં સુધારો કરવો જરૂરી બની જાય છે. સાકરના સેવનના કારણે પહેલાં એસીડીટી અને પછી સોજાની શરૂઆત થાય છે. જે પછીથી કોલેસ્ટ્રોલની બીમારી અને ડાયાબિટીસની બીમારીઓ ઉપજાવે છે. ચહા, કોફી, ચોકલેટ, દારૂ, ગુટકા જે પેટમાં પહેલાં એસીડીટી કરે છે. પછી અલગ અલગ બીમારી જેવી કે ચોકલેટના સેવનના કારણે કબજિયાત કે ચયાપચનની નાડી પર સોજા પછી થાઇરોઇડમાં પરિણમે છે. ચહાના સેવનના કારણે સ્ટમકમાં બળતર પછી નસોનું અક્કડ થવું અને બી.પી.ની શરૂઆત કોફીના કારણે બળતરા થાય પછીથી શરીરનાં કોઇપણ અંગમાં પાણી ભરાય (વોટર રીટેશન થાય) દારૂ અને ગુટકાના કારણે તીવ્ર એસીડીટી અને પછી અલ્સરની શરૂઆત. દારૂના કારણે આંખની બીમારીઓ નાની ઉંમરમાં જ આવી જાય છે. ચાઇનીઝ ફૂડ ખાવાના કારણે શરીરમાં સોડિયમ વધી જાય છે. પેટમાં જબરજસ્ત એસીડીટી થાય, દુખાવો થાય. આઇસક્રીમમાં વપરાતા ખરાબ તેલોના કારણે લંગ્સની બીમારીઓ થાય છે. બિસ્કિટ, પેકેટ ફૂડના કારણે ચામડીની બીમારીઓ થાય છે, આંખમાં ખરાબી થાય છે.

આ બધી ખાના ખરાબીના કારણે શરીરની સિસ્ટમ અસ્તવ્યસ્ત થાય છે ત્યારે લિવર આ પ્રોટીન બનાવી શરીર ઠીક રાખવાનો પ્રયત્ન કરે છે. જે અસમર્થ થતાં તે બીમારીમાં પરિણમે છે. હાપુસ કેરીમાં વપરાતા કેલ્શિયમ કાર્બોનેટના કારણે જુલાઇથી ઓક્ટોબર સુધી ઘણાંય લોકોને તાવ આવે છે, ફોડી નીકળે, શરીરમાં સોજા જણાય છે.

આ બધી સમસ્યાથી બચવા માટે ખાન-પાન સુધારણા કરવી આવશ્યક છે. દાડમ, સંતરા, મોસંબી, પાઇનેપલ, પ્લમ, પીચ, ચેરી જેવાં ફળોનું સેવન રાહત આપે છે. લીચી તાવને દૂર કરે છે. તેથી તાવમાં લીચીનું સેવન કરવું જોઇએ. પાઇનેપલ શરીરની અંદરના સોજા ઘટાડે છે અને પ્રોટીનનું પાચન ખૂબ સારી રીતે કરે છે. દાડમથી એસીડીટી બે-ત્રણ દિવસમાં સારી થઇ જાય છે. લીલી વનસ્પતિથી કબજિયાતમાં સારું પરિણામ આવે છે. મૂળા અને તેના પાન અને મોગરી લિવરને એક્ટિવ કરે છે. સોજામાં રાહત આપે છે. કિડની સ્ટોન કે પિત્તની પથરીને થવા દેતો નથી. તાજા જરદાલું જ્યૂસ સાથે નાગરવેલના પાન પીસીને લેવાથી ઘણી સમસ્યાઓ દૂર થાય છે. લાલ પીળા કેપ્સિકમની ચટણીઓ લિવરને એક્ટિવ કરે છે. સાથે આંખના સોજાને દૂર કરે છે.

શાકભાજી અને ફળોની માર્કેટ તરફ વળો. નહીં કે દવાની દુકાન કે હૉસ્પિટલ તરફ. ■

feedback@bombaysamachar.com
ફોકસ પ્લસ
રેખા દેશરાજ



# તમાકુનું વ્યસન છૂટતું કેમ નથી?

આમ તો દારૂના વ્યસન વિશે કહેવાયું છે કે, 'છૂટતી નથી આ ઝાલિમ મોઢે લાગેલી,' પરંતુ આ વાત તમાકુ માટે પણ એટલી જ સાચી સાબિત થાય છે. દર વર્ષે ૩૧ મેના રોજ ઊજવવામાં આવતો 'વર્લ્ડ નો ટોબાકો ડે' એ વાતની સાક્ષી પૂરે છે કે, છેલ્લા કેટલાક દાયકાઓથી તમામ સરકારો, વિશ્વ આરોગ્ય સંસ્થા અને અનેક સ્વયંસેવી સંસ્થાઓ દર વર્ષે ૩૧ મેના રોજ તમાકુની આદત છોડાવવા માટે વિવિધ પ્રકારના પ્રયાસો કરે છે. અલગ-અલગ ઉપાયો પર ચર્ચાઓ થાય છે, સરકારો દ્વારા નવી યોજનાઓ લાવવામાં આવે છે અને ડૉક્ટરો તેમજ આરોગ્ય સંસ્થાઓ દ્વારા લોકોને આનાથી થતા નુકસાનના ભયાનક આંકડા બતાવીને ડરાવવામાં પણ આવે છે. આમ છતાં, સત્ય તો એ જ છે કે તમાકુનો વપરાશ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. આના કારણે દર વર્ષે થતા મોતનો આંકડો વધીને ૮૦ લાખથી પણ વધુને વટાવી ગયો છે, પરંતુ લોકોમાં તમાકુની જે લત લાગી ગઈ છે, તે છૂટવાનું નામ જ નથી લઈ રહી.

ખરેખર તો તમાકુની લત એટલી મજબૂત એટલા માટે હોય છે કારણ કે તમાકુમાં રહેલું નિકોટિન એક એવું હાનિકારક અને નશો પેદા કરનારું રસાયણ છે, જે ગણતરીની સેકન્ડોમાં મગજ સુધી પહોંચીને તેનો ઉપયોગ કરનારાઓને 'ડોપામાઇન ઇફેક્ટ' આપે છે, એટલે કે તેમને 'ફીલગુડ' અહેસાસ કરાવે છે. વાસ્તવમાં નિકોટિન જ એ રસાયણ છે, જેના કારણે અસંખ્ય લોકો લાખ પ્રયત્નો કરવા છતાં પણ તમાકુથી છુટકારો મેળવી શકતા નથી. જોકે, એવું પણ નથી કે કોઈએ ક્યારેય તમાકુ કે ધૂમ્રપાન છોડ્યું જ ન હોય. પરંતુ એ જ વ્યક્તિ આ છોડી શકે છે, જેનામાં જબરદસ્ત વિલ પાવર હોય છે. સામાન્ય લોકો ભલે દર વર્ષે ૩૧ ડિસેમ્બરે એવો સંકલ્પ લેતા હોય કે આ વર્ષે તેઓ ગમે તે ભોગે ધૂમ્રપાન છોડી દેશે, પરંતુ નવા વર્ષનું હજુ એક અઠવાડિયું પણ પસાર નથી થતું ત્યાં તો તેમની પ્રતિજ્ઞા તૂટી ચૂકી હોય છે. કારણ કે નિકોટિનમાં જે 'ફીલગુડ'નું તત્ત્વ હોય છે, તેનું આકર્ષણ એટલું જબરદસ્ત છે કે એકવાર જે વ્યક્તિ તેની પકડમાં આવી જાય તે તેને છોડી જ શકતી નથી અને જો જબરદસ્તી છોડવાનો પ્રયત્ન કરે છ તો ચીડિયાપણું, બેચેની, તણાવ, માથાનો દુખાવો અને એકાગ્રતામાં મુશ્કેલી જેવી અનેક સમસ્યાઓ ઊભી થઈ જાય છે.

પરિણામે અંતે લોકો એવું વિચારવા લાગે છે કે વ્યસન છોડીને આ બધી મુશ્કેલીઓમાં ઘેરાવા કરતાં બહેતર છે કે આ એક જ મુશ્કેલીમાં જીવતા રહીએ અને જેણે એકવાર ધૂમ્રપાન શરૂ કર્યું હોય પછી તે બીડી, સિગારેટ કે હુક્કો પીવાનું હોય, કે ખૈની, જર્દા કે પાન મસાલા ખાવાનું હોય અથવા તો સૂંઘીને લેવાતી છીંકણીનો નશો હોય, એકવાર આનો ચસકો લાગી ગયા પછી બહુ ઓછા લોકો જ આમાંથી છુટકારો મેળવી શકે છે. કારણ કે સમસ્યા માત્ર શારીરિક નથી હોતી, પરંતુ માનસિક પણ હોય છે. કેટલાક લોકો કામના દબાણને કારણે, એકલતા સામે ઝઝૂમતા હોવાને લીધે અથવા કોઈપણ પ્રકારની પરેશાનીથી બચવા માટે ધૂમ્રપાનનો સહારો લે છે, તો કેટલાક લોકો માટે તો આ બ્રેક લેવાનું એક સાધન બની જાય છે. ગામડાંઓ અને નાનાં નગરોમાં તો આ એક પ્રકારે સામાજિક આદત અને દબાણ જ બની જાય છે. જો ૧૦માંથી ૯ લોકો બીડી પી રહ્યા હોય તો દસમો માણસ ન પીતો હોય તો અજીબ લાગે છે, તેથી તેમની દેખાદેખીમાં તે પણ શરૂ કરી દે છે. યુવાનોમાં આ એટલા માટે પણ વધુ ખતરનાક બની ગયું છે, કારણ કે તેમને આ જાળમાં ફસાવવા માટે અથવા ધૂમ્રપાન તરફ આકર્ષિત કરવા માટે બજારમાં અસંખ્ય પ્રકારના વિકલ્પો ઉપલબ્ધ છે.

ફ્લેવર્ડ વેપિંગ, આકર્ષક પૅકેજિંગ અને સોશ્યલ મીડિયાના પ્રભાવને કારણે યુવાનોમાં તમાકુ 'કૂલ' કે 'સ્ટાઇલ' તરીકે રજૂ કરવામાં આવે છે, ખાસ કરીને સિગારેટને. આ જ કારણ છે કે મોટાભાગના સિગારેટ પીનારા લોકોએ કૉલેજના દિવસોમાં અથવા તેનાથી પહેલાં આ પ્રકારના આકર્ષણને લીધે જ તેની શરૂઆત કરી હોય છે. નિષ્ણાતો માને છે કે જો નાની ઉંમરમાં ધૂમ્રપાનની આદત પડી જાય તો તે ખૂબ જ ખતરનાક સાબિત થાય છે અને બહુ મુશ્કેલીથી છૂટે છે. કારણ કે કિશોરાવસ્થા કે શરૂઆતની યુવાવસ્થામાં જ્યારે મગજ સંપૂર્ણપણે વિકસિત નથી થયું હોતું, તે દરમિયાન જો નિકોટિન એટલે કે તમાકુ સંબંધિત ધૂમ્રપાનની લત લાગી જાય તો તે આપણી યાદશક્તિ, એકાગ્રતા, માનસિક સંતુલન વગેરે જેવી ઘણી નાજુક સ્વાસ્થ્ય સમસ્યાઓ અને શારીરિક સ્થિતિઓને પ્રભાવિત કરે છે. ભારતમાં આજે કરોડો યુવાનો કોઈને કોઈ સ્વરૂપે આ વ્યસનનો શિકાર છે. આ જ કારણ છે કે આપણા દેશમાં સૌથી વધુ થતા મોઢાના કૅન્સરનું મુખ્ય કારણ આ ધૂમ્રપાન જ છે. હાઈ બ્લડ પ્રેશર, ફેફસાંની બીમારી અને ગર્ભાવસ્થા સંબંધિત જટિલતાઓ સાથે પણ આનો સીધો સંબંધ છે.


ખરેખર તો જ્યારે કોઈને ધૂમ્રપાન આદત લાગી જાય છે ત્યારે માત્ર ઇચ્છાશક્તિના જોરે પણ તેનાથી દૂર નથી જઈ શકાતું અને ઇચ્છાશક્તિ વગર તો તેની કલ્પના પણ કરી શકાતી નથી, કારણ કે નિકોટિનની લત આપણા મગજની સંરચના જ બદલી નાખે છે. આ જ કારણ છે કે જેમને લત લાગી ગઈ હોય છે તેઓ ભલે ગમે તેટલા સમ ખાય, સોમાંથી કોઈ એકાદ વ્યક્તિ જ આ સ્થિતિમાં તમાકુનો વપરાશ છોડી શકે છે. સંશોધનો દર્શાવે છે કે સફળ થનારા લોકો એક નહીં, પરંતુ ઘણા સઘન પ્રયાસો અને જબરદસ્ત ઇચ્છાશક્તિના જોરે જ તમાકુને છોડી શકે છે. તેમને આ માટે ઘણા સ્તરો પર કામ કરવું પડે છે. ડૉક્ટર, કાઉન્સિલિંગ અને સામાજિક પ્રોત્સાહનથી જ એવું શક્ય બને છે. એક વાત એ પણ છે કે તમાકુનો નશો એક એવો નશો છે જે માત્ર એક-બે વારમાં જ વળગી જાય છે, પરંતુ તેને છોડવા માટે લગભગ એક વર્ષ સુધી દરેક સમયે સજાગ રહીને પ્રયત્ન કરવો પડે છે, ત્યારે જઈને ક્યાંક આ લત છૂટે છે. જ્યારે મોટાભાગના લોકો એવું કરી શકતા નથી. આ જ કારણ છે કે દર વર્ષે સરકારો ભલે તમાકુ કે ધૂમ્રપાનની લત છોડાવવાનાં મોટાં-મોટાં લક્ષ્યો નક્કી કરે અથવા લોકો ભલે આના પર ગમે તેટલું વિચારે, પણ જ્યાં સુધી દૃઢ ઇચ્છાશક્તિ અને તેને છોડવા માટેના એકસાથે કરાતા વિવિધ પ્રકારના પ્રયાસો ન હોય, ત્યાં સુધી તમાકુ કે ધૂમ્રપાનની લત ખૂબ જ મુશ્કેલીથી છૂટે છે. ■

### તમાકુની લત છોડવાના ઉપાય

- જો આને અચાનક એક ઝટકે છોડવાનો પ્રયત્ન કરશો તો ૯૯.૯૯ ટકા નહીં છૂટે. આને છોડવા માટે પ્રૉપર હોમવર્ક કરો અને છોડવા માટેની એક તારીખ નક્કી કરો. તે તારીખ સુધી ધીમે-ધીમે પહોંચો.
- એ ખાસ પળોને ઓળખો, જે તમાકુ ખાવા કે પીવાને ઉશ્કેરે છે. જેમ કે ચા, તાણ, મિત્રોનો સાથ કે ખાલી સમય. એકવાર જ્યારે તમે જાણી જાઓ કે આ પળ તમાકુના બાબતમાં તમારી દુખતી રગ છે, તો તે પળને ટાળવાનો પ્રયત્ન કરો.
- તમાકુ છોડવામાં ડૉક્ટરની સલાહથી નિકોટિન ગમ કે પેચ મદદ કરી શકે છે, પરંતુ આ ઉપાય ડૉક્ટરની દેખરેખ હેઠળ જ અજમાવવામાં આવે ત્યારે જ તે વધુ અસરકારક નીવડે છે.
- જો તમે ચોરીછૂપીથી તમાકુનું સેવન કરો છો અને છોડી શકતા નથી તો પરિવારને આ વિશે જણાવો અને તેને છોડવા માટે તેમના નૈતિક દબાણનો ઉપયોગ કરો.
- તમાકુ છોડવા માટે ક્યારેય પણ એક ઝટકાવાળો ટાર્ગેટ ન બનાવો.
- નિયમિત કસરત કરવાથી અને સતત હાઇડ્રેટ રહેવાથી પણ તમાકુની તલપ ઓછી લાગે છે.
- જો એકવાર છોડવાનો પ્રયાસ સફળ ન થાય તો હાર ન માનો, ફરી પ્રયત્ન કરો.

feedback@bombaysamachar.com
ટૂંકું ને ટચ
ખુશ્બુ મુલાણી ઠક્કર

# જાણો છો ગોંદ કતીરાના આ ફાયદા?



ગોંદ કતીરા એ ગરમીમાં પીવામાં આવતું એક ઠંડું પીણું છે. આને જુદી જુદી રીતે બનાવી શકાય. આ પીણું પીવાથી શરીરમાં એનર્જી આવે છે, હાડકાં મજબૂત થાય છે અને ઇમ્યુનિટી પણ વધે.

### રોઝ - ગોંદ કતીરા

**સામગ્રીઃ** ગુલાબ શરબત ૩થી ૪ ચમચી, ખાંડ અથવા મધ સ્વાદ અનુસાર, બરફના ટુકડા- તુલસીનાં બીજ (સબજા) ૧ ચમચી (ઇચ્છા મુજબ), ડ્રાયફ્રૂટ્સ બદામ, પિસ્તા કાપેલા, ગુલાબની પાંખડીઓ સજાવટ માટે

**બનાવવાની રીતઃ** ૧. ગોંદ કતીરાને ૭થી ૮ કલાક અથવા રાતભર પાણીમાં પલાળી રાખો.

૨. પલાળ્યા બાદ ગોંદ ફૂલીને જેલી જેવો બની જશે.

૩. એક ગ્લાસમાં ગુલાબ શરબત ઉમેરો.

૪. તેમાં પલાળેલો ગોંદ કતીરા અને સબજા બીજ ઉમેરો.

૫. હવે ઠંડું દૂધ અથવા પાણી ઉમેરો.

૬. સ્વાદ મુજબ ખાંડ અથવા મધ મિક્સ કરો.

૭. ઉપરથી બરફ અને ડ્રાયફ્રૂટ્સ નાખી સજાવો અને ઠંડું-ઠંડું સર્વ કરો.

**ખાસ ટિપ્સઃ** દૂધની જગ્યાએ નાળિયેર પાણી પણ વાપરી શકાય. વધારે માત્રામાં ગોંદ કતીરા ન લેવો, કારણ કે તે ભારે પડી શકે.

**ફાયદાઃ** શરીરને ઠંડક આપે, ડિહાઇડ્રેશનથી બચાવે, એનર્જી વધારે, પેટને શાંત રાખે, ગરમીના કારણે થતાં થાક અને બળતરા ઘટાડે. ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# દરેક દર્દની દવા પ્રેમ પણ પ્રેમના દર્દની દવા કઇ?




'ચંબુ, કેમ કોઈના બેસણામાં બેઠો હોય એવુ મોઢું કરી બેઠો છે?'

'કોઈના નઈ, મારાજ બેસણામાં બેઠો છું બોલ, શું કરવું છે?' ચંબુ તો ભડક્યો.

'ભડક્યા વગર બોલ, શું થયું?'

'યુ નો કે મને બેતાલીસમું બેઠું પણ હજી સુધી મારા દિલમાં કોઈ નથી બેઠું. કોઈ ગગીએ મારા માટે એનું મંગલ મંદિર ખોલ્યું નથી. ઠાકરિયા, અહીં કાળજે કારમા ઘા વાગ્યા કરે છે. ને તું પૂછે છે કે શું થયું?'

'અરે ધીરજ રાખ. ઈશ્વરે દાંત આપ્યા છે તો ચવાણું પણ આપશે.'

'તો એ ચવાણું તું અને તારા બાપુજી ભેગા મળી ખાજો. સમજ્યો? મોઢામાં દાંતનું ફર્નિચર જરાય બચ્યું ન હોય પછી આખી ફરસાણની દુકાન આપે તોયે શું? મારે જાત્રાની ઉંમરે હનીમૂન પર જવાનું?'

'ચંબુ, એક રહસ્ય કઉ? સાંભળ, આવતીકાલે જ મેં ચંપકલાલની દીકરી ચંપા સાથે તારી મુલાકાત ગોઠવી છે.'

'વા..ઉ..ઉ..ઉ ઠાકરિયા' ચંબુ તો અઢી ફૂટ ઉછળ્યો એના હૈયામાં ૪૫૬૪૬ રોમેન્ટિક ઘંટડીઓ વાગી.

બીજા દિવસની મુલાકાતમાં ચંબુએ વાતનો શુભારંભ કર્યો 'ચંપા, બહાર તો જોરદાર ગરમી છે, તો પછી મને કેમ ઠંડી લાગે છે?'

'ગઈકાલે તો કેવી સોલીડ ગરમી હતી. યુ બીલીવ? ચંબુ, કાલે મારા હાથમાંથી ભૂલથી જમીન પર મકાઈના દાણા વેરાયા તો સીધા પોપકોર્નમાં પલટાયા, બોલ.'

'આ તો મારું બેટું જબરું' ચંબુ બોલ્યો.

'ખરું જબરું તો એ પછી થયું. ચણાના લોટનો નાનો ડબ્બો મારા હાથમાંથી જેવો છટક્યો તો જમીન પર જ સીધા ગાંઠિયા-ફાફડા તૈયાર... શું સોલીડ ગરમી હતી.'

'એ ફેંકું, આટલી ગરમીમાં અત્યારે મને ઠંડી કેમ લાગે છે એ બોલને?' ચંબુએ પૂછ્યું.

'કઉ છું. રુકો જરા, કાલની ભયંકર ગરમીમાં ભાન ન રહ્યું ને મારાથી ભૂલથી રાત્રે ફ્રીઝનું બારણું ખુલ્લું રહી ગયું ને એટલે આજ સવારથી અમારી આખી સોસાયટીમાં ઠંડક જ ઠંડક છે, બોલ.'

'બાપરે, સારું હતું કે ઘરનાં બારણા ખુલ્લાં ન રહી ગયાં નઈતર બધુ ચોરાઈ ગયું હોત.'

'અરે આ મારા હૈયાના દ્વાર ખુલ્લા છે ને તું મારુ દિલ ચોરવા તો આવ્યો છે ને. પેલું ગીત છેને 'મૈ ચોર હું કામ હૈ ચોરી,...દિલકો ચુરાતા આયા હું મૈ યહી મેરા કામ.' બરાબર?'

'જબરી રોમેન્ટીક છે, જો ચંપા, વાત આગળ વધતા પહેલાં એક ચોખવટ. મારો પગાર છ હજાર જ છે. ચાલશેને?'

'હં...અરે મારું તો ચાલશે પછી તારું શું?'

'એની જાતની ચંપા...' ચંબુના હૈયામાં જોરદાર ૪૦૦ વોલ્ટનો ધ્રાસકો પડ્યો.

'અરે જરા મજાક.' ચંપા બોલી.

'અરે તારી આવી મજાક મને એટેક લાવી દે.'

'અરે મેરે સપનોકે સલમાન, હું તારા પૈસાને નઈ, તને ચાહું છું.'

'હું પણ તને જ ખૂબ ચાહું છું ચંપા, હનુમાનજીના સોગંદ. ખોટું લાગતું હોય તો મારી બાને પૂછી જો. બસ?. ચંપા, તું મારા આ કદરૂપા ચહેરાને જિંદગીભર ચાહી શકીશ?'

'જો બકા, ચહેરો જોઇને થાય એ સોદો, ને દિલ જોઇને થાય એ પ્રેમ. મેં તારું દિલ જોયું છે ને દિલમાં મને જોઈ છે.'

'હા પણ મેં સાંભળ્યું છે કે સમય જતા પ્રેમ ક્યાં જતો રહે છે એ સમજાતું નથી.'

'આપણા કેસમાં એવું નઈ થાય, ગેરંટી. અરે કોઈને પ્રેમ આપવો એ તો મોટી ભેટ છે, ને કોઈનો પ્રેમ મેળવવો તે મોટું સન્માન. પણ તે મારામાં શું જોયું એ તો કીધું જ નઈ?' ચંપાએ પૂછ્યું.

'મેં? મેં તારામાં માની મમતા ને દીકરીનું વ્હાલ. ટુ ઇન વન...'

'જો આ બધું દેખાતું હોય તો આપણે અહીંથી જ.'

'અરે મજાક કરું છું. કેમ મને મજાક કરવાનો અધિકાર નથી?'

'ચંબુ, ડોન્ટ ફિલ બેડ પણ તમને કોઈ વ્યસન છે? સિગરેટ, ગુટખા કે દારૂ...'

'ખાસ નઈ, માત્ર એક જ પેકેટ સિગારેટનું. વાસ ન આવે એટલે ૧૨૦નો માવો ને રાતે માત્ર દારૂનો એક પેગ. હવે આ બધા માટે પૈસા જોઈએ એટલે જુગાર રમું...બાકી કોઈ વ્યસન નથી.'

'સ્ટોપ ઇટ.... છોકરીઓ ફેરવો છો?' ચંપા તો ભડકી.

'અરે યાર તું તો સીબીઆઈની જેમ તપાસ કરે છે.'

'યસ. કારણકે આપણે ઢીંગલા-ઢીંગલીની રમત નથી રમવાની. ને આટલા બધા નેગેટિવ પોઈન્ટ!..એક પણ પોઝિટિવ નથી?'

'છે ને, એક પોઝિટિવ પણ છે. મારા બાપુજીએ કીધેલું મારામાં' એચઆઈવી પોઝિટિવ છે.'

બાજુની રૂમમાં 'એચઆઈવી પોઝિટિવ સાંભળતાં જ ચંપકલાલ ભડક્યા. ચંબુને ફટકાર્યો, નીચે પાડ્યો. ચંબુ ઊભો થઇ હાથ ખંખેરી શાંતિથી પૂછયું :

'તો હું તમારી ના સમજુને?'

'એબે એય નાની સગલી. ચલ, નીકળ અહીંથી ગેટાઉટ..બીજી વાર સપનામાં પણ જો દેખાયો તો...'

ચંપકલાલ જોરદાર ભડક્યા.

'તમારી કઈ ગેરસમજ થઇ લાગે છે અંકલ... એચઆઈવી એટલે (એચ)હિંમત, (આઈ) ઈમાનદારી, (વી)વિશ્વાસ. હું હિમ્મત, અને ઈમાનદારી બતાવી શક્યો પણ તમારો વિશ્વાસ ન જીતી શક્યો.'

'ડેડી, એનામાં હિંમત ને ઈમાનદારી હશે તો મારામાં વિશ્વાસ રાખો હું આ બધું છોડાવીશ.' ચંપા બોલી.

'અંકલ, હજી મારામાં એક નેગેટિવ પોઈન્ટ છે. જુઠ્ઠું બોલવાનો. છ હજારના પગારમાં આ બધું ક્યાં પોષાય, મને તો ચંપાનો પ્રેમ જ જોઈએ છે. દરેક દર્દની દવા પ્રેમ છે પણ પ્રેમના દર્દની દવા કઈ?'

'આ તમારા હૃદયમાં છુપાઈને પડી છે તે' ચંપા બોલી.

વાતાવરણ હળવુંફુલ થઇ ગયું.

'બકા, હવે કપાળમાંથી લોહી નીકળે છે તેના માટે કોઈ દવા લગાડ' ચંબુ બોલ્યો.

આવો પ્રેમ તમે કોઈને કે કોઈએ તમને કર્યો છે? શું કહો છો? ■




# ફિફા વર્લ્ડ કપના સૌથી નાના દેશ ક્યૂરસાવે જર્મની સામે કર્યો ગોલ!

## જોકે જર્મની ૭-૧થી અને ટ્યૂનિશિયા સામે સ્વિડન ૫-૧થી જીત્યું

હ્યુસ્ટન/ગ્વોડલૂપઃ ફિફા વર્લ્ડ કપની બે મોટી ટીમ જર્મની અને સ્વિડને (ભારતીય સમય મુજબ રવિવાર રાતથી માંડીને સોમવાર સવાર સુધીમાં) પોતપોતાની મેચમાં મોટા માર્જિનથી વિજય મેળવવાની સાથે ત્રણ પોઇન્ટ હાંસલ કરી લીધા હતા.

બૉલ્ડ ટચૂકડા દેશ ક્યૂરસાવનો જર્મની સામે એક ગોલ! ગ્રૂપ-ઈમાં જર્મનીએ ફિફા વર્લ્ડ કપના ઇતિહાસના સૌથી નાના દેશ ક્યૂરસાવને ૭-૧થી હરાવી દીધું હતું. આ ટચૂકડા દેશની વસ્તી માંડ ૧.૫૮ લાખની છે અને એણે આ વખતે વર્લ્ડ કપમાં ક્વોલિફાય થઈને નવો વિક્રમ સ્થાપિત કર્યો છે. આ નાનકડા દેશના ખેલાડીઓએ જર્મની જેવા ધરખમ અને ચાર વખત વર્લ્ડ ચૅમ્પિયન બનેલા દેશને જોરદાર લડત આપીને એની સામે એક ગોલ કર્યો એ પણ બહુ મોટી સિદ્ધિ કહેવાય. આ ઐતિહાસિક ગોલ ક્યૂરસાવના લિવેનો કોમેનેન્સીયાએ કર્યો હતો. જર્મની વતી સાતમાંથી બે ગોલ કેઈ હેવર્ટ્ઝે કર્યા હતા.

### સ્વિડને હરાવ્યું ટ્યૂનિશિયાને

ગ્રૂપ-એફમાં સ્વિડને ટ્યૂનિશિયાની મજબૂત ટીમને ૫-૧થી હરાવી દીધી હતી. ૧૯૯૦ના દાયકામાં સ્વિડન ફૂટબોલ વિશ્વમાં બીજા નંબરે હતું.જોકે હાલમાં એની ૩૮મી રેન્ક છે, જ્યારે ટ્યૂનિશિયાની રેન્ક ૪૫મી છે.

### અન્ય મૅચોમાં શું બન્યું?

રવિવારે ઑસ્ટ્રેલિયાએ તૂર્કીને ૨-૦થી માત આપી હતી. સોમવારે નેધરલૅન્ડ્સ અને જાપાન વચ્ચેની રસાકસીભરી મેચ ૨-૨થી ડ્રૉમાં ગઈ હતી અને બંને ટીમને એક એક પોઇન્ટ મળ્યા હતા. સોમવારની અન્ય એક મેચમાં આઇવરી કોસ્ટે ઈક્વેડોરને રોમાંચક મુકાબલામાં ૧-૦થી હરાવી દીધું હતું. ■



| આજે ફિફા વર્લ્ડ કપમાં કઈ મૅચ રમાશે? | | |
|---|---|---|
| બેલ્જિયમ વિરુદ્ધ ઈજિપ્ત મધરાત બાદ ૧૨:૩૦ વાગ્યે | સઉદી અરેબિયા વિરુદ્ધ ઉરુગ્વે મધરાત બાદ ૩:૩૦ વાગ્યે | ઈરાન વિરુદ્ધ ન્યૂઝીલૅન્ડ સવારે ૬:૩૦ વાગ્યે |

# હાઇ વૉલ્ટેજ મૅચમાં સુપર ઓવરમાં શ્રીલંકા-એ સામે હાર્યું ઈન્ડિયા-એ

દમ્બુલા : ઈન્ડિયા-એ અને શ્રીલંકા-એ વચ્ચે રમાયેલી રોમાંચક મેચમાં વિજેતાનો નિર્ણય સુપર ઓવરમાં આવ્યો હતો. જ્યાં યજમાન શ્રીલંકા-એનો સાત રનથી વિજય થયો હતો અને જીત સાથે શ્રીલંકા-એ એ પોઈન્ટ ટેબલમાં ટોચનું સ્થાન મેળવ્યું. બંને ટીમોએ નિર્ધારિત ૫૦ ઓવરમાં ૨૬૫-૨૬૫ રન કર્યા હતા જેના કારણે મેચ ટાઈ થઈ હતી અને સુપર ઓવર રમવી પડી હતી. આ મુકાબલો હાઇ-વૉલ્ટેજ હતો અને બંને ટીમના ખેલાડીઓમાં ટકરામણ થઇ હતી.સુપર ઓવરમાં શ્રીલંકા-એની ટીમે ૧૬ રન કર્યા હતા જેના જવાબમાં ઈન્ડિયા-એ ફક્ત નવ રન કરી શક્યું હતું. સુપર ઓવરમાં સૂર્યાંશ શેડગે અને વૈભવ સૂર્યવંશી ભારતને જીત અપાવવામાં નિષ્ફળ રહ્યા. ભારતીય ટીમ હવે ૧૭ જૂને પોતાની અંતિમ લીગ મેચમાં અફઘાનિસ્તાન-એનો સામનો કરશે.

તિલક વર્માની કેપ્ટનશિપ હેઠળ ઈન્ડિયા-એ એ પોતાની પહેલી મેચમાં શ્રીલંકા-એને ૮ રનથી હરાવ્યું હતું. ત્યારબાદ તેઓ વરસાદથી પ્રભાવિત મેચમાં ડીએલએસ પદ્ધતિ હેઠળ અફઘાનિસ્તાન-એ સામે ૪ રનથી હારી ગયા. હવે શ્રીલંકા-એ સામે હાર્યા બાદ ઈન્ડિયા-એનો ફાઇનલમાં પહોંચવાનો માર્ગ મુશ્કેલ બની ગયો છે. ૨૬૬ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકા-એ તરફથી નિરોશન ડિકવેલા અને અવિષ્કા ફર્નાન્ડોએ સારી શરૂઆત અપાવી હતી. ભારતને પહેલી સફળતા અવિષ્કા ફર્નાન્ડો (૨૨ રન) ના રૂપમાં મળી, જેને નિશાંત સિંધુએ આઉટ કર્યો. ત્યારબાદ વિશેન હલંબગે (૧૭ રન) ને આયુષ બદોનીએ આઉટ કર્યો. ડિકવેલા (૩૭ રન) સારી બેટિંગ કરી રહ્યો હતો, પરંતુ તે વિપ્રજ નિગમનો શિકાર બન્યો હતો. સહાન અરાચીગે (૮ રન) અને અહાન વિક્રમસિંઘે (૬ રન) પણ ખાસ કંઈ કરી શક્યા નહીં. શ્રીલંકા-એનો સ્કોર પાંચ વિકેટે ૧૪૩ રન થઈ ગયો હતો.

ટોસ હારીને પ્રથમ બેટિંગ કરતા ઈન્ડિયા-એ એ ૪૯.૨ ઓવરમાં ૨૬૫ રન કર્યા હતા. ભારત તરફથી વૈભવ સૂર્યવંશી વૈભવ ૧૪ બોલમાં ૨૧ રન કરીને આઉટ થયો હતો. ■

# સ્વિડીશ ખેલાડીએ પિતાના વતનને માન આપ્યું, ગોલ કર્યા બાદ માફી માગી!

મોન્ટેરી (મેક્સિકો): સ્વિડને ફિફા વર્લ્ડ કપમાં રવિવારે ટ્યૂનિશિયા સામે ૫-૧થી જે શાનદાર વિજય મેળવ્યો એમાં સ્વિડન વતી પહેલો ગોલ કર્યા બાદ ખેલાડી યાસિન અયારી ખૂબ ભાવુક થઈ ગયો હતો. અયારીએ આ મેચમાં કુલ બે ગોલ કર્યા હતા. તેણે પ્રથમ ગોલ સાતમી મિનિટમાં અને બીજો ગોલ ૯૦ મિનિટની મુખ્ય મેચ પછી સ્ટોપેજ ટાઈમમાં (૯૬મી મિનિટમાં) કર્યો હતો. સામાન્ય રીતે કોઈ પણ ફૂટબોલર ગોલ કર્યા પછી આનંદના અતિરેકમાં એ ગોલ સેલિબ્રેટ કરતો હોય છે. જોકે અયારીએ જે પહેલો ગોલ કર્યો હતો એનું ત્યારે તેણે કોઈ જ સેલિબ્રેશન નહોતું કર્યું. તેણે તો માત્ર હાથ થોડો ઊંચો કરીને માફી માગી હતી.

અયારીએ માફી તેના પિતાના વતન ટ્યૂનિશિયાની માગી હતી. ■

# સોમાલિયાના રેફરીને જાકારો ફળ્યો, ફિફા સંપૂર્ણ ફી ચૂકવશે

એટલાન્ટા : સોમાલિયાના રેફરી ઓમર આર્ટનને ફિફા વર્લ્ડ કપ માટે અમેરિકામાં પ્રવેશ આપવામાં આવ્યો નથી પરંતુ તેમ છતાં તેમને ટુર્નામેન્ટ સંપૂર્ણ ફી ચૂકવવામાં આવશે. આ ઘટનાની જાણકારી ધરાવતા એક વ્યક્તિએ એસોસિએટેડ પ્રેસને જણાવ્યું હતું કે આર્ટન લગભગ છ અઠવાડિયાની ટુર્નામેન્ટ દરમિયાન કોઈપણ મેચમાં અમ્પાયરિંગ ન કરે તો પણ તે ચુકવણી માટે હકદાર રહેશે. નામ ન આપવાની શરતે સૂત્રોએ આ જાણકારી આપી હતી. તેઓએ કહ્યું કે ફીનો નિર્ણય આવતા મહિને ટૂર્નામેન્ટ સમાપ્ત થયા પછી લેવામાં આવશે.■

# નેધરલૅન્ડ્સ સામેની મૅચ બાદ જાપાની ચાહકોએ સ્ટેડિયમમાં સફાઈ કરી જીત્યું દિલ

અર્લિંગ્ટનઃ ફિફા વર્લ્ડકપ ૨૦૨૬માં જાપાન અને નેધરલેન્ડ વચ્ચેની મેચ ૨-૨ થી ડ્રો રહી હતી. મજબૂત ડચ ટીમ હોવા છતાં જાપાન ડ્રો કરવામાં સફળ રહ્યું. મેચ પછી જાપાની ચાહકોની સ્વચ્છતા પ્રત્યેની જાગૃતિએ બધાના દિલ જીતી લીધા હતા. વાસ્તવમાં જાપાન અને નેધરલેન્ડ વચ્ચેની મેચ સમાપ્ત થયા પછી જાપાની ચાહકો સ્ટેડિયમમાં સફાઈ કરતા જોવા મળ્યા હતા. તેમણે સ્ટેડિયમમાં રહેલો કચરો ઉપાડ્યો અને સીટો પરની ગંદકી સાફ કરી હતી. વીડિયોમાં એક ફેન્સે કહ્યું કે તેઓ ખેલાડીઓ અને સ્ટેડિયમનો આદર કરે છે અને અહીં હોવાનો ગર્વ અનુભવે છે, જેના કારણે તેઓ તેને સાફ કરી રહ્યા છે. તેઓ સ્ટેડિયમને ગંદું છોડવા માગતા નથી. આ વર્તન માટે જાપાની ચાહકોની વિશ્વભરમાં પ્રશંસા થઈ રહી છે. ■

# આઈપીએલ ફાઈનલે ટીવી વ્યૂઅરશિપનો રેકૉર્ડ તોડ્યો

મુંબઈ : તાજેતરમાં પૂર્ણ થયેલી ઈન્ડિયન પ્રિમિયર લીગ ૨૦૨૬ની સીઝનમાં દર્શકોની સંખ્યા ૧.૨ અબજ નોંધાઈ હતી જે ગયા વર્ષની સરખામણીએ સાત ટકા વધુ છે. સત્તાવાર બ્રોડકાસ્ટરે આ જાણકારી આપી હતી. નોંધનીય છે કે અમદાવાદમાં રમાયેલી આઈપીએલની ફાઈનલમાં ગુજરાત ટાઈટન્સને પાંચ વિકેટથી હરાવીને રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ સતત બીજી વખત આઈપીએલ ટાઈટલ જીત્યું હતું. જિયોસ્ટારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ટાટા આઈપીએલ ૨૦૨૬માં દર્શકોની સંખ્યા ૧.૨ અબજ કરતા પણ વધુ રહી હતી જે વાર્ષિક ધોરણે સાત ટકાનો વધારો દર્શાવે છે. આ સીઝનમાં વોચ ટાઈમ ૮૭૦ અબજ મિનિટનો રહ્યો હતો. ફાઈનલ મેચમાં વ્યૂઅરશીપ બમણી રહી હતી. જે અત્યાર સુધીમાં સૌથી વધુ જોવાયેલી આઈપીએલની મેચ બની ગઈ છે જેમાં અલગ અલગ સ્ક્રીન પર ૪૦ કરોડથી વધુ લોકોએ જોઈ હતી.■

# દીપ્તિ શર્મા હવે ટી-૨૦ ક્વીનઃ રેકોર્ડ-બ્રેક ક્રાઉડની હાજરીમાં કર્યો વિશ્વવિક્રમ

બર્મિંઘમઃ ભારતની મહિલા ટી-૨૦ ટીમે અહીં રવિવારે કટ્ટર હરીફ પાકિસ્તાનની ટીમને આ ફૉર્મેટમાં વિક્રમજનક ૬૪ રનથી હરાવીને એને વર્લ્ડ કપના ઇતિહાસમાં વધુ એક નાલેશી તરફ મોકલી હતી. ટી-૨૦ વિશ્વ કપમાં ભારત હવે પાકિસ્તાન કરતાં ૭-૨થી આગળ છે. બેટિંગમાં ઓપનર સ્મૃતિ મંધાના (૬૮ રન, ૪૪ બોલ, બે સિક્સર, નવ ફોર) અને બોલિંગમાં સ્પિનર દીપ્તિ શર્મા (૪-૦-૧૦-૫)નો દમદાર અને રેકૉર્ડ-બ્રેક પર્ફોર્મન્સ હતો. દીપ્તિના સ્પિન સામે પાકિસ્તાની બેટર્સ પાસે કોઈ જવાબ નહોતો. સચિન તેંડુલકર અને ઈરફાન પઠાણ સહિત અનેક ભારતીય ખેલાડીઓએ ભારતીય મહિલા ટીમને આ વિજયી શરૂઆત બદલ સોશ્યલ મીડિયામાં હાર્દિક અભિનંદન આપ્યા છે. ■

### દીપ્તિએ કોનો વિશ્વવિક્રમ તોડ્યો

દીપ્તિ શર્માએ ટી-૨૦ ઇન્ટરનેશનલમાં કુલ ૧૬૬ વિકેટ લીધી છે. આ નવો વર્લ્ડ રેકૉર્ડ છે. દીપ્તિએ થાઈલેન્ડની થિપાચા પુથવોન્ગનો ૧૬૫ વિકેટનો અને મુખ્ય ક્રિકેટ દેશોની જ વાત કરીએ તો ઑસ્ટ્રેલિયાની મેગન શટનો ૧૫૨ વિકેટનો વિશ્વવિક્રમ તોડી નાખ્યો છે. દીપ્તિએ આ અનેરી સિદ્ધિ બર્મિંગમમાં વિક્રમજનક ક્રાઉડની હાજરીમાં મેળવી હતી. આ મેચ દરમ્યાન સ્ટેડિયમમાં પ્રેક્ષકોની સંખ્યા ૧૮,૮૧૪ હતી. મહિલાઓના ટી ૨૦ વર્લ્ડ કપની એક મેચનું આ હવે રેકોર્ડ-બ્રેક ક્રાઉડ છે. ■

### દીપ્તિનો ભારતીય વિક્રમ સાથે સપાટો

પ્લેયર ઑફ ધ મેચ દીપ્તિએ વિક્રમજનક બોલિંગમાં પહેલાં બે ઓવરમાં બે વિકેટ લીધી હતી અને મેચની આખરી બનેલી ૧૭મી ઓવરમાં પાંચ બોલમાં આખરી ત્રણ વિકેટ લઈ લીધી હતી. ૧૦ રનમાં પાંચ વિકેટ એ હવે દીપ્તિનો ભારતીય વિક્રમ છે. તેણે રેણુકા ઠાકુર ૫/૧૫ અને પ્રિયંકા રોય ૫/૧૬નો વિક્રમ તોડ્યો છે. ■

# બિગ બૅશ લીગ રમાશે ભારતમાં

ધરમશાલાઃ ઈન્ડિયન પ્રીમિયર લીગના ચેરમેન અરુણ ધુમલનું માનવું છે કે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાની બિગ બૅશ લીગ (બીબીએલ)ને ભારતમાં લાવવાનો નિર્ણય એક સ્વાભાવિક પગલું છે, કારણ કે ભારત વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ બજાર છે. બીબીએલની પહેલી મેચ ડિસેમ્બરમાં ચેન્નઈના સ્ટેડિયમમાં રમાશે, કારણ કે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા રમતના સૌથી મોટા પ્રેક્ષકો સુધી પહોંચવા માગે છે.

ધુમલે કહ્યું હતું કે વિશ્વ ક્રિકેટમાં ભારતનું સ્થાન તેને વિદેશી લીગ માટે એક સ્વાભાવિક સ્થળ બનાવે છે જે તેમની પહોંચ વધારવા માંગે છે. ''જુઓ, ભારત સૌથી મોટું ક્રિકેટ બજાર છે. તેથી અલબત્ત, ક્રિકેટ ઓસ્ટ્રેલિયા તેનો લાભ લેવા માંગે છે.'' ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.



## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ગાદી | MATTRESS |
| ગાદલાં | NEGLIGENT |
| ગાદીપતિ | SEAT |
| ગાન | HEIR |
| ગાફેલ | SONG |

## માતૃભાષાની મહેક

અમ્લપિત્ત એટલે આહારમાંથી ઉત્પન્ન થતું વિષ પિત્ત સાથે ભળતાં પેદા થતું દર્દ. વાસી, ખાટું, ખરાબ ભોજન; ખૂબ તાપ-તડકામાં રખડપટ્ટી, ખોટા ઉજાગરા, શરદ ઋતુનો પ્રભાવ, માદક પદાર્થોનાં વ્યસન વગેરેથી પિત્તદોષ થાય છે અને પરિણામે 'અમ્લપિત્ત' દર્દ થાય છે.

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ MELOPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) માલિક બ) સંગીત
ક) તોફાન ડ) ભણતર

## ઈર્શાદ

*મધ, આદુરસ મેળવી ચાટે પરમ ચતુર,*
*શ્વાસ, શરદી, વેદના ભાગે તો જરૂર.*
---- લોકરચના

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ૩ | ૪ | | ૫ | ■ | ૬ | |
| ■ | ૭ | | | | ■ | ૮ | | | ■ |
| ■ | | ■ | ૯ | | ■ | | ■ | ૧૦ | |
| ૧૧ | | ■ | ■ | ૧૨ | | ■ | ૧૩ | | ■ |
| | ■ | ૧૪ | ૧૫ | | ■ | ૧૬ | | ■ | ૧૭ |
| | ■ | ૧૮ | | ■ | ૧૯ | | | ■ | |
| ■ | ૨૦ | | ■ | ૨૧ | | ■ | ■ | ૨૨ | |
| ૨૩ | | ■ | ૨૪ | | | ૨૫ | | | ■ |
| ■ | ૨૬ | | | ■ | ૨૭ | | | | ■ |
| ૨૮ | | ■ | ૨૯ | | | | ■ | ૩૦ | |

### આડી ચાવી

૧. ભવિષ્ય, નસીબ (૨)
૩. નવું (૪)
૬. પરોઢ (૨)
૭. વિરુદ્ધ, ઊલટું (૪)
૮. ખેપિયો, સંદેશો લાવનાર લઈ જનાર (૩)
૯. ઘર વચ્ચેની ચોખંડી ખુલ્લી જગા (૨)
૧૦. તોર, મગરૂરી (૨)
૧૧. ગ્રહેશ (૨)
૧૨. હિસાબ કે નામાનો ચોપડો (૨)
૧૩. દીવો (૨)
૧૪. ભયંકર, બીહામણું (૩)
૧૬. મમતા, સ્નેહ (૨)
૧૮. મા (૨)
૧૯. પડતી (૩)
૨૦. વાણી અને --- નો વ્યય કરવો નહીં (૨)
૨૧. કાયદો (૨)
૨૨. ઊણપ, ઓછપ (૨)
૨૩. વૃદ્ધાવસ્થા, ઘડપણ (૨)
૨૪. કુબેર (૪)
૨૬. વાર (૩)
૨૭. --- થવું=સફળ થવું (૪)
૨૮. શૂર, પરાક્રમી (૨)
૨૯. મુરાદ, મનની ધારણા (૪)
૩૦. મારગ (૨)

### ઊભી ચાવી

૨. ઉત્તમ બ્રાહ્મણ (૪)
૩. વાળેલો આંકડો (સાંકળ કે આંકડી) ભરાવવાનો (૩)
૪. અનુકૂળતા અને પ્રતિકૂળતા (૫)
૫. અંજામ, પરિણામ (૩)
૬. અગરબત્તી (૪)
૧૧. ચહેરો, મુખાકૃતિ (૩)
૧૩. વર્ણન, હેવાલ (૩)
૧૪. મુંબઈની --- મુંબઈમાં સમાણી (૩)
૧૫. ---ના ભાવ રાતે ગયા (૨)
૧૬. જનની (૨)
૧૭. ભેદ જાણનાર (૩)
૧૯. પારકાનું ભલું કરવું તે (૫)
૨૦. પાર વગરનું, પુષ્કળ (૪)
૨૧. અનાજ (૨)
૨૨. નાલાયક, છકી ગયેલું (૪)
૨૪. ---ની ગાયના દાંત ન જોવાય (૩)
૨૫. કોઈ પવિત્ર કે જાત્રાનું સ્થળ (૩)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આં | ખ | મિ | ૨ ચો | ૩ લી | ■ | ૪ અ | વ | દ | ૫ શા |
| દો | ■ | ■ | ૬ વ | લ | ૭ વ | લ | ■ | ■ | ણ |
| ૮ લ | ૯ હે | ■ | ટ | ■ | ૧૦ સ | ભ્ય | ૧૧ તા | ■ | પ |
| ૧૨ ન | ર | વું | ■ | ૧૩ ખ્યા | તિ | ■ | ૧૪ ર | મ | ણ |
| ■ | ત | ■ | ૧૫ મા | લ | ■ | ૧૬ ભોં | ણ | ■ | ■ |
| ■ | ■ | ૧૭ સા | ળી | ■ | ૧૮ કા | ડું | ■ | ૧૯ ખે | ■ |
| ૨૦ વ | હે | મ | ■ | ૨૧ મા | જી | ■ | ૨૨ દે | વ | ૨૩ ત |
| ચ્યો | ■ | ૨૪ નો | ૨૫ ક | ર | ■ | ૨૬ લ | ■ | ૨૭ ના | ર |
| વ | ■ | ■ | ૨૮ પ | ગ | ૨૯ ર | વ | ■ | ■ | ભા |
| ૩૦ ચ | ટ | પ | ટી | ■ | ૩૧ જ | રી | પુ | રા | ણું |

## ઓળખાણ પડી?

કેલરીથી સમૃદ્ધ એવી ત્રણ હિસ્સાની બનેલી દાલ - બાટી - ચુરમા નામની સ્વાદિષ્ટ વાનગી કયા રાજ્યની સ્પેશ્યાલિટી છે?



અ) મહારાષ્ટ્ર બ) રાજસ્થાન ક) ગુજરાત ડ) બિહાર

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'ગયું ધન તે સાંપડે, ગયાં વળે છે વહાણ' પંક્તિમાં સાંપડે શબ્દનો અર્થ જણાવો.

અ) કમાણી બ) મળે ક) ખર્ચ ડ) તિજોરી

## માઈન્ડ ગેમ

સહ્યાદ્રી પર્વતમાળામાં મોભાદાર સ્થાન ધરાવતો અનેક યાદગાર લડતનો સાક્ષી રાયગઢ કિલ્લો કયા રાજ્યમાં સ્થિત છે ?

અ) પંજાબ બ) હિમાચલ પ્રદેશ ક) મહારાષ્ટ્ર ડ) ઓડિશા

## સુડોકુ - આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૨ | | ૧ | | ૮ | | ૩ | ૭ |
| ૧ | | | ૬ | | ૯ | | | ૮ |
| | | ૩ | | | | ૪ | | |
| ૭ | | ૪ | ૮ | | ૬ | ૩ | | ૨ |
| | | | | | | | | |
| ૯ | | ૨ | ૪ | | ૩ | ૧ | | ૫ |
| | | ૮ | | | | ૫ | | |
| ૪ | | | ૨ | | ૫ | | | ૩ |
| ૩ | ૯ | | ૭ | | ૧ | | ૨ | ૪ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ.

### સુડોકુ - ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૭ | ૫ | ૬ | ૮ | ૩ | ૯ | ૧ | ૨ |
| ૧ | ૩ | ૮ | ૨ | ૯ | ૭ | ૪ | ૬ | ૫ |
| ૬ | ૯ | ૨ | ૫ | ૧ | ૪ | ૩ | ૭ | ૮ |
| ૯ | ૪ | ૧ | ૭ | ૬ | ૫ | ૮ | ૨ | ૩ |
| ૭ | ૨ | ૬ | ૯ | ૩ | ૮ | ૫ | ૪ | ૧ |
| ૮ | ૫ | ૩ | ૧ | ૪ | ૨ | ૬ | ૯ | ૭ |
| ૨ | ૮ | ૭ | ૪ | ૫ | ૬ | ૧ | ૩ | ૯ |
| ૩ | ૬ | ૯ | ૮ | ૭ | ૧ | ૨ | ૫ | ૪ |
| ૫ | ૧ | ૪ | ૩ | ૨ | ૯ | ૭ | ૮ | ૬ |

## ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ગાડું | BULLOCK -CART |
| ગાડી | CAR |
| ગાડી | DRIVER |
| ગાઢ | THICK |
| ગાથા | STORY |

ગુજરાત મોરી મોરી રેઃ
કમ્પ્યુટર

ઓળખાણ પડી?
મિસળ

માઈન્ડ ગેમ :
રાજસ્થાન

ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ
અંદર

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ધીરેન્દ્ર ઉદેશી (૪) ભામિની સંપટ (૫) પ્રતિમા પમાણી (૬) ડો. પ્રકાશ કટકિયા (૭) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૮) ભારતી બુચ (૯) ભરત કજરિયા (૧૦) વિપીન શાહ (૧૧) નૂતન વિપીન શાહ (૧૨) હર્ષા મહેતા (૧૩) શ્રદ્ધા આશર (૧૪) મહેશ સંઘવી (૧૫) મીનળ કાપડિયા (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) ભાવના કર્વે (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) કમલ માતલિયા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) વિણા સંપટ (૨૬) ખુશરૂ કાપડિયા (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૦) વિજય આસર (૩૧) અલકા વાણી (૩૨) ડાયના સંતોકે (૩૩) નિતીન જયંતીલાલ બજરિયા (૩૪) અરવિંદ કામદાર (૩૫) પ્રિતીબેન ઉદય શેઠ (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) લજિતા ખોના (૩૮) પુષ્પા પટેલ (૩૯) મહેશ દોશી (૪૦) તાહેર ઔરંગાબાદવાલા (૪૧) શીરીન ઔરંગાબાદવાલા (૪૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૩) મહેન્દ્ર લોઢાવિયા (૪૪) પ્રવીણ વોરા (૪૫) રમેશભાઈ દલાલ (૪૬) ઈનાક્ષીબેન દલાલ (૪૭) હિનાબેન દલાલ (૪૮) જ્યોત્સના ગાંધી

# મહાવિતરણ માર્કેટમાં

## મહાયુતિ સરકાર સૌથી મોટી કંપનીનો આઈપીઓ લાવવાની તૈયારીમાં છે

## ૧૦ હજાર કરોડ ઊભા કરવા લાખો કરોડોની કિંમતની કંપની વેચી દેવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહાયુતિ સરકારે હવે રાજ્યના કરોડો વીજ ગ્રાહકોને વીજળી પૂરી પાડતી સરકારી કંપની મહાવિતરણનું ખાનગીકરણ કરવાનો નિર્ણય લીધો છે અને મહાવિતરણના શેર ટૂંક સમયમાં વેચાણ માટે મૂકવામાં આવશે.

આનાથી મહાવિતરણમાં કામ કરતા હજારો અધિકારીઓ અને કર્મચારીઓની નોકરીઓમાં કટોકટી ઊભી થઈ છે. આનાથી ભવિષ્યને લઈને મહાવિતરણના કર્મચારીઓમાં અસ્થિરતાનું વાતાવરણ સર્જાયું છે.

મુંબઈ સમાચાર એક્સક્લુઝિવ

રાજ્ય સરકારે ૨૭ મેના રોજ મહાવિતરણ માટે શેર (IPO) વેચવાના પ્રથમ પગલા તરીકે વેપારી બેંકની નિમણૂક કરવા માટે ટેન્ડર બહાર પાડ્યું છે. આ ટેન્ડર દ્વારા, વેપારી બેંકની નિમણૂક કરીને મહાવિતરણની શેર મૂડી વેચવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ કંપનીના ઉચ્ચ અધિકારીઓમાં ચર્ચા છે કે આ સમગ્ર મહાવિતરણ કંપનીને ખાનગી મૂડીવાદીઓના હાથમાં સોંપવાની દિશામાં પ્રથમ પગલું છે.

તેથી, છટણીના નામે મહાવિતરણમાં કામ કરતા હજારો અધિકારીઓ અને કર્મચારીઓ ભવિષ્યમાં તેમની નોકરી ગુમાવે તેવી શક્યતા છે.

મહાયુતિ સરકાર સત્તામાં આવ્યા પછી, બે વર્ષ પહેલાં મહાવિતરણનું ખાનગીકરણ કરવા માટે આંતરરાષ્ટ્રીય કન્સલ્ટિંગ ફર્મ મેકેન્ઝીની નિમણૂક કરવામાં આવી હતી. મેકેન્ઝી સરકારી કંપનીઓનું ખાનગીકરણ કરવામાં નિષ્ણાત છે. આ માટે, મેકેન્ઝીને મહાવિતરણની બધી સંવેદનશીલ નાણાકીય અને વ્યાપારી માહિતી આપવામાં આવી છે. મેકેન્ઝી એક વિવાદાસ્પદ કંપની છે અને તે જ કંપનીએ ભારતમાં એનરોન માટે કન્સલ્ટિંગ ફર્મ તરીકે કામ કર્યું

(જુઓ પાનું ૪) ▸▸

# ૭/૧૨માં હવે પુરુષો સાથે મહિલાનું પણ નામ

## મહારાષ્ટ્ર સરકારનો નિર્ણય: વિધાનસભાના સત્રમાં મંજૂરી મળે એવી શકયતા

મુંબઈ: દેવેન્દ્ર ફડણવીસ સરકાર ગ્રામીણ મહિલાઓને સક્ષમ બનાવવા માટે વિધાનમંડળના ચોમાસુ સત્રમાં એક બિલ લાવશે, જે અંતર્ગત મહારાષ્ટ્રમાં પહેલીવાર ખેતીની જમીન પર પુરુષોની જેમ મહિલાઓનું નામ પણ સામેલ કરવામાં આવશે. આ માટે સરકાર ચોમાસુ સત્રમાં વિધાનમંડળમાં બિલ રજૂ કરશે. સરકારની યોજના છે કે સાત બારા પર મહિલાઓનું નામ હોવાથી જમીનની માલિકીમાં બંનેની ભાગીદારી બરાબર થશે. આનાથી ખેતીની જમીન વેચતી વખતે પુરુષ એકલો આખી ખેતી વેચી શકશે નહીં. આ પ્રસ્તાવ નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવાર દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.

એક અધિકારીએ જણાવ્યું કે બિલનો ડ્રાફ્ટ તૈયાર કરી લેવામાં આવ્યો છે, જેમાં મહિલા ખેડૂતોને આર્થિક અને સામાજિક રીતે મજબૂત બનાવવા માટે જરૂરી નિયમો બનાવવામાં આવ્યા છે. આ બિલ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સમક્ષ રજૂ કરવામાં આવશે. બિલ અંગે પ્રેઝન્ટેશન આપવામાં આવશે, એવી વિગતવાર

(જુઓ પાનું ૪) ▸▸

# આમંત્રણ કાર્ડમાંથી એકનાથ શિંદેનું નામ બાકાત, શિવસેના નારાજ

થાણે : નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાર આમંત્રણ કાર્ડમાંથી મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેના પ્રમુખ એકનાથ શિંદેનું નામ ન હોવાથી સેનાના કાર્યકરોએ વિરોધ કર્યો અને ભાજપના પ્રધાન અને શિંદેના વિરોધી ગણેશ નાઈક સામે કાળા વાવટા ફરકાવ્યા હતા.

સોમવારે હાઇ-પ્રોફાઇલ કાર્યક્રમ માટેની આમંત્રણ પત્રિકામાં શિંદેનું નામ ગાયબ હોવાનું માલૂમ પડતા વિવાદ શરૂ થયો હતો. થાણે લોકસભાના સભ્ય નરેશ મ્હસ્કેએ દાવો કર્યો હતો કે શિંદેનું નામ જાણી જોઈને અવગણવામાં આવ્યું હતું.

તેમણે દાવો કર્યો હતો કે નવી મુંબઈ મ્યુનિસિપલ કમિશનરે તેમને જાણ કરી હતી કે નાગરિક વહીવટીતંત્રે રાજ્ય પ્રોટોકોલ મુજબ શિંદેનું નામ સામેલ કર્યું હતું. ''જોકે, ત્યારબાદ મેયર ઓફિસે, શિંદેનું નામ કાઢી નાખ્યું અને સુધારેલ આમંત્રણ પત્રિકા ફરતી કરી, મહાનગરપાલિકાના વડાને ટાંકીને મ્હસ્કેએ દાવો કર્યો હતો.

શિવસેનાના નેતા અને પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે પણ આ ઘટનાક્રમ પર ઊંડો અસંતોષ વ્યક્ત કર્યો. ''આ મુદ્દો મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના ધ્યાન પર પહેલેથી જ

(જુઓ પાનું ૪) ▸▸

# પીએમ મોદીના આહ્વાનથી પ્રેરિત થઈને વર્ધાના પરિવારે પુત્રના લગ્નમાં સોનાની ખરીદી ટાળી

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અપીલથી પ્રેરિત થઈને, મહારાષ્ટ્રના વર્ધાના એક પરિવારે તેમના પુત્રના લગ્ન માટે સોનાના દાગીના ન ખરીદવાનો અને તેના બદલે તેમની ભવિષ્યની પુત્રવધૂ માટે 'મંગળસૂત્ર'ને રિફર્બિશ કરવાનો નિર્ણય લીધો છે.

મોદીને સંબોધીને લખેલા એક પત્રમાં, વર્ધાના પુલગાંવમાં પૂજા સામગ્રીની દુકાન ચલાવતા સતીશ ગૌરીશંકર ચૌબેએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રના હિતમાં જવાબદારીપૂર્વક ખર્ચ કરવાના વડા પ્રધાનના આહ્વાનથી પ્રભાવિત થઈને તેમના પરિવારે કન્યા માટે નવું મંગળસૂત્ર ન ખરીદવાનો નિર્ણય લીધો છે. ચૌબેના જણાવ્યા અનુસાર

(જુઓ પાનું ૪) ▸▸

# નાલાસોપારામાં ટીવી સિરિયલની અભિનેત્રી સંચિતા ઉગલેની આત્મહત્યા



પાલઘર: 'કુમકુમ ભાગ્ય' અને 'વાગલે કી દુનિયા' જેવી જાણીતી ટીવી સિરિયલમાં પોતાની ભૂમિકા માટે જાણીતી અભિનેત્રી સંચિતા મચ્છિન્દ્ર ઉગલેએ નાલાસોપારામાં તેના નિવાસસ્થાને આત્મહત્યા કરી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

નાલાસોપારામાં આચોલે પોલીસ સ્ટેશનની હદમાં આવેલા સંચિતા (૨૨)એ રવિવારે સાંજે સાત વાગ્યાની આસપાસ પંખા સાથે ગળાફાંસો ખાધો હતો. માતા-પિતા અને બહેન સાથે રહેતી સંચિતા રવિવારે સાંજે ઘરમાં એકલી હતી.

બનાવની જાણ થતાં પોલીસ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચી હતી અને તપાસ આદરી હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે અમને ઘટનાસ્થળેથી કશું જ શંકાસ્પદ મળ્યું નહોતું અને કોઇ સુસાઇડ નોટ પણ

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ, એમએમઆરમાં શૂન્ય જાનહાનિનું લક્ષ્ય રાખો

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સોમવારે મુંબઈ અને મુંબઈ મેટ્રોપોલિટન ક્ષેત્રમાં ચોમાસા દરમિયાન શૂન્ય જાનહાનિ સુનિશ્ચિત કરવા માટે તમામ એજન્સીઓને સંકલન કરવા અને ખાતરી કરવા નિર્દેશ આપ્યો. નગર વિકાસ ખાતાના પ્રધાન અને પાલક પ્રધાન (મુંબઈ શહેર) એકનાથ શિંદેએ પીવાના પાણીના વ્યવસ્થાપન માટે આયોજન કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો, કારણ કે ચોમાસામાં વિલંબ થયો છે. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ચોમાસા પહેલાની તૈયારી અંગેની સમીક્ષા બેઠક દરમિયાન, શિંદેએ અધિકારીઓને ગટરોની સફાઈ, હોર્ડિંગ તળાવોનું બાંધકામ અને જાળવણી, ભૂસ્ખલન-સંભવિત વિસ્તારોમાં રક્ષણાત્મક જાળી લગાવવા અને હોર્ડિંગ્સના માળખાકીય ઓડિટ સુનિશ્ચિત કરવા સૂચના આપી. શિંદેએ સૂચન કર્યું કે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ (એનડીઆરએફ) ની તર્જ પર આપત્તિ પ્રતિભાવ દળની સ્થાપના કરે. તેમણે ચોમાસા દરમિયાન મુંબઈકરોને રાહત અને સુવિધા પૂરી પાડવા માટે તમામ વહીવટી એજન્સીઓને એક ટીમ તરીકે કાર્ય કરવા વિનંતી કરી. બેઠક દરમિયાન અધિકારીઓએ શિંદેને

(જુઓ પાનું ૪) ▸▸

# મરાઠવાડામાં પાણી માટે હાહાકાર: ટૅન્કરનો પુરવઠો બમણો થયો

છત્રપતિ સંભાજીનગર : મહારાષ્ટ્રના મરાઠવાડામાં પાણીની તીવ્ર અછત સર્જાઈ છે, જેના કારણે છેલ્લા મહિનામાં ગામડાઓમાં પાણી પહોંચાડતાં ટેન્કરોની સંખ્યા બમણી થઈ ગઈ છે. વિભાગીય કમિશનર કાર્યાલયના અહેવાલ મુજબ, છત્રપતિ સંભાજીનગર, જાલના, બીડ, પરભણી, નાંદેડ, હિંગોલી, લાતુર અને ધારાશિવ જિલ્લાઓમાં ટેન્કર પર આધાર રાખતાં ગામો ૧૫ મેના રોજ ૧૧૯થી વધીને ૨૪૪ થયા છે.

અહેવાલમાં જણાવાયું છે કે પાણી પુરવઠા માટે ઉપયોગમાં લેવાતા ટેન્કરોની સંખ્યા ૧૯૪થી વધીને ૪૧૩ થઈ ગઈ છે, જ્યારે પાણી પુરવઠા માટે હસ્તગત કરાયેલા કુવાઓ ૪૬૮થી વધીને ૧,૩૨૯ થયા છે - જે ફક્ત એક મહિનામાં ૮૬૧નો વધારો દર્શાવે છે. છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં હાલમાં સૌથી વધુ ૧૫૨ ગામડાઓમાં ૨૬૨ ટેન્કર દ્વારા પાણી પહોંચે છે. અહેવાલ મુજબ, નાંદેડ જિલ્લામાં સૌથી વધુ ૩૧૯ કૂવાઓ હસ્તગત કરવામાં આવ્યા છે. ■

# હાઇ કોર્ટના ભૂતપૂર્વ જજ ગૌતમ પટેલને સૈયદનાના ચુકાદાને લઇ ધમકી મળી: પોલીસે ગુનો દાખલ કર્યો

## પોલીસ કમિશનર આ કેસમાં વ્યક્તિગત રીતે ધ્યાન આપે અને સ્ટેટસ રિપોર્ટ રજૂ કરે: કોર્ટ

મુંબઈ: દાઉદી વોહરા સમુદાયના ઉત્તરાધિકારીના વિવાદ પર ૨૦૨૪ના ચુકાદાના સંદર્ભમાં મુંબઈ હાઇ કોર્ટના ભૂતપૂર્વ જજ ગૌતમ પટેલ અને તેમના પરિવારને ધમકીભર્યા પત્રો મોકલવા બદલ પોલીસે અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. જજ પટેલ અને તેમના પરિવારને મળેલી ધમકીને ધ્યાનમાં રાખી તેમને પોલીસ સુરક્ષા ઉપલબ્ધ કરાવવામાં આવી છે, એવી માહિતી મહારાષ્ટ્ર સરકારે સોમવારે હાઇ કોર્ટને આપી છે.

સરકારી વકીલ શિશિર હિરેએ એક્ટિંગ ચીફ જસ્ટિસ રવીન્દ્ર ઘુગે અને જસ્ટિસ ગૌતમ અંખડને જાણ કરી હતી કે જસ્ટિસ પટેલ અને તેમની પત્ની સાથે બે પોલીસ અધિકારી મુંબઈમાં દરેક સમયે હાજર રહેશે.

કોર્ટે નોંધ્યું હતું કે આ એક ગંભીર મુદ્દો છે અને જણાવ્યું હતું કે તેઓ ઇચ્છે છે કે મુંબઈના પોલીસ કમિશનર આ કેસમાં વ્યક્તિગત રીતે ધ્યાન આપે અને બીજી જુલાઇના રોજ સ્ટેટસ રિપોર્ટ રજૂ કરે. 'એક જજ જેમણે પોતાની ફરજ બજાવી છે અને નિવૃત્ત થયા છે તેઓ આનો (ધમકીઓ)નો સામનો કરી રહ્યા છે. કેન્દ્ર અને રાજ્ય સરકારે ઝડપથી કાર્યવાહી કરવાની જરૂર છે. તેમનું રક્ષણ સૌથી મહત્ત્વપૂર્ણ છે. તમારે સાબિત કરવાની જરૂર છે કે તમે કેટલા પ્રતિબદ્ધ છો,' એવું કોર્ટે જણાવ્યું હતું. બેન્ચે કહ્યું હતું કે જસ્ટિસ પટેલ, તેમની પત્ની અને પુત્રી (જે હાલ મુંબઈમાં

(જુઓ પાનું ૪) ▸▸

# વેપારીને બદનામ કરવાની ધમકી આપીને ખંડણી માગી: રીલસ્ટારની ધરપકડ

મુંબઈ: શૉપમાં દૂધથી બનતા ખાદ્યપદાર્થ ખરાબ હોવાની ખોટી માહિતી આપતો વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર અપલોડ કરવા અને વેપારીને બદનામ કરવાની ધમકી આપી ખંડણી માગવા તથા સ્વીકારવા બદલ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે ૪૫ વર્ષના રીલસ્ટારની ધરપકડ કરી હતી.

ક્રાઇમ બ્રાન્ચે ખંડણીની રકમ સ્વીકારતી વખતે ઝડપી પાડેલા આરોપીની ઓળખ રણદીપ સિંહ ગુજરાલ તરીકે થઇ હોઇ તે મુલુંડમાં રહે છે. પોલીસે આરોપીના પિતા અને પત્નીને પણ સમન્સ પાઠવીને પૂછપરછ માટે બોલાવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

મુલુંડમાં શૉપ ધરાવતા વેપારીનો આરોપીએ સંપર્ક સાધ્યો હતો અને પોતે સોશ્યલ મીડિયા પરની ન્યૂઝ ચેલન સાથે સંકળાયેલો હોવાનું દર્શાવ્યું હતું. વેપારીની શૉપમાં દૂધથી બનનારા ખાદ્યપદાર્થ ખરાબ હોવાની ખોટી માહિતી આપતો વીડિયો બનાવીને આરોપીએ સોશ્યલ મીડિયા પર અપલોડ કર્યો હતો અને શૉપનું નામ ખરાબ કરવાની તથા વેપારીને બદનામ કરવાની ધમકી આપીને વેપારી પાસે ખઁડણી માગીને કેટલાક રૂપિયા ઑનલાઇન લીધા હતા. વેપારીએ આ પ્રકરણે પોલીસ ફરિયાદ નોંધાવ્યા બાદ તપાસ હાથ ધરવામાં આવી હતી અને ક્રાઇમ બ્રાન્ચની ટીમે મુલુંડમાં સોનાપુર સિગ્નલ નજીક સોમવારે છટકું ગોઠવીને ખંડણીના બે લાખ રૂપિયા લેવા આવેલા રણદીપ સિંહને પકડી પાડ્યો હતો. ■

# સ્કૂલ ચલે હમ...







રાજ્યપાલ જિષ્ણુ દેવ વર્માએ નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત કરતા તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી, સાથે જ શાળામાં પહેલીવાર આવનારા વિદ્યાર્થીઓનું ખાસ સ્વાગત કર્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને નિયમિતપણે શાળામાં આવવા અને જિજ્ઞાસુ વલણ કેળવવા, પ્રશ્નો પૂછવા અને શિક્ષણની સાથે મૂલ્યો આધારિત મૂલ્યો અને કૌશલ્યોને આત્મસાત કરવા અપીલ કરી હતી. મુંબઈ સહિત રાજ્યભરમાં આજથી નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત થઈ છે. પ્રવેશ સમારોહ પ્રસંગે, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પનવેલ તાલુકાના વહાલ ખાતે જિલ્લા પરિષદ શાળાની મુલાકાત લીધી હતી અને વિદ્યાર્થીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.

એકનાથ શિંદે વિદ્યાર્થીઓને મોટાં સપનાં જોવાની અપીલ કરી હતી.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ની શરૂઆતમાં થાણે મ્યુનિસિપલ સ્કૂલ નંબર ૨૩ ખાતે આયોજિત પ્રવેશ સમારોહમાં વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરતા, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ સંદેશ આપ્યો કે મોટાં સપનાઓ નિશ્ચય, દ્રઢતા અને સખત મહેનત દ્વારા પૂરા કરી શકાય છે. ■

# મહારાષ્ટ્ર વિધાનસભાનું ચોમાસુ સત્ર ૨૨ જૂનથી ૧૦ જુલાઈ સુધી

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભાનું ચોમાસુ સત્ર ૨૨ જૂનથી શરૂ થશે અને ૧૦ જુલાઈના રોજ સમાપ્ત થશે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. રાજ્ય વિધાનસભાના બંને ગૃહોની બિઝનેસ એડવાઇઝરી કમિટીની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને સુનેત્રા પવાર હાજર હતા. ■

# વિધાન પરિષદની ચૂંટણીમાં ટ્વિસ્ટ યથાવત્!

## મહાયુતિમાં ભારે ખેંચતાણ, બીજી તરફ હાઈકમાન્ડ એક્શનમાં

સાતારા: સાતારા-સાંગલી વિધાન પરિષદ ચૂંટણીમાં આખરે મહાયુતિમાં સર્વસંમતિ સધાઈ હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. સાતારામાં મહાયુતિના નેતાઓ વચ્ચેના વિવાદની ઇતિહાસમાં નોંધ લેવાય તેવી ઘટનાઓ છેલ્લા કેટલાક મહિનાઓમાં બની છે. મહાયુતિમાં ચાલી રહેલો આ સંઘર્ષ વિધાન પરિષદની ચૂંટણીમાં પણ જોવા મળી રહ્યો છે. પરંતુ મહાયુતિના વરિષ્ઠ નેતાઓની બેઠક બાદ સાતારા-સાંગલી વિધાન પરિષદ ચૂંટણીમાં મહાયુતિમાં એકમત થતો દેખાઈ રહ્યો છે. ત્રણેય પક્ષોના સ્થાનિક નેતાઓને પરસ્પર તાલમેલ સાધવા માટે વરિષ્ઠ સ્તરેથી સૂચનાઓ આપવામાં આવી હતી. જેના કારણે સાતારા-સાંગલી વિધાન પરિષદનો મહાયુતિનો વિવાદ આખરે શાંત પડ્યો છે.

મળતી માહિતી મુજબ, સાતારા-સાંગલીની બેઠકને લઈને ચાલી રહેલા મતભેદોની પૃષ્ઠભૂમિમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ સુનીલ તટકરેએ એક બેઠક યોજી હતી. આ બેઠક બાદ મહાયુતિના વરિષ્ઠ નેતાઓએ સ્થાનિક નેતાઓને સાથે મળીને કામ કરવાની સૂચનાઓ આપી હોવાની માહિતી સામે આવી રહી છે. આ સાથે જ મુખ્ય પ્રધાન દ્વારા ક્યાંય પણ ક્રોસ વોટિંગ ન થાય તે અંગેના નિર્દેશો આપવામાં આવ્યા હોવાની પણ માહિતી છે. સાતારા અને સાંગલીમાં

(જુઓ પાનું ૪) ▸▸

# જિલ્લા પરિષદની શાળાઓ ખાનગી શાળાઓ કરતાં વધુ સારી છે: ફડણવીસ

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે રાયગઢ જિલ્લામાં સરકારી શાળામાં ડિજિટલ પ્રયોગશાળાનું ઉદ્ઘાટન કર્યા પછી દાવો કર્યો હતો કે રાજ્યમાં જિલ્લા પરિષદો દ્વારા સંચાલિત શાળાઓ ૯૦% ખાનગી શાળાઓ કરતાં વધુ સારી છે. તેમણે કહ્યું કે જિલ્લા પરિષદ શાળાઓ વિશેની નકારાત્મક ધારણા ઘણે અંશે દૂર થઈ ગઈ છે.

ફડણવીસે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર મહારાષ્ટ્રની શાળાઓમાં વિદ્યાર્થીઓને ડિજિટલી સાક્ષર બનાવવા માટે સુવિધાઓ ઊભી કરી રહી છે. નવી ઉદ્ઘાટન કરાયેલ ડિજિટલ પ્રયોગશાળા તમામ વર્ગો માટે ઑડિયો-વિઝ્યુઅલ કોર્સ મટિરિયલ પૂરી પાડશે અને ઑનલાઇન પરીક્ષાઓની સુવિધા પણ આપશે. એક સમય હતો જ્યારે જિલ્લા પરિષદની શાળાઓ જર્જરિત ઇમારતોમાં ચાલતી હતી અને તેમાં મૂળભૂત માળખાકીય સુવિધાઓનો અભાવ હતો, પરંતુ આજે તેમાંથી મોટાભાગની શાળાઓ ખાનગી શાળાઓ જેવી જ છે અને કેટલાક કિસ્સાઓમાં તેના કરતાં પણ સારી છે, એવો તેમણે દાવો કર્યો હતો.

''જિલ્લા પરિષદની શાળાઓ સાથે જોડાયેલી માન્યતા હવે દૂર થઈ છે. ઘણા જિલ્લાઓમાં, ખાનગી શાળાઓમાંથી જિલ્લા પરિષદની શાળાઓમાં સ્થળાંતર કરતા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે,'' ફડણવીસે જણાવ્યું. તેમણે જિલ્લા પરિષદ શાળાઓને સુધારવામાં માતાપિતા અને ગ્રામજનોની ભૂમિકા પર પણ ભાર મૂક્યો.

શિક્ષકો અને શિક્ષણ વિભાગના અધિકારીઓને સકારાત્મક પરિવર્તન લાવવા બદલ અભિનંદન આપતા ફડણવીસે કહ્યું કે રાષ્ટ્ર નિર્માણ માટે શિક્ષણની ગુણવત્તા ખૂબ જ મહત્ત્વની છે. ''રાષ્ટ્રનું નિર્માણ ત્યારે જ થઈ શકે છે જ્યારે તમારો વિભાગ સારી રીતે કાર્ય કરે,'' તેમણે અધિકારીઓને પ્રોત્સાહન આપતા તેમના પ્રયાસો ચાલુ રાખવા વિનંતી કરી. (પીટીઆઈ)■

## ખેડૂત દેવા માફીનો મુદ્દો

# સરકારની ખાતરી બાદ રોહિત પવારે ભૂખ હડતાળ સમેટી

પંઢરપુર: મહારાષ્ટ્ર સરકારની ખેડૂત દેવા માફી યોજનામાંથી 'કડક' શરતો હટાવવાની માંગ સાથે ભૂખ હડતાળ પર બેઠેલા ધારાસભ્ય રોહિત પવારે સોમવારે તેમની ભૂખ હડતાલ પાછી ખેંચી લીધી. પ્રધાન ગિરીશ મહાજને આ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે બેઠક યોજવાની ખાતરી આપ્યા બાદ તેમણે આ નિર્ણય લીધો હતો.

એનસીપી પ્રમુખ શરદ પવારના પૌત્ર અને ધારાસભ્ય રોહિત પવાર, ખેડૂતો માટે સંપૂર્ણ દેવા માફીની માગ સાથે પંઢરપુરમાં શુક્રવારથી ભૂખ હડતાળ પર બેઠા હતા. જોકે, સોમવારે અડધી રાત્રે પ્રધાન ગિરીશ મહાજને તેમની મુલાકાત લીધી હતી અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ તરફથી ખાતરી આપતા જણાવ્યું કે ૨૨ જૂને શરૂ થતા ચોમાસું સત્ર પહેલા મુંબઈમાં આ મુદ્દે એક સકારાત્મક બેઠક યોજવામાં આવશે. રોહિત પવારે કહ્યું કે, જો સરકાર ચર્ચા કરવા તૈયાર હોય તો આંદોલન લંબાવવું નકામું છે અને તેના રાજકીયકરણથી ખેડૂતોને જ નુકસાન થશે. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું હતું કે દેવા માફીની બે કડક શરતો હટાવવા સુધી લડાઈ ચાલુ રહેશે. આંદોલનમાં હાજર ખેડૂતોની સંમતિ મેળવ્યા બાદ, રોહિત પવારે પોતાના પરિવાર અને ખેડૂતોની હાજરીમાં સંત નામદેવ પાયરીના દર્શન કરીને ભૂખ હડતાલ છોડી હતી. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# હોર્મુઝની શાંતિ સાથે સેન્સેક્સ ૧૨૯૩ પોઇન્ટ સુધી ઊંચે ઊછળ્યો




(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકા અને ઇરાન હોર્મુઝ સ્ટ્રેઇટમાં શાંતિ સ્થાપવા સહમત થયા હોવાના પ્રાથમિક અહેવાલોને પગલે ક્રૂડ ઓઇલના ભાવમાં થયેલા ઝડપી ઘટાડા સાથે બજારમાં લાવલાવનો માહોલ સર્જાતા સેન્સેક્સ ૧૨૯૩ પોઇન્ટ સુધી ઊછળ્યો હતો. જોકે, પાછળથી હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સના ઉછાળાને અધારે પ્રોફિટ બુકિંગ શરૂ થતાં ઘણોખરો સુધારો ધોવાઇ ગયો હતો. અગાઉના સત્રમાં શુક્રવારે સેન્સેક્સ ૧,૬૯૫ પોઈન્ટ અથવા ૨.૩ ટકા અને નિફ્ટી ૪૬૧ પોઈન્ટ અથવા લગભગ બે ટકા વધ્યો હતો.

સેન્સેક્સ દિવસ દરમિયાન, તે ૧,૨૯૩.૧૨ પોઈન્ટ અથવા ૧.૭૧ ટકા વધીને ૭૬,૮૨૧.૦૭ની ઊંચી સપાટીને અથડાઇને અંતે ૭૩૬.૩૮ પોઈન્ટ અથવા ૦.૯૭ ટકા વધીને ૭૬,૨૬૪.૩૩ પર સ્થિર થયો હતો.જ્યારે નિફ્ટી દિવસ દરમિયાન, બેન્ચમાર્ક ૩૮૮.૫ પોઈન્ટ અથવા ૧.૬૪ ટકા વધીને ૨૪,૦૧૧.૪૦ની ઊંચી સપાટીએ અથડાયા બાદ અંતે ૨૩૧ પોઈન્ટ અથવા ૦.૯૮ ટકા વધીને ૨૩,૮૫૩.૯૦ પર બંધ થયો હતો.

સેન્સેક્સની ૩૦ કંપનીઓમાં, ટ્રેન્ટ, ઇન્ટરગ્લોબ એવિએશન, બજાજ ફિનસર્વ, અલ્ટ્રાટેક સિમેન્ટ, એટરનલ અને મારુતિ ટોપ ગેઇનર્સ અને એનટીપીસી, આઇસીઆઇસીઆઇ બેન્ક, એશિયન પેઇન્ટ્સ અને હિન્દુસ્તાન યુનિલિવર ટોપ લુઝર્સ શેર રહ્યા હતા. પ્રાઇમરી માર્કેટમાં અદ્વૈત જ્વેલ્સનો આઇપીઓ ૨૩ જૂન, ૨૦૨૬ના રોજ ખુલશે અને ૨૫ જૂનના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૯ જૂને અને એનસએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ પહેલી જુલાઈએ થશે. પ્રાઇસબેન્ડ રૂ. ૧૩૦થી રૂ. ૧૩૮ અને લોટ સાઈઝ ૧૦૦ શેર છે.

વેદાંત ગ્રુપે એક સાથે તેની ચાર ડિમર્જ્ડ કંપનીનું બીએસઇ અને એનએસઇ પર લિસ્ટિંગ કરાવ્યું છે.જેમાં વેદાંત એલ્યુમિનિયમ મેટલ, વેદાંત પાવર, વેદાંત ઓઇલ એન્ડ ગેસ અને વેદાંત આયર્ન એન્ડ સ્ટીલનો સમાવેશ થાય છે, જેના કારણે શેરધારકોના બજાર મૂલ્યમાં લિસ્ટિંગ સમયે લગભગ રૂ. ૬૩,૫૦૦ કરોડનો વધારો થયા હતો.

એસઇપીસી લિમિટેડે સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડિયા લિમિટેડના ઇસ્કો સ્ટીલ પ્લાન્ટ, બર્નપુર પાસેથી તેના ૪.૦૮ એમટીપીએ ક્રૂડ સ્ટીલ વિસ્તરણ પ્રોજેક્ટ માટે રૂ. ૬૭૩.૩૨ કરોડનો મોટો ઓર્ડર મેળવ્યો છે. વિસ્તરણ પ્રોજેક્ટ હેઠળ કાર્યક્ષેત્રમાં બે મુખ્ય પેકેજોનો સમાવેશ થાય છે, જેનું કુલ કરાર મૂલ્ય કરવેરા સહિત રૂ. ૬૭૩.૩૨ કરોડ છે. આ પ્રોજેક્ટ્સ ૩૦થી ૩૩ મહિનાના સમયગાળામાં અમલમાં મૂકવાનો છે.

મુંબઇ સમાચારે સોમવારના અંકના લેખમાં જ અંદાજ વ્યક્ત કર્યો હતો કે, ઇરાન અને અમેરિકા વચ્ચે શાંતિ કરાર અંતિમ ચરણમાં છે અને જો ડ્રાફ્ટ એમઓયુની વિગતો ધ્યાનમાં લેવામાં આવે તો હોર્મુઝ સ્ટ્રેઇટ ખૂલી જવાની આશા વચ્ચે બજારમાં સોમવારે મોટા, જબ્બર ઉછાળાની આશા રાખી શકાય. આ અપેક્ષા ફળીભૂત થઇ છે.

સ્વિટ્ઝર્લેન્ડમાં કરાર પર રૂબરૂ હસ્તાક્ષર કર્યા પછી, શુક્રવારે અમેરિકા અને ઈરાને તેમના ૧૦૭ દિવસના યુદ્ધનો અંત લાવવા અને વૈશ્વિક તેલ પુરવઠાના પાંચમા ભાગના પરિવહન માટે ઉપયોગમાં લેવાતા સાંકડા જળમાર્ગ, હોર્મુઝ સ્ટ્રેટને ખોલવા માટે એક કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે સાંજે ટ્રુથ સોશિયલ પર આ જાહેરાત કરી, જેનાથી ગ્લોબલ એનર્જી માર્કેટ પર દબાણ ઓછું થયું, કારણ કે અધિકારીઓએ જણાવ્યું હતું કે શાંતિ કરાર ૧૯ જૂને સ્વિટ્ઝર્લેન્ડમાં હસ્તાક્ષર કરવામાં આવશે.

અમેરિકા-ઈરાન સોદાની જાહેરાત પછી વૈશ્વિક બજારોમાં ક્રૂડ ઓઈલના ભાવ ત્રણ મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયા. વૈશ્વિક બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ પાંચ ટકા ઘટીને પ્રતિ બેરલદીઠ ૮૨.૯૦ ડોલરની નજીક ટ્રેડ થઈ રહ્યું છે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી પાંચ ટકાથી વધુ ઊછળ્યો, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ લગભગ પાંચ ટકા વધ્યો. શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ પણ ઊંચા મથાળે બંધ રહ્યો હતો. યુરોપના બજારો ગ્રીન ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. શુક્રવારે યુએસ બજારો સકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા.

યુએસએ-ઈરાન શાંતિ કરાર પછી ભૂ-રાજકીય તણાવમાં ઘટાડો વૈશ્વિક જોખમ સંપત્તિ માટે નોંધપાત્ર હકારાત્મક છે. ક્રૂડ ઓઇલના ભાવમાં તાત્કાલિક સુધારો ભારત જેવા આયાત-આધારિત અર્થતંત્ર માટે ખાસ કરીને પ્રોત્સાહક છે, કારણ કે તે ફુગાવાના દબાણને ઘટાડવામાં મદદ કરે છે, મેક્રો ઇકોનોમિક સ્થિરતામાં સુધારો કરે છે અને વધુ નીતિગત સુગમતા પૂરી પાડે છે.

એક્સચેન્જ ડેટા અનુસાર, શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૧,૦૮૨.૧૮ કરોડના મૂલ્યના ઇક્વિટી વેચ્યા. શુક્રવારે, સેન્સેક્સ ૧,૬૯૫.૪૦ પોઈન્ટ અથવા ૨.૩૦ ટકા ઉછળીને ૭૫,૫૨૭.૯૫ પર સ્થિર થયો હતો અને નિફ્ટી ૪૬૧.૩૦ પોઈન્ટ અથવા ૧.૯૯ ટકાના વધારા સાથે ૨૩,૬૨૨.૯૦ પર બંધ થયો હતો.

ઇરાની અધિકારીએ જાહેર કરેલા ડ્રાફ્ટ એમઓયુ અમેરિકા ઇરાન પરના પ્રતિબંધો હટાવવા અને હોર્મુઝ સ્ટ્રેઇટ પરનો બ્લોકેડ દૂર કરવા સહમત થયું છે. આ ઉપરાંત ઇરાનની લગભગ ૨૫ અબજ ડોલરની વિદેશ સ્થિત સંપત્તિ પણ છૂટી કરવાનો માર્ગ મોકળો કરવાની અમેરિકાએ સહમતી આપી છે. સામે પક્ષે ઇરાન કોઇ નવી અણુ કે યુરેનિયમ સાધનો વિકસાવવાનું બંધ કરશે એવું ડ્રાફ્ટ એમઓયુ જણાવે છે. જોકે આ બધી પ્રક્રિયામાં ૬૦ દિવસનો સમય લાગશે એવી વાત પણ છે. ગ્લોબલ ઇક્વિટી માર્કેટના સેન્ટિમેન્ટ પર જોકે આની તાત્કાલિક અસર જોવા મળે એવી સંભાવના છે.

ઇરાન અને અમેરિકાના કરાર ઉપરાંત વિશ્લેષકો અનુસાર રોકાણકારો ફુગાવાના આંકડા, યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજ દરના નિર્ણય અને ક્રૂડ ઓઇલના ભાવના વલણો પર ધ્યાન કેન્દ્રિત કરશે. ખાસ કરીને, યુએસ-ઈરાન કરાર પર અંતિમ કરારની સાચી સ્થિતિ, વિદેશી રોકાણકારોની ટ્રેડિંગ પ્રવૃત્તિ અને ગ્લોબલ માર્કેટમાં ગતિશીલતા પણ સ્થાનિક ઇક્વિટી બજારના સેન્ટિમેન્ટને દોરશે. ■

# અમેરિકા-ઈરાન વચ્ચે શાંતિ કરાર, વૈશ્વિક સોનું એક સપ્તાહની ટોચે

## સ્થાનિકમાં ચાંદી ₹ ૮૯૦૬ ઊછળી અને સોનું ₹ ૨૮૪૬ ઝળક્યું



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા અને ઈરાન વચ્ચેના શાંતિ કરારને અંતિમ ઓપ આપવામાં આવ્યો હોવાની સાથે સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ ખોલવાની જાહેરાત સાથે આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ત્રણ મહિનાના તળિયે અને સોનાના ભાવ એક સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. તેમ જ ચાંદીના ભાવ પણ ચાર ટકા જેટલા ઉછળી આવ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૮૯૦૬નો ઉછાળો આવ્યો હતો, જ્યારે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૮૩૫થી ૨૮૪૬ વધી આવ્યા હતા. જોકે, આજે ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૪૮ પૈસા વધી આવ્યો હોવાથી સોનાની આયાત પડતરમાં ઘટાડો થવાને કારણે વિશ્વ બજારની સરખામણીમાં ભાવવધારો મર્યાદિત રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે હાજરમાં ચાંદીના વેરારહિત ધોરણે કિલોદીઠ ભાવ રૂ. ૮૯૦૬ની તેજી સાથે રૂ. ૨,૫૧,૪૮૮ના મથાળે રહ્યા હતા. જોકે, વધ્યા મથાળેથી ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી ખપપૂરતી રહી હતી. તે જ પ્રમાણે વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૮૩૫ વધીને રૂ. ૧,૫૦,૦૪૩ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૮૪૬ વધીને રૂ. ૧,૫૦,૬૪૬ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે સોનામાં પણ છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ૨.૮ ટકાના સુધારા સાથે ગત નવમી જૂન પછીની ઊંચી ઔંસદીઠ ૪૩૩૬.૪૯ ડૉલર આસપાસની સપાટીએ અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ આગલા બંધ સામે ૨.૮ ટકા વધીને ૪૩૫૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૪.૧ ટકાની તેજી સાથે ઔંસદીઠ ૭૦.૭૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકા અને ઈરાનના અધિકારીઓએ સંયુક્તપણે શાંતિકરાર અંગે સહમતીની અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ માર્ગ ખોલવાની જાહેરાત કરી હતી. જોકે, ઈરાનના અણું કાર્યક્રમ અંગે પાછળથી વાટાઘાટો કરવામાં આવશે એમ જણાવતા આજે ક્રૂડતેલના ભાવમાં ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફે શાંતિકરાર પર સહીસિક્કા આગામી શુક્રવારે સ્વિટ્ઝર્લેન્ડ ખાતે કરવામાં આવશે, એવું એક્સ પ્લેટફોર્મ પર જણાવ્યું હતું. એકંદરે ક્રૂડતેલના ભાવમાં ઘટાડો થતાં ફુગાવો દબાણ હેઠળ આવતા અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ સપાટી પર આવતા આજે સોનાના સુધારાને ટેકો મળ્યો હોવાનું યુબીએસના વિશ્લેષક જિઓવન્ની સ્ટુનોવોએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળામાં સોનાના ભાવ કોન્સોલિડેટ થાય તેવી શક્યતા નકારી ન શકાય. જોકે, આજે અમેરિકી ડૉલર અને અમેરિકાની ૧૦ વર્ષીય ટ્રેઝરીની યિલ્ડમાં આવેલા ઘટાડાનો પણ સોનાની તેજીને ટેકો મળ્યો હતો.

અત્રે નોંધનીય બાબત એ છે કે અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ડિસેમ્બરના અંતમાં વ્યાજદરમાં વધારો કરે તેવી ૬૯ ટકા શક્યતા સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો મૂકી રહ્યા હતા, જ્યારે આજે આ શક્યતા ઘટીને ૫૩ ટકા આસપાસની સપાટીએ હતી. જોકે, હવે રોકાણકારોની નજર આવતીકાલથી શરૂ થઈ રહેલી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠક પર સ્થિર થઈ હતી. ■

# અમેરિકા-ઈરાન વચ્ચે કરારઃ ક્રૂડતેલમાં પાંચ ટકાનો કડાકો બોલાતા રૂપિયો ૬૦ પૈસા ઉછળ્યો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઈરાન સાથેના શાંતિ કરારને અંતિમ ઑપ અપાઈ ગયો છે અને આગામી ૧૯મી જૂને સ્વિત્ઝર્લેન્ડ ખાતે સહીસિક્કા કરવામાં આવશે, એવી અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હોવાથી આજે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં ૪.૯૭ ટકા જેટલો કડાકો બોલાઈ જવાની સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સતત બીજા સત્રમાં તેજીનું વલણ રહેતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૬૦ પૈસા ઉછળીને ૯૪.૫૮ની સપાટીએ બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૫.૧૮ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૪.૭૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૪.૭૭ અને ઉપરમાં ૯૪.૪૫ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે ૬૦ના સુધારા સાથે ૯૪.૫૮ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયામાં ૬૭ પૈસાનો સુધારો આવ્યો હતો.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે શાંતિ કરારને અંતિમ ઓપ આપવામાં આવ્યો છે અને આગામી શુક્રવારે સ્વિત્ઝર્લેન્ડ ખાતે સહીસિક્કા કરવામાં આવશે અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ ખોલવામાં આવશે અને નાકાબંધી દૂર કરવામાં આવશે એવી જાહેરાત ટ્રુથ સોશ્યલ મીડિયા પર કરવામાં આવતા બજારમાં ક્રૂડતેલના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાથી તેમ જ ડૉલર ઈન્ડેક્સ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં ઘટાડો આવતા ફોરેક્સ માર્કેટમાં સતત બીજા સત્રમાં ડૉલર સામે રૂપિયામાં સુધારો આવ્યો હોવાનું મિરે એસેટ્ શેરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે ક્રૂડતેલના ભાવ ઘટી આવતા ફુગાવાલક્ષી દબાણની ચિંતા હળવી થઈ છે અને વૈશ્વિક જોખમ પણ હળવા થતાં આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૪.૨૦થી ૯૪.૯૫ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય. આજે વૈશ્વિક બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૨૦ ટકા ઘટીને ૯૯.૬૫ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૪.૯૭ ટકાના તીવ્ર ઘટાડા સાથે બેરલદીઠ ૮૨.૯૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૭૩૬.૩૮ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ૨૩૧ પૉઈન્ટ વધીને બંધ રહ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ■

# ખાંડમાં ખપપૂરતા કામકાજે ટકેલું વલણ




(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ રહેતાં એકંદરે કામકાજો પાંખાં રહ્યાં હતાં અને હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. જોકે, એકંદરે કામકાજો પાંખાં રહ્યાં હોવાથી હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૨થી ૪૦૪૬માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૮૬થી ૪૧૮૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૦થી ૪૦૮૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ■

# વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ટીનની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં આગેકૂચ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરારને અંતિમ ઑપ આપવામાં આવ્યો છે અને આગામી ૧૯મી જૂનના રોજ સ્વિત્ઝર્લેન્ડ ખાતે કરાર પર સહીસિક્કા થવાની અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જાહેરાત કરતાં આજે લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ મુખ્યત્વે ટીનની આગેવાની હેઠળ કોપર વાયરબાર સિવાયની કોપરની વેરાઈટીઓ, બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલમાં કિલોદીઠ રૂ. એકથી ૬૯નો સુધારો આગળ ધપ્યો હતો. જોકે, આજે એકમાત્ર એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. નવનો ઘટાડો આવ્યો હતો, જ્યારે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, કોપર વાયરબાર, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે મુખ્યત્વે ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી નીકળવાની સાથે વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની માગને ટેકે જે ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૬૩ વધીને રૂ. ૫૩૧૩, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને અનુક્રમે રૂ. ૧૩૨૮ અને રૂ. ૧૩૧૮, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને રૂ. ૧૨૧૮ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૧૩૦૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું તેમાં બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૮૯૦ અને રૂ. ૩૨૦ તથા નિકલના ભાવ કિલોદીઠ રૂ. એકના સાધારણ ઘટાડા સાથે રૂ. ૧૭૩૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. નવ ઘટીને રૂ. ૩૭૨ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, કોપર વાયરબાર, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૪૦, રૂ. ૧૩૮૦, રૂ. ૩૭૩ અને રૂ. ૨૧૧ના મથાળે ટકેલા રહ્યા હતા. ■

# મલયેશિયા પાછળ આયાતી તેલમાં નરમાઈ, દેશી તેલમાં ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૫ રિંગિટનો ઘટાડો આવ્યો હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં આયાતી તેલના ભાવમાં નરમાઈનું વલણ હતું, જેમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૦નો અને આરબીડી પામોલિન તથા સન રિફાઈન્ડમાં રૂ. પાંચ ઘટી આવ્યા હતા. જોકે, આજે દેશી તેલમાં મથકો પાછળ સરસવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૦નો સુધારો આવ્યો હતો, જ્યારે સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે સિંગતેલમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા.

દરમિયાન આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી મુજબ ગત તા. ૧થી ૧૫ જૂન દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા મે મહિનાના સમાનગાળાના ૬,૦૦,૧૭૫ ટન સામે ૯.૫૬ ટકા વધીને ૬,૫૭,૫૫૭ ટન આસપાસ રહી હોવાનું જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ જીવનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૩૧, ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૩૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦ અને રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૬૭૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

ગુજરાતમાં ગોંડલ મથકે આજે મગફળીની ૮૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૫૫૦માં અને રાજકોટ મથકે ૨૫૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૫૨૫માં થયા હતા. તેમ જ ગોંડલમાં આજે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૨૫થી ૧૫૫૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૬૦થી ૧૪૭૦માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦થી ૧૫૧૦માં થયા હતા.

હાજર બજારમાં આજે ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના ભાવ રૂ. ૧૪૬૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૦, સિંગતેલના રૂ. ૧૬૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૫૦ અને સરસવના રૂ. ૧૬૩૦ના મથાળે રહ્યાં હતા. ■

# વેદાંતે એકસાથે ચાર લિસ્ટીંગ કરી ઈતિહાસ સાજર્યો, માર્કટ કેપમાં ₹ ૬૩,૫૦૦ કરોડનો ઉછાળો

મુંબઈઃ વેદાંત ગ્રુપે એક સાથે તેની ચાર ડિમર્જ્ડ કંપનીનું બીએસઇ અને એનએસઇ પર લિસ્ટિંગ કરાવીને એક ઇતિહાસ સર્જ્યો છે. આ કંપનીઓમાં વેદાંત એલ્યુમિનિયમ મેટલ, વેદાંત પાવર, વેદાંત ઓઇલ એન્ડ ગેસ અને વેદાંત આયર્ન એન્ડ સ્ટીલનો સમાવેશ થાય છે. વેદાંતના લાંબા સમયથી રાહ જોવાતી ડિમર્જરનો અંત ચાર નવી કંપનીના સ્વરૂપે લિસ્ટિંગ સાથે થયો, જેના કારણે શેરધારકોના મૂલ્યમાં લગભગ રૂ. ૬૩,૫૦૦ કરોડનો વધારો થયા હતો. ૨૯ એપ્રિલના ડિમર્જરની એક્સ-ડેટ પછી, રોકાણકારોએ લિસ્ટિંગ સમયે આશરે ૨૨.૫૦ ટકાના વધારાનો લાભ મેળવ્યો હતો, જ્યારે પાંચ સ્ટેન્ડઅલોન એન્ટિટીનું સંયુક્ત માર્કેટ કેપિટલાઇઝેશન રૂ. ૩.૦૨ લાખ કરોડથી વધીને રૂ. ૩.૬૬ લાખ કરોડ થયું હતુ. નોંધવું રહ્યું કે, ૨૯ એપ્રિલની એક્સ-ડેટ પહેલાં, વેદાંત લિમિટેડનું માર્કેટ કેપિટલાઇઝેશન રૂ. ૭૭૩.૨૫ના શેર ભાવે રૂ. ૩,૦૨,૩૭૧ કરોડ હતું. ■

# ઊનામાં ગુજરાત ફાઈનાન્સ'ની ઓફિસમાં લોનની લાલચ આપી ₹ ૫૯,૨૦૦ની ઉચાપત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઉના: શહેરના ટાઉન વિસ્તારમાં લોન અપાવવાના બહાને અભણ અને અજ્ઞાન નાગરિકોને વિશ્વાસમાં લઈ મોબાઈલ એપ્લિકેશન મારફતે બેંક ખાતા ખાલી કરી રૂ. ૫૯,૨૦૦ ની સુનિયોજિત છેતરપિંડી આચરનાર પિતા-પુત્રની ઠગ ટોળકીનો ભેદ ઊના પોલીસે ઉકેલી નાખ્યો હતો. ઊના પોલીસે ત્વરિત કાર્યવાહી કરી એક આરોપીને ઝડપી લીધા હતા, જ્યારે આઠ ગુનાનો ઈતિહાસ ધરાવતો મુખ્ય સૂત્રધાર પિતા હજુ ફરાર છે.

પોલીસની ટીમે ફરિયાદ મળતા જ સઘન તપાસનો દોર શરૂ કર્યો હતો. અભણ લોકોને લોનની લાલચ આપી ડોક્યુમેન્ટ મેળવી તેમના મોબાઈલનો દુરુપયોગ કરી આર્થિક ફટકો મારતા આરોપીઓ સામે ઊના પો.સ્ટે.માં બે અલગ-અલગ ગુના દાખલ કરાયા છે.

ગત તા. ૧૮/ એપ્રિલ /૨૦૨૬ના દર્શનભાઈ મણીલાલ ચાંદોરાએ પોતાની 'ગુજરાત ફાઈનાન્સ' નામની ઓફીસે ફરિયાદીનેબોલાવી લોન કરાવી આપવાનું કહી લોનના પ્રોસેસિંગ ચાર્જ પેટે રૂપિયા ૨૩,૨૧૯/- પડાવી લીધા હતા.પૈસા લીધા બાદ ફરિયાદીની લોન ન કરાવી આપી વિશ્વાસઘાત કરી રૂ. ૨૩,૨૧૯/-ની છેતરપિંડી આચરી હતી.

ઉના પો.સ્ટે. મુજબ ગત તા. ૩૦/ એપ્રિલ/૨૦૨૬ના ફરીથી ફરિયાદીને ઓફીસે બોલાવી ડોક્યુમેન્ટ મેળવ્યા હતા. લોન અપાવવાના બહાને ફરિયાદીની જાણ બહાર ફરિયાદીના મોબાઈલમાં એપ્લીકેશન મારફતે ફરિયાદીના ખાતામાંથી રૂપિયા ૩૦,૦૦૦/ તથા રૂપિયા ૪,૨૦૦/ - ની લોન મંજૂર કરાવી આરોપી દર્શનભાઈ મણીલાલ એ તે રકમ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધી હતી એટલું જ નહીં, લોન કરી આપવાના બહાને પ્રોસેસિંગ ચાર્જ પેટે વધુ રૂપિયા ૨૫,૦૦૦/-રોકડા પડાવી કુલ રૂપિયા ૫૯,૨૦૦/ની મોટી છેતરપિંડી આચરી હતી.

ઊના પોલીસને અરજી મળતા તાત્કાલિક તપાસ હાથ ધરાઈ હતી. નેત્રમ શાખાના સીસીટીવી ફૂટેજ અને હ્યુમન ઈન્ટેલિજન્સ ના આધારે દર્શનભાઈ મણીલાલ ભાઈ ચાંદોરા (ઉ.વ. ૧૯,ને ઉના, અશોક નગર વેરાવળ રોડ) ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે જ્યારે મુખ્ય સૂત્રધાર મણીલાલ રામજીભાઈ ચાંદોરાની શોધખોળ આદરી છે. ■



પુરુષોત્તમ માસના છેલ્લા દિવસે સોમવતી અમાસના દિવસે જૂનાગઢમાં દામોદર કુંડ ખાતે મોટી સંખ્યામાં ભક્તોએ સ્નાન કર્યું હતું... (ફોટોગ્રાફર- હરેશ સોની, જુનાગઢ)

# સોમવતી અમાસે ગોપનાથ તીર્થધામમાં માનવ મહેરામણ ઉમટ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના સુપ્રસિદ્ધ તીર્થધામ શ્રી મોટા ગોપનાથ મહાદેવ તળાજા તાલુકામાં આવેલું છે જ્યાં નરસિંહ મહેતાએ ભગવાન શ્રી હરિની દેવાધિદેવ મહાદેવની કૃપાથી પ્રાપ્તિ કરી હતી એવા ભોળાનાથને સોમવતી અમાસે રીઝવવા માટે જાણે કે લોકોનું ઘોડાપૂર ઉમટ્યું હતું અને માનવ મહેરામણ લાખોની સંખ્યામાં ભગવાન મોટા ગોપનાથને રીઝવવા પહોંચ્યા હતા. બ્રહ્મચારી જગ્યા મોટા ગોપનાથના ગાદીપતિ સીતારામ બાપુએ જણાવ્યું હતું કે બાળપણમાં જ્યારે ત્રણ દિવસના મેળામાં લોકો ઉમટતા અને જે ભાવથી મોટા ગોપનાથને રિઝવતા અને આખો દિવસ રાસ રમતા એવી જ રીતે આ સોમવતી અમાસે અને ખાસ કરીને અધિક પુરુષોત્તમ માસના દિવસોમાં ભાવનગર નહીં પણ સમગ્ર ગુજરાત ભારતમાંથી લોકોએ ભગવાન ગોપનાથ મહાદેવને ભક્તિ-અર્પીને ભક્તિની સરિતા વહાવી હતી.

વહીવટી તંત્રે અને પોલીસ વિભાગે પણ સારી રીતે લોકોને તકલીફ ન પડે તેની કાળજી લીધી હતી. બ્રહ્મચારી જગ્યામાં ટ્રસ્ટ તરફથી આવેલા સૌ ભાવિકજનો ને તકલીફ ન પડે તે રીતે વ્યવસ્થા જાળવી હતી અને સૌ દર્શન અને પ્રસાદ મેળવી ધન્ય બન્યા હતા. ■

# ભાવનગરમાં બાપા સીતારામ ક્રેડિટ સોસાયટીના સંચાલકને મુંબઈથી ઝડપી લેવાયો: ₹ ૩.૬૯ કરોડની છેતરપિંડી બાદ કેનેડા ભાગવાની પેરવીમાં હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરની બાપા સીતારામ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડમાં કરોડો રૂપિયાનું કૌભાંડ આચરીને ફરાર થઈ ગયેલા સોસાયટીના મેનેજિંગ ડિરેક્ટર નરેશ શાહને ભાવનગર એલ.સી.બી. પોલીસે મુંબઈથી ઝડપી પાડી ભાવનગર લાવવામાં સફળતા મેળવી હતી. ઝડપાયેલો આરોપી દેશ છોડીને કેનેડા ભાગી જવાની ફિરાકમાં હોવાનો પણ પર્દાફાશ થયો હતો.

બનાવની વિગત એવી છે કે ગત તારીખ ૧૧ મેના રોજ સોસાયટીના રોકાણકારો અને એજન્ટોએ ભેગા મળીને સોસાયટીના સંચાલકો સામે કરોડો રૂપિયાની છેતરપિંડીનો આક્ષેપ કરતી રજૂઆત કરી હતી. એક માસ અગાઉ થયેલી આ રજૂઆત અને ગ્રાહકોની સત્તાવાર ફરિયાદના આધારે ભાવનગર એલ.સી.બી. પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. આ સોસાયટીએ વિવિધ બચત અને રોકાણ યોજનાઓના નામે ગરીબ તેમજ મધ્યમવર્ગીય પરિવારો પાસેથી કરોડો રૂપિયાનું રોકાણ મેળવ્યું હતું. જોકે, પાકતી મુદતે રોકાણકારોને પોતાના નાણાં પરત ન મળતાં તેઓમાં ભારે રોષ ફેલાયો હતો. પોલીસ તપાસ અને રોકાણકારોના નિવેદનો દરમિયાન ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. સોસાયટીના તત્કાલીન ચેરમેન અનિલભાઈ વિનોદરાય પંડ્યાનું ગત માર્ચ મહિનામાં અવસાન થઈ ચૂક્યું છે. જ્યારે મેનેજિંગ ડિરેક્ટર નરેશ શાહ કૌભાંડ આચરીને પરિવાર સાથે ભાવનગર છોડીને નાસી ગયો હતો. પોલીસ તેની શોધખોળ કરી રહી હતી તે દરમિયાન બાતમી મળી હતી કે તે દેશ છોડીને કેનેડા જવાની પેરવીમાં છે. જોકે, તે પહેલાં જ પોલીસે તેને મુંબઈમાં ભાડાના મકાનમાં રહેતો હોવાની ભાળ મેળવી ત્યાંથી ઝડપી લીધો હતો.

એક રોકાણકારે સત્તાવાર ફરિયાદ નોંધાવવાની પ્રક્રિયા હાથ ધરતાં પ્રાથમિક તબક્કે ₹૩.૬૯ કરોડની છેતરપિંડી અંગે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. પરંતુ પોલીસના જણાવ્યા મુજબ, તપાસ દરમિયાન જે રીતે વિગતો બહાર આવી રહી છે તે જોતાં આ કૌભાંડનો કુલ આંકડો ₹૩૦ થી ₹૪૦ કરોડ રૂપિયા સુધી પહોંચે તેવી પ્રબળ સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલ એલ.સી.બી. પોલીસ આરોપીની વધુ પૂછપરછ ચલાવી રહી છે. ■

# ભાવનગરમાં એલઆરડીની પરીક્ષા આપવા આવેલો પરીક્ષાર્થી મોબાઈલ સાથે ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં યોજાયેલી લોકરક્ષક દળ (કદ્દઉ)ની પરીક્ષા દરમિયાન ગેરરીતિનો એક ચોંકાવનારો બનાવ પ્રકાશમાં આવ્યો હતો. જિલ્લામાં નોંધાયેલા કુલ ૧૦,૬૫૦ ઉમેદવારો પૈકી ૯,૩૯૦ ઉમેદવારોએ આ પરીક્ષા આપી હતી, જ્યારે ૧,૨૬૦ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. આ દરમિયાન શહેરની એક પરીક્ષા કેન્દ્ર શાળામાં પરીક્ષા આપતા એક ઉમેદવારને પ્રતિબંધિત મોબાઈલ ફોન સાથે રંગેહાથ ઝડપી પાડવામાં આવતા તેની વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, આરોપી રાહુલ પ્રહલાદભાઈ વિરગામા (રહે. જસમતપુર, ધ્રાંગધ્રા, સુરેન્દ્રનગર) લોકરક્ષક દળની પરીક્ષા આપવા માટે ખાસ સુરેન્દ્રનગરથી ભાવનગર આવ્યો હતો. પરીક્ષા કેન્દ્ર પર પ્રવેશ દરમિયાન તેણે પોતાનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન ગમે તેમ કરીને છુપાવી દીધો હતો અને તેને પરીક્ષા ખંડની અંદર લઈ જવામાં સફળ રહ્યો હતો. જોકે, પરીક્ષા દરમિયાન તે બાથરૂમ જવા માટે બહાર નીકળ્યો ત્યારે સુપરવાઈઝરને તેની હરકતો શંકાસ્પદ લાગી હતી. આથી સુપરવાઈઝર તેની પાછળ ગયા હતા અને તપાસ કરતા રાહુલ પાસેથી પ્રતિબંધિત મોબાઈલ ફોન મળી આવ્યો હતો, જેના આધારે તેની તાત્કાલિક અટકાયત કરી લેવામાં આવી હતી.

આ ગંભીર બનાવ અંગે પોલીસ દ્વારા 'ધ ગુજરાત પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એક્ટ' હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પરીક્ષા કેન્દ્રમાં કોઈપણ પ્રકારનું પ્રતિબંધિત ઈલેક્ટ્રોનિક ગેજેટ લઈ જવું એ કાયદેસરનો ગુનો ગણાતો હોવાથી આરોપી સામે કડક કાનૂની કાર્યવાહી શરૂ કરી દેવાઈ છે. ■

# ભાવનગરમાં ગરમીનો કેર, મહત્તમ તાપમાન ૪૧.૪ ડિગ્રીએ પહોંચ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લામાં ઓણ સાલની ગરમીએ જૂના રેકોર્ડ તોડ્યા છે. ચોમાસું માથે હોવા છતાં પણ કાળઝાળ ગરમીમાં કોઈ રાહત મળી રહી નથી. જેના કારણે નાગરિકોને અધિક માસમાં ચૈત્ર-વૈશાખનો તાપ સહન કરવો પડી રહ્યો હતો.

ભાવનગર શહેરમાં પણ વાદળોની અવરજવર વચ્ચે પણ આભમાંથી આકરો તાપ વરસી રહ્યો છે. છેલ્લા બે દિવસથી મહત્તમ તાપમાન અર્ધો ડિગ્રી ઊંચકાઈને ૪૧.૪ ડિગ્રીએ પહોંચી જતાં રાજ્યમાં શનિવાર અને રવિવારે સર્વાધિક ગરમી ભાવનગરમાં નોંધાઈ હતી. અંગ દઝાડતા તાપની સાથે ૨૦ કિ.મી.ની ઝડપે ગરમ પવન ફૂંકાતા મુશ્કેલીમાં વધારો થયો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે, સામાન્ય રીતે જૂન માસમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીની નીચે રહેતો હોય છે. પરંતુ આ વર્ષે ઉનાળો આકરો હોય, પાછલા સાત દિવસમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીની ઉપર જ રહ્યું છે અને ઉનાળા જેવો અનુભવ થઈ રહ્યો છે.

સમગ્ર ગુજરાત રાજ્યમાં સૌથી વધુ તાપમાન છેલ્લા બે દિવસથી ભાવનગરમાં નોંધાઈ રહ્યું છે. આમ ચોમાસાના વિલંબ વચ્ચે ભાવનગરમાં તાપનો પ્રકોપ વધ્યો છે. સોમવારે પણ ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૪૦.૯ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુતમ તાપમાન ૨૮.૩ ડિગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૩૩ ટકા રહ્યું હતું. જ્યારે પવનની ઝડપ ૨૦ કિ.મી .પ્રતિ કલાકની રહી હતી. ■

# ભાવનગર-સાબરમતી ઈન્ટરસિટી ટ્રેન ગાંધીગ્રામ સુધી જ દોડશે, સાબરમતી રૂટ ૬ મહિના બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેર અને અમદાવાદ વચ્ચે મુસાફરી કરતા રેલવે મુસાફરો માટે એક મહત્ત્વના સમાચાર બહાર આવ્યા હતા. સાબરમતી રેલવે સ્ટેશન પર ચાલુ નિર્માણ કાર્ય તથા બ્લોકના કારણે પશ્ચિમ રેલવે પ્રશાસન દ્વારા ભાવનગર-સાબરમતી ઇન્ટરસિટી એક્સપ્રેસના સંચાલનમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો હતો. આ ટ્રેન આજથી ૬ મહિના સુધી સાબરમતી સ્ટેશન સુધી નહીં જઈ શકે અને તેને આંશિક રીતે રદ રાખવાનો નિર્ણય કરાયો હતો.

રેલવે પ્રશાસન દ્વારા બહાર પાડવામાં આવેલી યાદી અનુસાર, ટ્રેન નંબર ૨૦૯૬૬/૨૦૯૬૫ ભાવનગર-સાબરમતી-ભાવનગર ઇન્ટરસિટી એક્સપ્રેસ તારીખ ૧૬.૦૬.૨૦૨૬ થી ૧૫.૧૨.૨૦૨૬ દરમિયાન ગાંધીગ્રામ અને સાબરમતી સ્ટેશનો વચ્ચે આંશિક રીતે રદ રહેશે. આ છ મહિનાના સમયગાળા દરમિયાન આ ટ્રેનનું સંચાલન માત્ર ભાવનગરથી ગાંધીગ્રામ અને વળતી દિશામાં ગાંધીગ્રામથી ભાવનગર વચ્ચે જ કરવામાં આવશે. જ્યારે ગાંધીગ્રામ-સાબરમતી-ગાંધીગ્રામ સેક્શન વચ્ચે ટ્રેનની અવરજવર તદ્દન સ્થગિત રહેશે.

સાબરમતી સ્ટેશન પર ચાલી રહેલા રેલવે નિર્માણ કાર્યના કારણે રેલવે દ્વારા લેવાયો બ્લોક; કાલે ૧૬ જૂનથી જ ફેરફાર લાગુ થશે. આ ફેરફારના કારણે સાબરમતી સ્ટેશનથી મુસાફરી કરનારા પ્રવાસીઓએ ગાંધીગ્રામ સ્ટેશન સુધી પહોંચવું પડશે. રેલવે પ્રશાસન દ્વારા મુસાફરોને વિનંતી કરવામાં આવી છે કે, ઘરની બહાર નીકળતા પહેલા અથવા મુસાફરી શરૂ કરતા પહેલા પોતાની ટ્રેનની અદ્યતન સ્થિતિ અંગેની પૂરેપૂરી માહિતી મેળવી લેવી. આ માટે મુસાફરો રેલવેની સત્તાવાર વેબસાઇટ રેલવે હેલ્પલાઇન નંબર ૧૩૯ અથવા તો નજીકના રેલવે સ્ટેશનના પૂછપરછ કાઉન્ટર પરથી ચોક્કસ વિગતો જાણી શકશે. સાબરમતી રેલવે સ્ટેશનના આધુનિકીકરણ અને નિર્માણ કાર્યના લીધે મુસાફરોને પડનારી અસુવિધા બદલ રેલવે પ્રશાસને ખેદ વ્યક્ત કર્યો હતો અને મુસાફરો પાસે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી. ■

# ભાવનગરના પાલિતાણામાં જૂથ અથડામણ: મુસ્લિમ યુવાનની છરીના ઘા ઝીંકી કરપીણ હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના પાલીતાણા શહેરમાંથી સરાજાહેર હત્યાનો બનાવ બનતા અરેરાટી વ્યાપી ગઈ હતી. પાલીતાણાના વ્યસ્ત એવા શેત્રુંજી ગેટ વિસ્તારમાં એક જ જ્ઞાતિના બે જૂથો વચ્ચે કોઈ સામાન્ય અને ક્ષુલ્લક બાબતે શરૂ થયેલી બોલાચાલીએ જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ લોહિયાળ સંઘર્ષમાં તીક્ષ્ણ હથિયારો વડે થયેલા હુમલામાં એક ૨૫ વર્ષીય મુસ્લિમ યુવાનની કરપીણ હત્યા કરવામાં આવી હતી, જ્યારે અન્ય એક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં ચકચાર મચી ગઈ હતી.

આ બનાવ અંગે મળતી માહિતી અનુસાર, રાત્રે શેત્રુંજી ગેટ પાસે એક જ કોમના બે જૂથના યુવકો એકઠા થયા હતા. કોઈ જૂની અદાવત કે તત્કાલીન સામાન્ય બાબતને લઈને બંને પક્ષો વચ્ચે બોલાચાલી અને 'તુતુ-મેમે' શરૂ થઈ હતી. જો કે, ક્ષણિક આવેશમાં મામલો એટલો બિચક્યો કે બંને પક્ષના લોકો લાકડીઓ અને તીક્ષ્ણ હથિયારો સાથે સામસામે આવી ગયા હતા અને સરાજાહેર અંધાધૂંધ મારામારી શરૂ થઈ ગઈ હતી.

આ જૂથ અથડામણની અંધાધૂંધી વચ્ચે સામા પક્ષના હિંસક બનેલા શખ્સોએ ત્યાં હાજર સાજીદ મહેતર નામના યુવકને ટાર્ગેટ બનાવ્યો હતો. હુમલાખોરોએ સાજીદ પર તૂટી પડીને છરી જેવા તીક્ષ્ણ હથિયાર વડે શરીરના ભાગે આડેધડ અનેક ઘા ઝીંકી દીધા હતા. છરીના ઊંડા ઘા વાગવાને કારણે સાજીદ લોહીલુહાણ હાલતમાં ઘટનાસ્થળે જ ઢળી પડ્યો હતો. જ્યારે તેની સાથે રહેલા અન્ય એક યુવકને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી. વાતાવરણ તંગ બનતા જ હુમલાખોરો ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા.

ગંભીર રીતે ઘવાયેલા સાજીદને આસપાસના સ્થાનિક રહીશો અને મિત્રો દ્વારા તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં જ પાલિતાણાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં પ્રાથમિક સારવાર બાદ તેની ગંભીર સ્થિતિને જોતા વધુ સારવાર અર્થે ભાવનગર રીફર કરાયો હતો. પરંતુ શરીરના મહત્ત્વના અંગો પર ગંભીર ઈજાઓ થવાના કારણે અને અતિશય લોહી વહી જવાને લીધે ટૂંકી સારવાર દરમિયાન જ સાજીદ મહેતરે દમ તોડ્યો હતો, જેથી તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. જ્યારે અન્ય ઈજાગ્રસ્ત યુવકની સારવાર હાલ ચાલુ હોવાનું જાણવા મળ્યું છે.

પવિત્ર નગરી પાલિતાણામાં સરાજાહેર થયેલા આ ખૂની ખેલને પગલે સમગ્ર પંથકમાં ભય અને અરેરાટી સાથે ભારે તંગદિલી વ્યાપી ગઈ છે. ઘટનાની ગંભીરતાને જોતા પાલિતાણા ટાઉન પોલીસ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓનો મોટો કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલે દોડી ગયો હતો. શહેરમાં શાંતિ ભંગ ન થાય અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે શેત્રુંજી ગેટ સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધી, મૃતકના શબને પીએમ અર્થે મોકલી આપ્યો હતો અને ફરાર થઈ ગયેલા હુમલાખોરોને ઝડપી પાડવા અલગ-અલગ ટીમો બનાવીને ચક્રો ગતિમાન કર્યા છે. ■

# ગળપાદરમાં પૂર્વ કચ્છ એલસીબીનો દરોડો: ₹ ૭.૭૬ લાખનો વિદેશી દારૂ અને કાર ઝડપાઈ, ચાલક ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છ જિલ્લામાં દારૂ જુગાર અને નશીલા પદાર્થોની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવા માટે ચલાવવામાં આવી રહેલી વિશેષ ઝુંબેશ અંતર્ગત પૂર્વ કચ્છ સ્થાનિક ગુનાશોધક શાખાએ ગળપાદર વિસ્તારમાં સફળ દરોડો પાડીને કુલ રૂ.૭.૭૬ લાખથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડીયા તેમજ પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમાર દ્વારા પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ અટકાવવા અપાયેલી કડક સૂચના અન્વયે પોલીસની ટીમ ગાંધીધામ પંથકમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન બાતમીના આધારે ગળપાદર ગામની ગુરુકૃપા સોસાયટી પાછળ એક શંકાસ્પદ સુઝુકી સિયાઝ કારની હિલચાલ નજરે પડતાં પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસની હાજરીનો અણસાર આવી જતાં કારચાલક વાહન સ્થળ પર જ મૂકીને અંધારાનો લાભ લઈ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

ત્યારબાદ પોલીસે ત્યજી દેવાયેલી કારની ઘનિષ્ઠ તલાશી લેતાં તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૭૫૦ મિલીની કુલ ૨૫૧ નંગ સીલબંધ બોટલો મળી આવી હતી, જેની અંદાજિત કિંમત રૂ.૩,૭૬,૨૪૯ આંકવામાં આવી છે. પોલીસે આ વિદેશી દારૂના જથ્થા સહિત ગુનામાં વપરાયેલી રૂ. ૪ લાખની કિંમતની કાર કબજે કરી કુલ રૂ.૭,૭૬,૨૪૯ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ મામલે ગાંધીધામ પોલીસે ફરાર અજાણ્યા કારચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, તેમજ નાસી છૂટેલા આરોપીની અટકાયત કરવા માટે તપાસ શરૂ કરી છે. ■

# ભાવનગરના તળાજા પંથકમાં વરસાદ પહેલા જ ખેડૂતોએ વાવણી કરી: મગફળીનું વાવેતર ૬૦ ટકા રહેવાનો અંદાજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: સરકારી ચોપડે ૧૫ જૂન સત્તાવાર ચોમાસુ બેસે છે. જો કે ખેડૂતો માટે ભીમ અગિયારની વાવણી શુકનવંતી માનવામાં આવે છે. આ વખતે અધિક જેઠ માસ હોય ભીમ અગિયારસને હજુ ૧૧ દિવસની વાર છે. તેમ છતાં તળાજાના ખેડૂતોએ વીસ દિવસ પહેલાથી ખેતર ખેડી, કોરવાણ કરીને કુદરત વરસાદ વરસાવશે તેવો ભરોસો રાખીને વાવણી કરી દીધી છે જ્યાં પિયત થઈ શકે તેટલું પાણી હોય તે ખેડૂતોએ વાવણીલાયક વરસાદની રાહ જોઈ નથી.

કેટલાંક ગામો તો એવા છે કે એ ગામની કુલ જમીન પૈકીની ૪૦% જમીનમા વાવેતર કરી દીધું છે. આ વખતે પણ કપાસ કરતા મગફળીનું વાવેતર વધુ થયું છે. ૬૦% જેટલું મગફળીનું વાવેતર રહેવાનું અનુમાન છે.

જોકે આ વખતે ભૂતકાળમાં કદી ન થયું હોય તેવું બમ્પર વાવેતર શેરડીનું થયું છે. તળાજા પંથકમાં શેરડીની ૫૫૫ જાત થતી હતી જે ખાસ રસ માટેની જાત છે. બજારમા અન્ય શેરડી કરતા તેનો ભાવ ઊંચો આવે છે. ■

# ભચાઉ પંથકમાં ૨.૯ ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો: વાગડ ફોલ્ટ લાઇન ફરી સક્રિય થતાં લોકોમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભૂકંપ ઝોન છમાં સમાવાયેલા કચ્છમાં કાળઝાળ ગરમી અને અસહ્ય ઉકળાટ વચ્ચે ફરી એકવાર ધરા ધ્રૂજી ઊઠી હતી. સંવેદનશીલ ગણાતી વાગડ ફોલ્ટ લાઇન ફરી સક્રિય થતાં ભચાઉ અને તેની આસપાસના વિસ્તારોમાં ડરામણા અવાજ સાથે ધરતીકંપનો આંચકો અનુભવાયો હતો, જેને પગલે સ્થાનિક લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

ગાંધીનગર સ્થિત ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચના પ્રવક્તાના જણાવ્યા મુજબ, સોમવારે વહેલી સવારે ૮ વાગીને ૩૨ મિનિટે ભચાઉ પંથકમાં આ ભૂકંપનો આંચકો નોંધાયો હતો. રિક્ટર સ્કેલ પર આ આંચકાની તીવ્રતા ૨.૯ ની માપવામાં આવી હતી. ભૂકંપવિજ્ઞાન કેન્દ્રના જણાવ્યા અનુસાર, આ ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉથી આશરે ૨૫ કિલોમીટર દૂર આવેલા કકરવા ગામ નજીક જમીનમાં નોંધાયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, વાગડ ફોલ્ટ લાઇન ભૂગર્ભીય હલચલ માટે જાણીતી છે અને આ પટ્ટા પર અવારનવાર નાના-મોટા આંચકાઓ આવતા રહે છે. ઉનાળાની આકરી ગરમી વચ્ચે સવારના સમયે જ અચાનક ધરતી ધ્રૂજતાં લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ■

# કચ્છમાં અસહ્ય ઉકળાટ યથાવત્ : આગામી એક સપ્તાહ વરસાદની કોઈ શક્યતા નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લામાં ચોમાસાના આગમનની આતુરતાપૂર્વક જોવાતી વાટ વચ્ચે હવામાનમાં સતત પલટો આવી રહ્યો છે. સવારથી જ જિલ્લાના મોટા ભાગના વિસ્તારોમાં ધૂપ-છાંવનો માહોલ જોવા મળ્યો હતો. આકાશમાં વાદળો અને તડકાની સંતાકુકડી વચ્ચે પણ ગરમી અને અસહ્ય ઉકળાટનું જોર યથાવત્ રહ્યું હતું, જેના કારણે જિલ્લાવાસીઓ આકુળવ્યાકુળ બન્યા હતા.

સ્થાનિક હવામાન કચેરીના નોંધાયેલા આંકડા મુજબ, ભુજ, કંડલા (એરપોર્ટ), કંડલા પોર્ટ અને નલિયા પંથકમાં મહત્તમ તાપમાન ૩૫ થી ૩૮ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે નોંધાયું હતું, જ્યારે લઘુતમ તાપમાન ૨૭ થી ૨૯ ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહ્યું હતું. આ ઉપરાંત, જિલ્લામાં સરેરાશ ૧૫ થી ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. બપોરના સમયે તીવ્ર પવનના કારણે ધૂળની ડમરીઓ ઊડવાની સાથે ગરમ લૂનો પ્રભાવ પણ જોવા મળ્યો હતો, જેને પગલે જનજીવન પ્રભાવિત થયું હતું.

બીજી તરફ, ભારતીય હવામાન વિભાગ દ્વારા આગામી એક સપ્તાહ માટે જાહેર કરવામાં આવેલા વરતારા મુજબ કચ્છ જિલ્લામાં ભારે વરસાદ વરસવાની કોઈ શક્યતા દર્શાવવામાં આવી નથી. જોકે, આજે સવારથી જ આકાશમાં જોવા મળેલી વાદળોની આવન-જાવનને પગલે આગામી દિવસોમાં પ્રિ-મોન્સૂન વરસાદી ગતિવિધિઓ વેગ પકડે તેવી આશા સ્થાનિક સ્તરે પ્રબળ બની છે. ■

# ગાંધીધામમાં પાલિકાની લાપરવાહીનો ભોગ બન્યા આધેડ: ખુલ્લા ગટરના નાળામાં પડી જતાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગાંધીધામ શહેર અને સંકુલ વિસ્તારમાં મહાનગરપાલિકા દ્વારા ઠેર-ઠેર કરાયેલા ખોદકામ અને અધૂરી કામગીરી નાગરિકો માટે જીવલેણ સાબિત થઈ રહી છે. ગત રોજ સવારે શક્તિનગર પાસે સર્વિસ રોડ નજીક ખુલ્લા ગટરના નાળામાં પડી જવાથી એક ૪૭ વર્ષીય આધેડનું મોત નીપજ્યું હતું. જ્યારે અંજારના વરસાણા પંથકમાં ૨૯ વર્ષીય શ્રમિક યુવકે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પોલીસે બંને મામલે તપાસ શરૂ કરી છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, ગાંધીધામ સંકુલમાં પાલિકા દ્વારા માર્ગો, પેવરબ્લોક અને વરસાદી નાળા સફાઈ તેમજ નિર્માણની અનેક કામગીરીઓ અડધી મૂકી દેવામાં આવી છે. આ વહીવટી લાપરવાહી વચ્ચે સવારે ૧૦ વાગ્યા પૂર્વે સેક્ટર-૭માં રહેતા જુસબ જાકુબ બાપડા (ઉ.વ.૪૭) નામના આધેડ શક્તિનગર કટ પાસે સર્વિસ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન તેઓ અચાનક ખુલ્લા ગટરના ઊંડા નાળામાં ખાબક્યા હતા. નાળામાં પડવાના કારણે તેમને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં જુસબભાઈનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે અરેરાટી વ્યાપી ગઈ છે અને પાલિકા સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ■